# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 12-06-2026 I VOL : 12 I Issue : 87 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

શીખવાનું ક્યારેય બંધ ન કરો. મૌન ઘણી વખત શ્રેષ્ઠ જવાબ હોય છે.


3  સુરતમાં હજારો લોકોને રસ્તા પર લાવી દેનાર 'ભૂતિયા બુલડોઝર' કોનું હતું?

4  ઈરાન સામે ફરી યુદ્ધ: ઈઝરાયેલના હાથના કર્યા USને હૈયે વાગ્યા


6  "દરેક જગ્યાએ અમારો ભાવ નક્કી કરે છે", 370 બિરયાની વિવાદ પર ભડકી દિશા...

7  સૌથી મોટો વુમન્સ T-20 વર્લ્ડકપ આજથી, પહેલી વાર 12 ટીમ સામેલ




## એક નજર...

### મેઘા શુક્લાએ પિંક બિકીનીમાં કેમેરા સામે ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર



અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને અવારનવાર તેની કિલર તસવીરો શેર કરીને ચાહકોને દિવાના બનાવે છે. હાલમાં જ, મેઘા શુક્લાએ બોલ્ડ પોઝ આપતી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેણે ઈન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. મેઘા શુક્લા અવારનવાર આવા બોલ્ડ ફોટોશૂટ કરાવતી રહે છે, જે તેની બોલ્ડનેસને દર્શાવે છે.

### ખાર્ગ ટાપુ પર કબજો કરવાનું લક્ષ્ય

# આજે રાત્રે જ ઈરાન પર સૌથી મોટો હુમલો કરીશ: ટ્રમ્પ

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો સંઘર્ષ હવે તેના સૌથી ખતરનાક અને વિનાશક તબક્કામાં પહોંચી ગયો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જાહેરાત કરી છે કે યુનાઈટેડ સ્ટેટ્સ આજે રાત્રે જ ઈરાન પર અત્યાર સુધીનો સૌથી મોટો સૈન્ય હુમલો કરવા જઈ રહ્યું છે. ટ્રમ્પના આ નિવેદનથી વૈશ્વિક સ્તરે ખળભળાટ મચી ગયો છે અને કાચા તેલના બજારમાં પણ ભારે અફરાતફરી મચી ગઈ છે. આજે રાત્રે મોટો હુમલો કરીશું: ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'Truth Social' પર ઈરાનને ચેતવણી આપતા સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે ઈરાનની સૈન્ય ક્ષમતાઓને અમેરિકાએ પહેલેથી જ પાયમાલ કરી દીધી છે. તેમણે કહ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સ આજે રાત્રે ઈરાન પર ખૂબ જ મોટો હુમલો કરવા જઈ રહ્યું છે. ઈરાનની નૌસેના, વાયુસેના, રડાર, એન્ટી એરક્રાફ્ટ ગન અને સંરક્ષણના તમામ અન્ય સ્વરૂપો, તેમની મોટાભાગની આક્રમક ક્ષમતાઓ પાયમાલ થઈ છે.



ટ્રમ્પની નજર માત્ર સૈન્ય હુમલા પર જ નથી, પરંતુ તેઓ ઈરાનની આર્થિક કમર તોડી નાખવા માંગે છે. ટ્રમ્પે જાહેરાત કરી છે કે ભવિષ્યમાં અમેરિકા ઈરાનના મુખ્ય તેલ અને ગેસ સંસાધનો પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લેશે, જેમાં સૌથી મહત્વનો વ્યૂહાત્મક ટાપુ 'ખાર્ગ આઈલેન્ડ' છે. ખાર્ગ ટાપુ એ ઈરાનના તેલ વેપારની કરોડરજ્જુ છે. અહીંથી દરરોજ આશરે 20 લાખ બેરલ ક્રૂડ ઓઈલની નિકાસ થાય છે, જેમાંથી મોટાભાગનો હિસ્સો ચીન જાય છે. ટ્રમ્પે જણાવ્યું કે, અમે આ ઓઈલ માર્કેટ પર તે જ રીતે નિયંત્રણ મેળવીશું જેમ અમે વેનેઝુએલામાં કર્યું છે, જે અમેરિકા અને વેનેઝુએલા બંને માટે શાનદાર કામ કરી રહ્યું છે.

અમેરિકાના આક્રમણ સામે ઈરાનની 'ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ'એ પણ પીછેહઠ કરવાનો ઈનકાર કર્યો છે. ઈરાને ખાડી ક્ષેત્રમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર જોરદાર જવાબી હુમલો કર્યો છે. ઈરાને દાવો કર્યો છે કે તેમણે અમેરિકાના 18 સૈન્ય લક્ષ્યો પર મિસાઈલમારો કર્યો છે.

# કેરળમાં નિપાહ વાયરસનો પ્રથમ કેસ, હાઈ એલર્ટ જાહેર

કોલકાતા

આ વર્ષે કેરળમાં નિપાહ વાયરસનો પહેલો કેસ મળી આવ્યો છે. આ માહિતી ગુરુવારે પ્રકાશમાં આવી. દર્દી 43 વર્ષીય કોઝિકોડનો રહેવાસી છે. તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ રાજ્ય સરકારે સમગ્ર રાજ્યમાં હાઈ એલર્ટ જારી કર્યું છે. દર્દીને સામાન્ય તાવ આવતા તેને પહેલા પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં તેને કોઝિકોડ મેડિકલ કોલેજ મોકલવામાં આવ્યો. તેની હાલત ગંભીર છે અને તે વેન્ટિલેટર પર છે. આરોગ્ય મંત્રી કે. મુરલીધરને જણાવ્યું કે દર્દી મોટી સંખ્યામાં લોકોના સંપર્કમાં આવ્યો હતો. હોસ્પિટલના સ્ટાફ અને અન્ય સંભવિત સંપર્કોને ક્વોરન્ટાઈન રહેવા માટે કહેવામાં આવ્યું છે. હાલ પૂરતું ગભરાવાની જરૂર નથી. કેરળમાં આ વર્ષે નિપાહ વાયરસનો આ પહેલો કેસ છે. 2018 પછી રાજ્યમાં 6ઠ્ઠી વખત સંક્રમણ ફેલાયું છે. છેલ્લી વખત બે વર્ષ પહેલા 2024માં બે કેસ મળ્યા હતા. જેમાં એકનું મૃત્યુ થયું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, દર્દીએ હાલમાં એક ગોડાઉન ભાડે લીધું હતું અને તેની જાતે સફાઈ કરી હતી. આશંકા છે કે આ દરમિયાન તે સંક્રમણની ઝપેટમાં આવ્યો હતો. નિપાહ વાયરસ મુખ્યત્વે ફ્રુટ બેટ (ફળ ખાનારા ચામાચીડિયા) દ્વારા ફેલાય છે. WHO અનુસાર, વર્ષ 1998માં મલેશિયાના સુંગાઈ નિપાહ ગામમાં પ્રથમ વખત નિપાહ વાયરસની શોધ થઈ હતી. આ જ ગામના નામ પરથી તેનું નામ નિપાહ પડ્યું. સામાન્ય રીતે આ વાયરસ ચામાચીડિયા અને ભૂંડથી ફેલાય છે. જો આ વાયરસથી સંક્રમિત ચામાચીડિયું કોઈ ફળ ખાય છે અને તે જ ફળ કે શાકભાજી કોઈ મનુષ્ય કે પ્રાણી ખાય છે તો તે પણ સંક્રમિત થઈ જાય છે.

# રાજ્યસભા ચૂંટણી: 26 બેઠકોમાંથી 14 પર બિનહરીફ ઉમેદવારો જીત્યા

## ભાજપમાંથી 10, કોંગ્રેસમાંથી 4 ચૂંટાયા; જીતનારાઓમાં મલ્લિકાર્જુન ખડગે અને પવન ખેડા સામેલ

નવી દિલ્હી

14 ઉમેદવારો ગુરુવારે રાજ્યસભાની ચૂંટણી બિનહરીફ જીતી ગયા. તેમની સામે અન્ય કોઈ ઉમેદવાર ઊભો નહોતો. તેમાંથી 10 ભાજપના અને



4 કોંગ્રેસના છે. ચૂંટણી જીતનારાઓમાં કર્ણાટકથી કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને મીડિયા તથા પ્રચાર પ્રમુખ પવન ખેડાના નામનો સમાવેશ થાય છે. જ્યારે, રાજસ્થાનથી ભાજપના સતીશ પૂનિયા, અલકા ગુર્જર અને કોંગ્રેસના નીરજ ડાંગી રાજ્યસભા માટે બિનહરીફ ચૂંટાયા છે. આ ઉપરાંત ગુજરાતમાંથી ભાજપના તમામ ચાર રાજ્યસભા ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે, મધ્ય પ્રદેશથી ભાજપના રજનીશ અગ્રવાલ, તરુણ ચુઘ અને મહેશ કેવટની જીત થઈ છે. જોકે, આ પહેલા સુપ્રીમ કોર્ટે કોંગ્રેસના ઉમેદવાર મીનાક્ષી નટરાજનનું નામાંકન રદ થવા સામે પક્ષની અરજી પર સુનાવણી શુક્રવાર સુધી મુલતવી રાખી હતી. ખરેખરમાં, ત્રીજી બેઠક માટે કોંગ્રેસે મીનાક્ષી નટરાજનને ઉમેદવાર બનાવ્યા હતા. કોંગ્રેસ પાસે સંખ્યાબળ પણ હતું, પરંતુ 9 જૂને નટરાજનનું નામાંકન ફોર્મ રદ કરી દેવામાં આવ્યું હતું. આંધ્રપ્રદેશની 4, ઝારખંડની 2 અને મણિપુર, મેઘાલય, અરુણાચલ, મિઝોરમ, મહારાષ્ટ્ર અને તમિલનાડુની એક-એક બેઠક પર 18 જૂને મતદાન થશે. અહીં કોંગ્રેસને એક, ભાજપને 8, JMMને બે અને TVKને એક બેઠક પર જીત મળી શકે છે. 245 સભ્યોવાળી રાજ્યસભામાં NDA પાસે હાલ 147 સાંસદો 245 સભ્યોવાળી રાજ્યસભામાં NDA પાસે હાલ 147 સાંસદો છે, જ્યારે વિપક્ષ પાસે 67 અને બિન-ગઠબંધનવાળા પ્રાદેશિક પક્ષો પાસે 28 સાંસદો છે. હવે રાજ્યવાર જાણો NDA અને વિપક્ષને કેટલો ફાયદો-નુકસાન મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં પેટાચૂંટણી, NDAની એક બેઠક ઓછી થશે: મહારાષ્ટ્રમાં NCPના સુનેત્રા પવાર અને તમિલનાડુમાં AIADMKના સીવી ષણમુગમના રાજીનામાથી ખાલી પડેલી બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. મહારાષ્ટ્રની બેઠક NDAના ખાતામાં આવી શકે છે. જ્યારે તમિલનાડુની AIADMKની બેઠક સત્તાધારી પક્ષ TVKને મળી શકે છે. TVKને કોંગ્રેસનું સમર્થન છે. આંધ્ર પ્રદેશમાં 4 બેઠકો, ચારેય NDAને: આંધ્ર પ્રદેશમાં ત્રણ બેઠકો YSRCP પાસે છે, એક TDP પાસે છે. હવે NDA ચારેય બેઠકો જીતી શકે છે.

## NEWS TRACK

### ભારતીય ક્રૂ મેમ્બર્સ ધરાવતા જહાજ પર અમેરિકાના હુમલા બાદ ભારત લાલઘૂમ


મિડલ ઈસ્ટ અને ઈરાન સંઘર્ષની વચ્ચે વૈશ્વિક સુરક્ષા માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતે વેપારી જહાજો પર થઈ રહેલા હુમલાઓ સામે પોતાનો આકરો વિરોધ નોંધાવ્યો છે. ભારતના કાયમી પ્રતિનિધિ હરીશ પર્વતનેનીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, ભારત આવી હિંસક ઘટનાઓને ક્યારેય સ્વીકારશે નહીં. 'સેટેબેલો' નામના જહાજ પર અમેરિકાનો હુમલો જેના પર ભારતીય ક્રૂ મેમ્બર્સ સવાર હતા છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલા આ સંઘર્ષમાં કેટલાક ભારતીયોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને કેટલાક ગુમ છે. તાજેતરમાં ઓમાનના કિનારે અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલામાં 'સેટેબેલો' નામના કોમર્શિયલ ટેન્કરને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેમાં 24 ભારતીય ક્રૂ મેમ્બર્સ સવાર હતા. આ ઘટના બાદ ભારતે નવી દિલ્હીમાં અમેરિકાના ચાર્જ ડી'અફેયર્સ જેસન મીક્સને બોલાવી સખત વિરોધ નોંધાવ્યો છે.

### ટ્રમ્પના જમાઈ વિરુદ્ધ આલ્બેનિયામાં પ્રચંડ દેખાવ, હજારો લોકો માર્ગો પર ઉતર્યા

આલ્બેનિયામાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનરના મહત્ત્વાકાંક્ષી લક્ઝરી રિસોર્ટ પ્રોજેક્ટને લઈને પ્રચંડ વિરોધ સતત વધી રહ્યો છે. બુધવારે રાજધાની તિરાનામાં હજારો લોકોએ રસ્તા પર ઉતરી આવીને અત્યાર સુધીનું સૌથી મોટું પ્રદર્શન કર્યું. પ્રદર્શનકારીઓ આ પ્રોજેક્ટને પર્યાવરણ અને દેશના હિતોની વિરુદ્ધ ગણાવી રહ્યા છે. આશરે 5 અબજ યુરોના ખર્ચ ધરાવતા આ પ્રોજેક્ટનું નિર્માણ ઝવેર્નેક (Zvernec) વિસ્તારની નજીક પ્રસ્તાવિત છે. આ વિસ્તાર એક સંરક્ષિત વેટલૅન્ડની નજીક સ્થિત છે, જ્યાં ફ્લેમિંગો, સીલ અને દરિયાઈ કાચબા જેવી અનેક દુર્લભ પ્રજાતિઓ જોવા મળે છે. પર્યાવરણ કાર્યકર્તાઓનું કહેવું છે કે આટલા મોટા પ્રવાસન પ્રોજેક્ટના કારણે આ સંવેદનશીલ ઈકોસિસ્ટમને ગંભીર નુકસાન પહોંચી શકે છે. તિરાનાના રસ્તાઓ પર ઉતરેલા પ્રદર્શનકારીઓએ 'આલ્બેનિયા ઈઝ નોટ ફોર સેલ' અને 'ન્યૂઝ અલ્બેનિયા' જેવા સૂત્રોચ્ચારો કર્યા હતા. પ્રદર્શનકારીઓની ભીડ વડાપ્રધાન એદી રામાની ઑફિસ બહાર એકઠી થઈ હતી અને શહેરના મુખ્ય બુલેવાર્ડપર લગભગ અડધા માઈલ સુધી ફેલાયેલી હતી.

# ‘રાજદીપસિંહ નકુમે સોપારી લીધી હતી?’ : સાયકલવાલાએ કહ્યું- જનરલ ડાયરની ભૂમિકા ભજવી

‘રાજદીપસિંહ નકુમે સોપારી લીધી હતી?’





# ડિમોલિશનના ‘ભૂત’થી પીછો છોડાવવા DCPના હવાતિયા!

સુરત, પાક્કો ગુજરાત સ્પેશિયલ અહેવાલ:

સુરતના નાસીરનગરમાં ગત ૨૯ અને ૩૦ મેના રોજ જે ખેલ ખેલાયો, તેણે આખા રાજ્યના વહીવટી તંત્રને હચમચાવી મૂક્યું છે. ધોમધખતા ઉનાળામાં ભારે પોલીસ બંદોબસ્ત સાથે ગરીબોની ઝૂંપડપટ્ટી પર બુલડોઝર ફેરવી દેવાયું. કાયદો અને વ્યવસ્થાના રખેવાળ હોવાનો દાવો કરતી સુરત પોલીસના આ કારનામા બાદ હવે જે ખુલાસા થઈ રહ્યા છે, તે ચોંકાવનારા છે.

સૌથી મોટો સવાલ એ ઉભો થયો છે કે: શું આ ડિમોલિશન માટે ડીસીપી રાજદીપસિંહ નકુમે કોઈની સોપારી લીધી હતી? આ સવાલ અમે નથી પૂછી રહ્યા, પણ સુરતના સ્થાનિક રાજકારણ અને કાયદાના જાણકારોમાં આ ચર્ચાએ જોર પકડ્યું છે.

### સાયકલવાલાનો પ્રહાર: ‘જનરલ ડાયરની ભૂમિકા ભજવી’

આ સમગ્ર મામલે વિપક્ષ અને સામાજિક કાર્યકરો આક્રમક મૂડમાં છે. જાણીતા નેતા અસલમ સાયકલવાલાએ આ ઘટનાની સરખામણી જલિયાવાલા બાગના હત્યાકાંડ સાથે કરતા સીધો પ્રહાર કર્યો છે.

તેમણે ખુલ્લેઆમ આક્ષેપ કર્યો છે કે, આ ડિમોલિશન દરમિયાન જવાબદાર અધિકારીઓએ ક્રૂરતાની તમામ હદો પાર કરીને 'જનરલ ડાયર' જેવી ભૂમિકા ભજવી છે. કોઈ પણ આગોતરી નોટિસ વગર, ગરીબોનો સામાન રસ્તા પર ફેંકી દઈને આ આખી કામગીરી કોના ઈશારે કરવામાં આવી?

### કોર્પોરેશનનો મોટો ધડાકો: ‘અમે આવો કોઈ ઓર્ડર જ નથી આપ્યો!’

આ વિવાદમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC) ના કમિશનર અને ઉચ્ચ અધિકારીઓએ સત્તાવાર નિવેદન જાહેર કર્યું. પાલિકાએ સ્પષ્ટ શબ્દોમાં હાથ ઊંચા કરી દીધા છે કે: પાલિકા દ્વારા આવો કોઈ ડિમોલિશન ઓર્ડર આપવામાં જ આવ્યો નહોતો!

જો મહાનગરપાલિકાએ ડિમોલિશનનો ઓર્ડર નહોતો આપ્યો, તો પછી કોના આદેશ પર આટલો મોટો પોલીસ કાફલો ત્યાં પહોંચ્યો? કોના કહેવા પર ગરીબોના આશિયાના ઉજડી ગયા? શું સુરત પોલીસ હવે મ્યુનિસિપલ કોર્પોરેશનથી પણ ઉપર થઈ ગઈ છે?

### ભૂતથી પીછો છોડાવવા DCPના હવાતિયા!

પાલિકાના આ સત્તાવાર ખુલાસા બાદ પોલીસ વિભાગની આબરૂના લીરેલીરા ઊડી ગયા છે. કાયદાકીય સકંજામાં ફસાવાના ડરથી અને આ ગેરકાયદેસર ડિમોલિશનના 'ભૂત'થી પીછો છોડાવવા માટે DCP રાજદીપસિંહ નકુમ હવે હવાતિયા મારી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. પોતાની ચામડી બચાવવા માટે હવે કાગળિયાં સરખા કરવાના અને ઉચ્ચ સ્તરે સેટિંગ કરવાના ખેલ શરૂ થઈ ગયા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

### 'પાક્કો ગુજરાત' ના ધારદાર સવાલો જેનો જવાબ સુરત પોલીસે આપવો જ પડશે:

૧. જો મ્યુનિસિપલ કોર્પોરેશનનો કોઈ સત્તાવાર ઓર્ડર નહોતો, તો ૨૯ અને ૩૦ મેના રોજ પોલીસ પ્રોટેક્શન કયા કાયદા હેઠળ અપાયું?

૨. શું કોઈ ખાનગી બિલ્ડર કે ભૂમાફિયાના ફાયદા માટે ડીસીપી કક્ષાના અધિકારીએ આખી સરકારી મશીનરીનો દુરુપયોગ કર્યો?

૩. ગરીબોના ઘર તોડી પાડવા પાછળ થયેલા આર્થિક વ્યવહારોની ઉચ્ચ સ્તરીય તપાસ કેમ ન થવી જોઈએ?

આ મામલો હવે શાંત પડવાનો નથી. ગરીબોના આંસુ અને સત્તાનો આ નગ્ન નાચ ટૂંક સમયમાં ગાંધીનગર સુધી ગાજશે તે નક્કી છે. 'પાક્કો ગુજરાત' આ કૌભાંડના મૂળ સુધી પહોંચીને જ રહેશે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# દબાણખોરો અને લાપરવાહ અધિકારીઓ સામે લાલઆંખ : AMCની બેઠકમાં મ્યુનિ. કમિશનરનો પારો સાતમા આસમાને







- ઘાટલોડિયા અને અસારવામાં ગંદા પાણીનો ત્રાસ: જનતા પરેશાન અને તંત્ર ઊંઘતું ઝડપાયું
- 'પાણી-ડ્રેનેજ લાઈન પર દબાણ હોય તો નોટિસ આપી તોડી પાડો!'
- કમિશનરની ગર્જના: "બહાનાબાજી બંધ કરો, એક્શન મોડમાં આવો"

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ચોમાસાની શરૂઆત પહેલાં જ પ્રદૂષિત પાણી અને ડ્રેનેજ લાઈન ચોકઅપ થવાની વ્યાપક ફરિયાદોને પગલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની સમીક્ષા બેઠકમાં ભારે ગરમાગરમ માહોલ જોવા મળ્યો હતો. શહેરના ઘાટલોડિયા, અસારવા સહિતના અનેક વિસ્તારોમાંથી સતત મળી રહેલી ગંદા પાણીની ફરિયાદોને લઈને મ્યુનિસિપલ કમિશનર સ્ટાફ અને એન્જિનિયરિંગ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પર રીતસરના અકળાયા હતા. કમિશનરે લાપરવાહ અધિકારીઓનો ઉધડો લેતા સ્પષ્ટ અને કડક આદેશ આપ્યા છે કે, 'જો લાઈનો પર કોઈ પણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ નડતરરૂપ હોય, તો તાત્કાલિક નોટિસ આપીને બુલડોઝર ફેરવી દો!'

છેલ્લા કેટલાક દિવસોથી શહેરના પૂર્વ અને પશ્ચિમ બંને ઝોનમાં, ખાસ કરીને ઘાટલોડિયા અને અસારવા જેવા ગીચ વિસ્તારોમાં પીવાના પાણીની મુખ્ય લાઈનોમાં ગટરનું પ્રદૂષિત પાણી ભળવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. સ્થાનિક રહીશો નરકાગાર જેવી સ્થિતિનો સામનો કરી રહ્યા છે અને રોગચાળો ફાટી નીકળવાનો ભય સતાવી રહ્યો છે. આ ગંભીર મુદ્દે જ્યારે સમીક્ષા બેઠક યોજાઈ, ત્યારે અધિકારીઓ પાસે કોઈ સંતોષકારક જવાબ ન હોવાથી કમિશનરનો પારો સાતમા આસમાને પહોંચી ગયો હતો. બેઠકમાં હાજર સૂત્રોના જણાવ્યા અનુસાર, મ્યુનિસિપલ કમિશનરે એન્જિનિયરિંગ અને ટીપી (Town Planning) વિભાગના અધિકારીઓને રીતસરના ખખડાવી નાખ્યા હતા. તેમણે કડક લહેજામાં કહ્યું: 'જ્યાં સુધી લાઈનો સાફ નહીં થાય અને પ્રદૂષિત પાણીની સમસ્યા હલ નહીં થાય ત્યાં સુધી કોઈ બહાનાબાજી ચલાવી લેવાશે નહીં. જો કોઈ સોસાયટી, બિલ્ડર કે કોમર્શિયલ એકમે પાણી અથવા ડ્રેનેજની લાઈન પર ગેરકાયદે બાંધકામ કે દબાણ કર્યું હોય, જેના કારણે લાઈન ચોકઅપ થઈ છે અથવા લીકેજ શોધવામાં અવરોધ આવે છે, તો કાયદાકીય પ્રક્રિયા પૂરી કરી તાત્કાલિક નોટિસ ફટકારો અને તેને તોડી પાડો. જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા ગમે તેવા માથાભારે તત્વો હોય, AMCનું બુલડોઝર ચાલવું જ જોઈએ.' કમિશનરે આડકતરી રીતે એવા પણ સંકેત આપ્યા કે જે તે વિસ્તારના જવાબદાર આસિસ્ટન્ટ સિટી એન્જિનિયરો અને હેલ્થ ઓફિસરો માત્ર ઑફિસમાં બેસી રહેવાને બદલે ગ્રાઉન્ડ ઝીરો પર જઈને કામ કરે.

## વોર્ડ નંબર 4માં વૃક્ષારોપણના કાર્યક્રમમાં ફરી વિવાદ : હાલના કોર્પોરેટરે પૂર્વ કોર્પોરેટર સાથે ફોટા નહીં પડાવતા ચર્ચાનો વિષય

વડોદરા

વડોદરા ખાતે ન્યુ વીઆઈપી રોડ મુખી નગર સોસાયટી પાસે આજે યોજાયેલા વૃક્ષારોપણના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વોર્ડ નંબર 4ના કોર્પોરેટરે પૂર્વ કોર્પોરેટર સાથે ફોટા નહીં પડાવતા ફરી વિવાદ સર્જાયો હતો.

ન્યુ વીઆઈપી રોડ વૈકુંઠ સોસાયટી પાસે તાજેતરમાં યોજાયેલા કાર્યક્રમમાં પ્રભારી તરીકે ભાજપ પક્ષ તરફથી પૂર્વ મેયરને મોકલવામાં આવ્યા હતા તેઓને કયા સ્થળે પહોંચવાનું છે તે મુદ્દે હાલના કોર્પોરેટરને વોર્ડ પ્રમુખની ફરિયાદ કરતા વોર્ડ નંબર ચારના હાલના કોર્પોરેટર અને પૂર્વ કોર્પોરેટર વચ્ચે તું તું મે મે થઈ હતી. અને પૂર્વ મેયરનું અપમાન કર્યું હતું. વોર્ડ નંબર ચારમાં આજે પ્રધાનમંત્રીના સુશાસનને 12 વર્ષ પૂર્ણ થયા તેના માનમાં ન્યુ વીઆઈપી રોડ ખોડીયાર નગર પાસે આવેલા મુખીનગર સોસાયટી ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પૂર્વ ડેપ્યુટી મેયર નંદાબેન જોશી ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે હાલના કોર્પોરેટર અજિત દધીચ અને પૂર્વ કોર્પોરેટર વિનોદ ભરવાડ પણ ઉપસ્થિત હતા તે દરમિયાન ફરી એકવાર હાલના કોર્પોરેટર અજીત દધીચે પૂર્વ કોર્પોરેટર વિરુદ્ધ બોલવાનું શરૂ કરી ડેપ્યુટી મેયર નંદાબેન જોશીને રજૂઆત કરતા હતા કે જેણે અમને લોકોને હરાવવા માટેના પ્રયત્નો કર્યા છે તેવા સાથે અમે ફોટા પડાવીશું નહીં તેમની વાત સાંભળી ડેપ્યુટી મેયર પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા અને બે દિવસ પહેલા થયેલા વિવાદની પણ જાણકારી તેમને મળી હતી.

## ઉંડેરા વિસ્તારમાં જયશ્રી પાર્ટી પ્લોટમાં ગેરકાયદે ડ્રેનેજ કનેક્શનના મુદ્દે વિવાદ

વડોદરા

વડોદરા શહેરના છેવાડે આવેલા ઊંડેરા ગામના ફાર્મ હાઉસમાં ડ્રેનેજ લાઈન ગેરકાયદે નાખી હોવાના આક્ષેપો થતા પાલિકા તંત્ર દ્વારા ફાર્મ હાઉસ માલિકને નોટિસ ફટકારવા છતાં તાત્કાલિક ધોરણે ડ્રેનેજ લાઈનને સીલ નહિં મારવામાં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલનની ચીમકી સામાજિક કાર્યકરે આપી હતી.

ઊંડેરા ગામમાં અનેક પાર્ટી પ્લોટ આવેલા છે. આ તમામ પાર્ટી પ્લોટમાં કાયદેસર રીતે ડ્રેનેજ-પાણીના જોડાણો આપવામાં આવ્યા છે. પરંતુ ગામના જયશ્રી ફાર્મ હાઉસમાં તદ્દન ગેરકાયદે રીતે જેને જ લાઈનનું જોડાણ કરી દેવાયાના આક્ષેપો સામાજિક કાર્યકર સાબીર ચૌહાણે કર્યા હતા. આ અંગે તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો કોઈ ગરીબ વ્યક્તિ દ્વારા પાણી-ડ્રેનેજના ગેરકાયદે કનેક્શન જોડવામાં આવે છે તો પાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સીલ મારવામાં આવે છે. પરંતુ આ પાર્ટી પ્લોટ બાબતે તંત્રને જાણ કરાઈ હતી. છતાં પણ તંત્રના અધિકારીઓ દ્વારા માત્ર નોટિસ પાઠવીને સંતોષ માનવામાં આવ્યો હતો. જો આ અંગે આગામી 24 કલાકમાં સીલ મારવામાં નહીં આવે તો ગાંધી ચીધ્યા માર્ગે આંદોલનની ચીમકી પણ સામાજિક કાર્યકરે આપી હતી.

## MSUની કોમર્સ ફેકલ્ટીમાં ATKT સોલ્વ ના થાય તો પણ ત્રીજા વર્ષમાં પ્રવેશ આપવા NSUIની માંગ

સુરત

વડોદરાની એમ.એસ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટ્સમાં પહેલા વર્ષની એટીકેટી સોલ્વ થયા વિના વિદ્યાર્થીનું વર્ષ બગડે નહીં માટે ત્રીજા વર્ષમાં પ્રવેશ આપવાની માંગ કરતું આવેદનપત્ર કોમર્સ ફેકલ્ટીની કચેરીએ એનએસયુઆઈ દ્વારા સુપ્રત કરીને યોગ્ય કાર્યવાહી કરવા જણાવાયું હતું. ઉલ્લેખનીય છે કે, એમ એસ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમર્સમાં પ્રથમ વર્ષે એટીકેટી મેળવનાર વિદ્યાર્થીને બીજા વર્ષ સુધી પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ આ એટીકેટી સોલ્વ ન થાય ત્યાં સુધી ત્રીજા અને અંતિમ વર્ષમાં પ્રવેશ અપાતો નથી. આમ એટીકેટી સોલ્વ ન થાય તો વિદ્યાર્થીનું વર્ષ બગડે છે. આ અંગે વિદ્યાર્થીનું વર્ષ ન બગડે એ અંગે એનએસયુઆઈ દ્વારા ફેકલ્ટી ડીનને મળીને આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી કે, પ્રથમ વર્ષની એટીકેટી સોલ્વ ન થાય તો પણ વિદ્યાર્થીને ત્રીજા અંતિમ વર્ષમાં પ્રવેશ આપવો જોઈએ.

પરિણામે વિદ્યાર્થીને પ્રથમ વર્ષની એટીકેટી સોલ્વ કરવા પૂરતો સમય મળે અથવા તો ત્રીજા વર્ષમાં પ્રવેશ આપતા અગાઉ આવા વિદ્યાર્થીઓની એટીકેટી એક્ઝામ પણ લેવા બાબતે એનએસયુઆઈના પ્રમુખ અમર વાઘેલા સહિત કાર્યકરો તથા વિદ્યાર્થીઓએ એકત્ર થઈને કોમર્સ ફેકલ્ટી કચેરીએ ઉગ્ર રજૂઆતો કરીને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

## યાત્રાધામ નારેશ્વરમાં પીધેલા ડમ્પર ચાલકે હદ વટાવી, રેતી સાથેનું ડમ્પર પગથિયાથી નદીમાં ઉતારી દીધું

વડોદરા

વડોદરા નજીકના યાત્રાધામ નારેશ્વર અને તેની આસપાસમાં રેતી ખનન કરતા ડમ્પર ચાલકોની દાદાગીરી તેમજ બેદરકારીને કારણે અકસ્માતના વારંવાર બનાવો બનતા હોવાથી ગ્રામજનોમાં ભારે આક્રોશ છવાયો છે ત્યારે ગઈકાલે રાત્રે એકદમ પર ચાલકે હદ વટાવી દીધી હોવાના બનાવને પગલે લોકો રોષે ભરાયા છે. વડોદરાના કરજણ તાલુકામાં નર્મદા નદીને કિનારે આવેલા પવિત્ર યાત્રાધામ નારેશ્વર ખાતે મંદિર પાસે આવેલા નર્મદાના ઘાટ ઉપર લોકો સ્નાન તેમજ પૂજન અર્ચન કરતા હોય છે. આ ઘાટના 80 થી 100 જેટલા સુંદર પગથિયાં પણ બનાવવામાં આવ્યા છે. તેની આસપાસ કેબીનો પણ આવેલી છે. ગઈ રાત્રે નશામાં ચૂર એક ડમ્પર ચાલક રેતી ભરેલું ડમ્પર પગથિયાં સુધી લાવ્યો હતો અને પગથિયા દ્વારા નદી તરફ પૂર ઝડપે ઉતારી દેતા એક કેબીનને નુકસાન થયું હતું તેમજ પગથિયા પણ તૂટી ગયા હતા. ડમ્પર નદી પાસે કુંડને તોડીને અટકી ગયું હતું. ડમ્પરના પૈડા તેમજ બોડીના અન્ય પાર્ટ્સ પણ તૂટી ગયા હતા.

## જામનગરમાં બેફિકર રિક્ષા ચાલકે વૃદ્ધ મહિલાને હડફેટે લેતાં ગંભીર ઇજા

જામનગર

જામનગર શહેરના ખંભાળિયા નાકા વિસ્તારમાં બેફિકરાઈથી અને પૂરઝડપે ચલાવાયેલી સીએનજી રિક્ષાની અડફેટે વૃદ્ધ મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ બેડ ગામના રહેવાસી મનીષભાઈ કાળુભાઈ રાઠોડના માતા શારદાબેન કાળુભાઈ રાઠોડ તા.6 જૂન 2026ના રોજ બપોરે ખંભાળિયા નાકા નજીક સરપંચ ચા હોટલ પાસે બેઠા હતા. તે દરમિયાન રિક્ષા નં. જી.જે. 10 ટી.ઝેડ. 4459 ના ચાલકે પોતાની સીએનજી રિક્ષા બેફિકરાઈ અને પૂરઝડપે ચલાવી શારદાબેનને હડફેટે લીધા હતા. અકસ્માતમાં શારદાબેન રોડ પર પટકાતા તેમને કમર, કપાળ તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતા તેમના પુત્ર મનીષભાઈ અને મામા રમેશભાઈ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

### 'સુલેમાની પથ્થર'ના નામે 20 કરોડનો ખેલ

## ચમત્કારિક વિધિના બહાને ઠગાઈ કરવાનું મોટું રેકેટ વડોદરા પોલીસે આબાદ ઝડપી પાડ્યું, ભાવનગરના શખ્સો ગિરફ્તાર

વડોદરા

ચમત્કાર અને અંધશ્રદ્ધાના નામે અબજો રૂપિયાની ઠગાઈ આચરતી ટોળકીઓ ગુજરાતમાં કઈ હદે સક્રિય છે, તેનો વધુ એક હચમચાવી દેનારો કિસ્સો સંસ્કારી નગરી વડોદરામાંથી સામે આવ્યો છે. વડોદરા શહેર પોલીસે એક ગુપ્ત ઓપરેશન પાર પાડીને, કહેવાતા તંત્ર-મંત્ર અને જોખમી વિધિ કરીને 'સુલેમાની પથ્થર' (મેજિકલ સ્ટોન) ૨૦ કરોડની તોતિંગ કિંમતમાં વેચવા ફરેલા ભાવનગરના શખ્સોની ગેંગને રિંગે હાથે દબોચી લીધી છે.

મળતી વિગતો અનુસાર, વડોદરા પોલીસને એક સચોટ અને પાકી બાતમી મળી હતી કે ભાવનગરના કેટલાક રીઢા ઠગ શખ્સો એક કાળા રંગના સામાન્ય પથ્થરને 'સુલેમાની પથ્થર' ગણાવીને ઊંચી કિંમતે વેચવા માટે વડોદરા આવ્યા છે. આ શખ્સો સામેની વ્યક્તિને



ભોળવવા માટે પથ્થરની આસપાસ ડર પેદા કરે તેવી જોખમી તંત્ર-મંત્રની વિધિઓનું નાટક પણ કરતા હતા. આ પથ્થર ઘરમાં રાખવાથી અખૂટ ધન-દોલત મળશે અને રાતોરાત અમીર બની જવાશે તેવી ગુપ્ત લાલચ આપીને આ ટોળકી કોઈ મોટા આસામીને ૨૦ કરોડનો ચૂનો લગાવવાની પેરવીમાં હતી.

જોકે, આ કરોડોની ડીલ ફાઈનલ થાય અને કોઈ ભોળો નાગરિક લૂંટાય તે પહેલાં જ વડોદરા પોલીસે બાતમીવાળા સ્થળે ત્રાટકીને આખી ગેંગના મનસૂબા પર પાણી ફેરવી દીધું હતું. પોલીસે ઘટનાસ્થળેથી ભાવનગરના મુખ્ય સૂત્રધારોની ધરપકડ કરી છે અને તેમની પાસેથી કહેવાતો સુલેમાની પથ્થર તેમજ વિધિમાં વપરાતી શંકાસ્પદ સામગ્રી કબજે લીધી છે. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ ગેંગ અગાઉ પણ અનેક લોકોને પથ્થર અને ચમત્કારના નામે લાખો-કરોડો રૂપિયામાં છેતરી ચૂકી હોવાની આશંકા છે. વડોદરા પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધીને તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. આ નેટવર્કના તાર ક્યાં-ક્યાં જોડાયેલા છે અને વડોદરામાં તેઓ કોને આ પથ્થર પધરાવવાના હતા, તે દિશામાં સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

### બાપુનગરમાં ચપ્પુના ઘા ઝીંકી યુવકની હત્યા

## દોઢ મહિનાની અદાવતમાં હીરાવાડી ચાર રસ્તા પાસે મિત્રએ જ મિત્રનું ઢીમ ઢાળી દીધુ

અમદાવાદ

અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં આવેલા હીરાવાડી ચાર રસ્તા પાસે મોડીરાત્રે અંગત અદાવતમાં મિત્રએ જ મિત્રની ઘાતકી હત્યા કરી નાખતા ચકચાર મચી ગઈ છે. રિક્ષા ચલાવતા બે યુવકો વચ્ચે છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહેલી તકરારનો આખરે લોહિયાળ અંત આવ્યો છે. સામાન્ય બોલાચાલી ઉગ્ર બનતાં યુવકના મિત્રએ તેના સાથીદાર સાથે મળીને જાહેરમાં છરીના ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા અને ત્યારબાદ બંને આરોપી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ બાપુનગર પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, બાપુનગર વિસ્તારમાં મહાવીર નગર પાસે આવેલી રતિલાલની ચાલીમાં શુભમ ઉર્ફે છોટુ કોરી (ઉં.વ. 28) રહેતો હતો. શુભમ વ્યવસાએ રિક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેની જ ચાલી નજીક રહેતો વિજય ઉર્ફે શાલુ રાજપૂત પણ રિક્ષા ચલાવતો હોવાથી બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી. જોકે, છેલ્લા દોઢ મહિનાથી બંને મિત્રો વચ્ચે કોઈ અજ્ઞાત કારણોસર મોટો ઝઘડો થયો હતો. આ ઝઘડા બાદ બંને એકબીજાના કટ્ટર દુશ્મન બની ગયા હતા અને મનમાં અદાવત રાખીને ફરતા હતા.

### ઝેનિથ કોર્પોરેશન કંપનીની 41 કરોડની બેંક લોન છેતરપિંડી

## ખોટા નાણાકીય વ્યવહારો અને સ્ટોક દર્શાવી લોન લેનારા ત્રણ પાર્ટનરો સામે ગુનો નોંધાયો

અમદાવાદ

અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં આવેલી ઝેનિથ કોર્પોરેશન નામની કંપની દ્વારા અલગ અલગ બેંકોમાં ખોટા નાણાકીય વ્યવહારો અને વધારાનો સ્ટોક દર્શાવીને 40 કરોડથી વધારેની લોન લઈને ચુકવણી ન કરતા અમદાવાદ સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધવામાં આવી છે. એક્સિસ બેન્કમાંથી કેશ ક્રેડિટ પર પાંચ કરોડ રૂપિયાની લોન લેવામાં આવી હતી. જેની પણ ચુકવણી કરવામાં આવી નથી જેને લઈને બેન્કના અધિકારી દ્વારા ફરિયાદ નોંધાવતા સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કંપનીના ત્રણ પાર્ટનરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ લો ગાર્ડન ખાતે આવેલી એક્સિસ બેન્કની મુખ્ય બ્રાન્ચમાં થલતેજ રોડ પર આવેલી ઝેનિથ કોર્પોરેશન નામની પાર્ટનરશીપ ફર્મ દ્વારા કેશ ક્રેડિટ એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું હતું. કલોલના નાસ મેદ ગામે આવેલા બે પ્લોટને ગીરવે મૂકીને પાંચ કરોડ રૂપિયાની લોન બેંકમાંથી લેવામાં આવી હતી. લોનના હપ્તા નિયમિત ચૂકવવામાં આવ્યા હતા પરંતુ વ્યાજ સમયસર ભરવામાં આવ્યું નહોતું. જે બાદ એકાઉન્ટને NPA કરી દેવામાં આવ્યું હતું. બેંક દ્વારા વર્ષ 2021 થી 2024 દરમિયાનનું ફોરેન્સિક ઓડિટ કરાવવામાં આવ્યું હતું. બેંક દ્વારા કરાવવામાં આવેલા ઓડિટમાં ઝેનિથ કોર્પોરેશનની અનેક ગેરરીતીઓ સામે આવી હતી. જેમાં ખોટા નાણા કીય વ્યવહારો દર્શાવ્યા, ઉઘરાણી લેવાના નાણા (Receivables) વધારી બતાવ્યા, કોલસાનો ખોટો સ્ટોક દર્શાવ્યો, મા લના વેચાણ અંગે ખોટી હકીકતો રજુ કરી, કંપનીનો માલ પોર્ટ પર હોવાનો દાવો કર્યો, પરંતુ તે અંગે કોઈ પુરાવા રજુ કર્યા નહીં. આ તમામ ગેરરીતિઓ બેંક સમક્ષ વધુ ડ્રોઈંગ પાવર (વધુ લોન સુવિધા) મેળવવા માટે કરી હતી. Axis બેંકમાંથી 5 કરોડ, HDFC બેંકમાંથી 9.75 કરોડ, SBI બેંકમાંથી 8 કરોડ, રાજકોટ કો-ઓપરેટીવ બેંકમાંથી 18 કરોડની લોન લીધી હતી.

## વિરમગામમાં સોની વેપારીની હત્યાના કેસમાં પોલીસે મૃતકની પત્ની અને પુત્રની કરી ધરપકડ

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના વિરમગામ શહેરમાં એક સોની વેપારીની હત્યાના કેસમાં પોલીસે મૃતકની પત્ની અને પુત્રની ધરપકડ કરી છે. આ કેસની વધુ તપાસ માટે આરોપી માતા-પુત્રને ઘટનાસ્થળે લઈ જઈ હત્યાનું રિકન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું. આ ઘટના વ્રજ વિહાર સોસાયટીમાં બની હતી. શરૂઆતમાં, વિરમગામ શહેરની વ્રજ વિહાર સોસાયટીમાં રહેતા દીપકકુમાર જયંતિભાઈ સોની (રાધનપુરા)નું સીડી પરથી પડી જવાથી મૃત્યુ થયું હોવાનું નોંધાયું હતું. આ આધારે વિરમગામ પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જોકે, ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃતકના શરીર, ખાસ કરીને માથા અને અન્ય અંગો પર ગંભીર ઈજાઓ જોવા મળી હતી. આ ઈજાઓ અકસ્માતને બદલે હત્યા સૂચવતી હતી. આ રિપોર્ટના આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

### નાગરિકોની સુવિધા માટે DGPનો ઐતિહાસિક નિર્ણય

## હવે કમિશનરથી લઈને PI સુધીના તમામ અધિકારીઓએ રોજ 2 કલાક અરજદારોને રૂબરૂ મળવું પડશે : G.S. મલિક

અમદાવાદ

ગુજરાત પોલીસ તંત્રને વધુ લોકાભિમુખ, પારદર્શક અને કાર્યક્ષમ બનાવવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યના પોલીસ વડા (DGP) જી.એસ. મલિકે એક બહુ મોટો અને પ્રજાલક્ષી નિર્ણય લીધો છે. હવે સામાન્ય નાગરિકોની રજૂઆતો, પ્રશ્નો અને ફરિયાદોનો સ્થાનિક કક્ષાએ જ અત્યંત ઝડપી નિકાલ થાય તે માટે રાજ્યના તમામ પોલીસ વડાઓ અને અધિકારીઓ માટે એક કડક ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. નવા સત્તાવાર આદેશ અનુસાર, રાજ્યના તમામ પોલીસ કમિશનર, રેન્જ આઈજી, જિલ્લા પોલીસ વડા (SP)થી લઈને છેક પોલીસ સ્ટેશનના પીઆઈ (PI) કક્ષા સુધીના તમામ ઉચ્ચ અધિકારીઓએ દરરોજ ફરજિયાતપણે ૨ કલાકનો સમય માત્રને માત્ર સામાન્ય નાગરિકો અને મુલાકાતીઓ માટે ફાળવવો પડશે. આ નિયત સમય દરમિયાન અધિકારીઓએ કચેરીમાં હાજર રહીને લોકોની સમસ્યાઓ રૂબરૂ સાંભળવાની રહેશે. અત્યાર સુધી એવું જોવા મળતું હતું કે સ્થાનિક કક્ષાએ યોગ્ય સુનાવણી કે રજૂઆત ન થવાને કારણે સામાન્ય અરજદારોને પોતાની નાની-નાની ફરિયાદો અને



ન્યાય મેળવવા માટે ગાંધીનગર વડી કચેરી સુધી લાંબા થવું પડતું હતું. નાગરિકોનો સમય અને નાણાં બગડે નહીં તેમજ સ્થાનિક કક્ષાએ જ પોલીસ પ્રશાસન પ્રત્યે ભરોસો વધે તે હેતુથી આ મહત્વપૂર્ણ વહીવટી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. DGPના આ આદેશને પગલે હવે સ્થાનિક પોલીસ મથકો અને ઉચ્ચ પોલીસ કચેરીઓમાં અરજદારોની સુનાવણી વધુ સરળ બનશે. જો કોઈ અધિકારી આ જાહેર કરાયેલી ગાઈડલાઈનનું પાલન કરવામાં બેદરકારી દાખવશે તો તેમની સામે પણ કડક પગલાં લેવામાં આવી શકે છે.

## અમરેલી: ખેડૂત આપઘાત કેસમાં ચોંકાવનારો ખુલાસો, હનીટ્રેપના કારણે ભર્યું પગલું

અમરેલી

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના લીખાળા ગામમાં ખેડૂતની આત્મહત્યાના મામલે એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. શરૂઆતમાં સામાન્ય આત્મહત્યા ગણાતો આ કેસ, પોલીસ તપાસમાં કથિત હનીટ્રેપ કાંડ સાથે જોડાયેલો હોવાનું બહાર આવ્યું છે. મૃતક ખેડૂતના પરિવારની ફરિયાદના આધારે પોલીસે એક યુવતી સહિત 5 લોકો સામે ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી છે.

લીખાળા ગામના ખેડૂત હિંમત સુહાગીયાએ 23 જૂને પોતાની વાડીમાં વૃક્ષની ડાળી સાથે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. ઘટના સમયે પોલીસે અકસ્માત મોતે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી, પરંતુ પરિવારજનોને આ આત્મહત્યા પાછળ કોઈ ષડયંત્ર હોવાની શંકા હતી.

તપાસ દરમિયાન મૃતકના પુત્ર પરેશભાઈએ પોલીસને જણાવ્યું કે, તેમના પિતા 'હિના' નામની એક મહિલાના સંપર્કમાં આવ્યા હતા અને હનીટ્રેપમાં ફસાયા હતા. પરિવારના આક્ષેપ મુજબ, આ મહિલા અને તેના સાગરિતોએ ખેડૂત પાસે Rs 3,00,000 ની માંગણી કરી હતી. સતત મળતા માનસિક ત્રાસના કારણે તેમણે આ આત્મહત્યા કરી હોવાનો પરિવારે દાવો કર્યો છે. પીડિત પરિવારે સરકાર અને પોલીસ પાસે દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### કોન્ટ્રાક્ટરોની AMCમાં મનમાની

## ગોદરેજ ગાર્ડન સિટીથી ચેનપુરના વ્હાઇટ ટોપીંગ રોડની કામગીરી અધૂરી મૂકી, નોટિસોને પણ ઘોળીને પી ગયા..!

અમદાવાદ

અમદાવાદ શહેરના જગતપુર ગોદરેજ ગાર્ડન સિટી ચાર રસ્તાથી ચેનપુર અંડર પાસ સુધી મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા વ્હાઇટ ટોપીંગ રોડ બનાવવામાં આવ્યો છે. છેલ્લા ચાર મહિનાથી કોન્ટ્રાક્ટર બી.આર ગોયલ દ્વારા રોડની કામગીરી અધૂરી છોડી દેવામાં આવી છે. જેના કારણે ચોમાસામાં બાજુના સર્વિસ રોડમાં પાણી ભરાઈને તેના ખાડામાં પડવાથી કોઈ જાનહાનિ સર્જાઈ શકે છે. જ્યારે વ્હાઈટ ટોપિંગ રોડ બન્યા હજી છ મહિના થયા છે ત્યારે ચેનપુર અંડર પાસ નજીક રોડ પણ ખરાબ થઈ ગયો છે. રોડ પરની સરફેસ ઉખડી ગઈ છે છે.



આસપાસના બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન સાઈટ્સ દ્વારા પોતાનો બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન વેસ્ટ આ જગ્યા પર નાખવામાં આવી રહ્યો છે

મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોનના ઈજનેર વિભાગ દ્વારા કોન્ટ્રાક્ટરને કામગીરી પૂર્ણ કરવા માટે પાંચ વખત નોટિસો આપવા છતાં પણ કોન્ટ્રાક્ટર દ્વારા સર્વિસ રોડ અને ફૂટપાથ નાખવાની અધૂરી કામગીરી પૂર્ણ કરવામાં આવી નથી. ત્યારે હવે તેની સામે બ્લેક લિસ્ટ અને તેના જ ખર્ચે અને જોખમે અન્ય કોન્ટ્રાક્ટર સાથે કામગીરી કરાવવા માટેની તૈયારી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી છે. શહેરીજનો ટેક્સના જે પૈસા મ્યુનિસિપલ કોર્પોરેશનની તિજોરીમાં જમા કરાવે છે તેનાથી રોડ, પાણી, ગટર જેવી સુવિધાઓ આપવામાં આવતી હોય છે, પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર અને કોન્ટ્રાક્ટરના કારણે ટેક્સના પૈસા વેડફાતા હોય તેવી સ્થિતિ શહેરના ગાંધીનગર લોકસભા અને સાબરમતી વિધાનસભા અંતર્ગત આવતાં ચાંદલોડિયા વોર્ડના જગતપુરમાં સામે આવી છે. ગોદરેજ ગાર્ડન સિટી ચાર રસ્તાથી ચેનપુર અંડરપાસ સુધીના અંદાજિત એક કિલોમીટરના રોડને વ્હાઇટ ટોપીંગ રોડ બનાવવામાં આવ્યો છે. કોન્ટ્રાક્ટર બી. આર ગોયલ દ્વારા બંને તરફ રોડ તો બનાવી દેવામાં આવ્યો છે. પરંતુ બાજુના સર્વિસ રોડ અને ફૂટપાથની કામગીરી અધુરી છોડી દેવામાં આવી છે. છ મહિના પહેલા જ વ્હાઇટ ટોપીંગ રોડની કામગીરી પૂરી કરી દેવામાં આવી અને સર્વિસ રોડ તેમજ ફૂટપાથની કામગીરી કરવા માટે બંને તરફ ખોદી નાખવામાં આવ્યું છે.

### તંત્રના સત્તાવાર મોહરા પાછળ ખેલાયો મોટો ખેલ!

# સુરતમાં હજારો લોકોને રસ્તા પર લાવી દેનાર 'ભૂતિયા બુલડોઝર' કોનું હતું?

**સુરત**

સુરતના કતારગામ વેદ દરવાજા નજીક આવેલા નાસિરનગરમાં મે મહિનાના અંતમાં કડક પોલીસ સુરક્ષા વચ્ચે ૧૦૦થી વધુ મકાનો જમીનદોસ્ત કરી દેવાયા. દાયકાઓથી રહેતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો ધોમધખતા તાપમાં રસ્તા પર આવી ગયા. પણ સૌથી મોટો આંચકો તો ત્યારે લાગ્યો જ્યારે સુરત મહાનગરપાલિકા (SMC) અને સ્થાનિક પોલીસે સત્તાવાર રીતે કહી દીધું કે, 'અમે આ ડિમોલિશન કર્યું જ નથી!'

તો સવાલ એ થાય છે કે, હાઈકોર્ટના સ્ટે કે વહીવટી તંત્રની કોઈ નોટિસ વગર, ધોળા દિવસે પોલીસ પ્રોટેક્શન સાથે બુલડોઝર ફેરવી જનાર આ 'ભૂત' કોણ હતું?

આ સમગ્ર મામલે જ્યારે હોબાળો મચ્યો અને પીડિતો કોંગ્રેસના નેતાઓ સાથે કમિશનર કચેરીએ પહોંચ્યા, ત્યારે અધિકારીઓએ જે ખુલાસા કર્યા તે સામાન્ય નાગરિકના ગળે ઉતરે તેવા નથી:

SMC કમિશનરનો દાવો: મનપાની ટીમ ત્યાં માત્ર ટાઉન પ્લાનિંગ સ્કીમ (TP) હેઠળ પ્રસ્તાવિત રસ્તાની 'લાઈન દોરી' (ડીમાર્કેશન) કરવા ગઈ હતી. મકાનો તોડવાનો કોઈ ઓફિશિયલ ઓર્ડર મનપાએ આપ્યો નહોતો. આ ખાનગી જમીન હોવાથી અન્ય કોઈ પક્ષે બુલડોઝર ચલાવ્યું હોઈ શકે. પોલીસનો દાવો: સ્થાનિક પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ના કર્મચારીઓ ત્યાં હાજર હતા, પણ તેમનું કહેવું છે કે SMC તરફથી બંદોબસ્ત માટે સત્તાવાર અરજી મળી હોવાથી તેઓ કાયદો અને વ્યવસ્થા જાળવવા ગયા હતા, ડિમોલિશન કરવા નહીં!

જનતાનો સવાલ: જો કોર્પોરેશને ડિમોલિશન નથી કર્યું, તો અધિકારીઓ અને પોલીસની હાજરીમાં કલાકો સુધી ખાનગી જેસીબી ગરીબોના આશિયાના કેવી રીતે તોડતા રહ્યા? શું તંત્ર આટલું આંધળું છે?

આ વિવાદમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે કતારગામના સ્થાનિક ભાજપના ધારાસભ્ય વિનુ મોરડિયાએ આખીય કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા અને કીધું કે 'અહીં કંઈક કાળું-ધોળું (Fishy) થયું છે.'

વિનુ મોરડિયાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું: 'મેં મ્યુનિસિપલ કમિશનર સાથે વાત કરી છે, SMC એ કોઈ ઓર્ડર આપ્યો નથી. મનપા સિવાય કોઈને ઘર તોડવાનો અધિકાર નથી, આ કાયદો હાથમાં લેવાનો ગંભીર મામલો છે. બિલ્ડરના પ્રોજેક્ટ માટે રસ્તો બનાવવા આ આખી વસાહત ઉડાડી દેવાઈ છે.



### સ્વતંત્ર પત્રકારત્વની મોટી જીત

# દિલ્હી હાઈકોર્ટે ન્યૂઝક્લિક સામેની ED અને પોલીસની કાર્યવાહી રદ કરી

**અમદાવાદ**

દેશમાં સ્વતંત્ર અને નિષ્પક્ષ પત્રકારત્વનો અવાજ દબાવવા માટે સરકારી એજન્સીઓના થતા દુરુપયોગ સામે અદાલતે લાલઆંખ કરી છે. દિલ્હી હાઈકોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ 'ન્યૂઝક્લિક' (NewsClick) અને તેના સ્થાપક-સંપાદક પ્રબીર પુરકાયસ્થ સામે વિદેશી ભંડોળ (ફોરેન ફંડિંગ) મામલે નોંધાયેલી FIR તેમજ પ્રવર્તન નિર્દેશાલય (ED) દ્વારા કરવામાં આવતી મની લોન્ડરિંગની તપાસને સંપૂર્ણપણે રદ કરી દીધી છે.

આ કેસની સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ નીના બંસલ કૃષ્ણાએ તપાસ એજન્સીઓની કામગીરી સામે આકરા પ્રહારો કર્યા હતા.

તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, એજન્સીઓ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી સ્વતંત્ર અને નિષ્પક્ષ પત્રકારિતા સામે સત્તાનો મનસ્વી હુમલો અને દુરુપયોગ હતી. તપાસ એજન્સીઓ કોઈ પણ મજબૂત કે સચોટ પુરાવા વિના માત્ર આક્ષેપોના આધારે વ્યાપક તપાસ કરતી રહી હતી.

જો એફઆઈઆરના આક્ષેપોને સાચા માની લેવામાં આવે તો પણ આ કિસ્સામાં છેતરપિંડી કે વિશ્વાસભંગનો કોઈ ગુનાહિત કેસ બનતો નથી. તેથી આ એફઆઈઆરને ચાલુ રાખવી એ કાયદાકીય પ્રક્રિયાનો ગંભીર દુરુપયોગ ગણાય. અદાલતે ટકોર કરી હતી કે છેતરપિંડીના કેસમાં કોઈ એવી વ્યક્તિ કે પક્ષ હોવો જોઈએ જેને છેતરવામાં આવ્યો હોય, પરંતુ આ કેસમાં કોઈ ફરિયાદી જ નહોતો.

આ વિવાદની શરૂઆત ઓગસ્ટ ૨૦૨૦માં થઈ હતી, જ્યારે દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા (EOW) દ્વારા ન્યૂઝક્લિક સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી.

# પાક્કો ગુજરાત ન્યૂઝની અસર : ડભોઇના વસઇ ગામે વર્ષોથી બિસ્માર પડેલો હોજ આખરે થયો રિપેર

### આ ગંભીર સમસ્યા અંગે પાક્કો ગુજરાત ન્યૂઝ દ્વારા અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો, અહેવાલ પ્રસિદ્ધ થતાં જ સંબંધિત વિભાગ અને વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું

**ડભોઇ, વડોદરા**

ડભોઈ તાલુકાના વસઈ ગામમાં લાખો રૂપિયાના ખર્ચે ગ્રામજનો તેમજ પશુ-પક્ષીઓ માટે પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે બનાવવામાં આવેલો મોટો હોજ લાંબા સમયથી બિસ્માર હાલતમાં પડ્યો હતો. તંત્રની બેદરકારીના કારણે હોજ તૂટી ગયો હતો અને તેમાં પાણી ભરાતું ન હોવાથી કાળઝાળ ગરમીમાં પશુ-પક્ષીઓ તેમજ ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા.

આ ગંભીર સમસ્યા અંગે પાક્કો ગુજરાત ન્યૂઝ દ્વારા અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. અહેવાલ પ્રસિદ્ધ થતાં જ સંબંધિત વિભાગ અને વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું. પાણી પુરવઠા વિભાગના અધિકારીઓએ સ્થળની મુલાકાત લઈને તાત્કાલિક હોજના સમારકામની કામગીરી શરૂ કરાવી હતી.



અધિકારીઓની દેખરેખ હેઠળ હોજનું સંપૂર્ણ રિપેરિંગ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે અને તેમાં ફરીથી પાણી ભરવામાં આવ્યું છે. પરિણામે હવે ગામના પશુ-પક્ષીઓ માટે પીવાના પાણીની સુવિધા પુનઃ શરૂ થઈ છે અને ગ્રામજનોને પણ મોટી રાહત મળી છે.

મોડું થયું હોવા છતાં તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીથી ગામમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે લાંબા સમયથી આ સમસ્યા અંગે રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ યોગ્ય કાર્યવાહી થઈ નહોતી. મીડિયામાં અહેવાલ પ્રકાશિત થતાં જ તંત્ર જાગ્યું અને સમસ્યાનો ઉકેલ આવ્યો.

વસઈ ગામના ગ્રામજનોએ પાક્કો ગુજરાત ન્યૂઝનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ગામની સમસ્યાઓને વાચા આપવાનું કામ મીડિયા કરે છે, જેના કારણે જવાબદાર તંત્ર સુધી લોકોનો અવાજ પહોંચે છે અને પ્રશ્નોનો ઝડપથી ઉકેલ આવે છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ સતત લોકહિતના પ્રશ્નોને પ્રાથમિકતા આપીને જનતાના અવાજને તંત્ર સુધી પહોંચાડવાનું કાર્ય કરી રહ્યું છે. વસઈ ગામના હોજના સમારકામની ઘટના એ સાબિત કરે છે કે જવાબદાર અને નિર્ભય પત્રકારિતા સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

## ધંધુકામાં કોંગ્રેસનું મોંઘવારી મુદ્દે વિરોધ પ્રદર્શન : મામલતદારને આવેદનપત્ર પાઠવી નિયંત્રણ લાવવા માંગ કરી

**ધંધુકા**

ધંધુકા ખાતે કોંગ્રેસ પક્ષ દ્વારા વધતી મોંઘવારી અને જનહિતના વિવિધ મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શન અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાયા હતા. આ કાર્યકર્તાઓએ શહેરના મુખ્ય માર્ગો પરથી રેલી યોજી હતી. રેલી બાદ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા, જ્યાં મામલતદારને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં વધતી મોંઘવારીને કારણે સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો પર પડી રહેલા આર્થિક બોજ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે જીવનજરૂરી ચીજવસ્તુઓ, ગેસ, પેટ્રોલ-ડીઝલ અને અન્ય આવશ્યક સેવાઓના ભાવોમાં સતત વધારો થઈ રહ્યો છે.




### એક મહિનામાં 1.88 લાખથી વધુ સામે કાર્યવાહી

# હેલ્મેટ વગરના વાહનચાલકો સામે પોલીસની કડક કાર્યવાહી : ₹5.21 કરોડનો દંડ વસૂલાયો

### લક્ષ્ય દંડ વસૂલવાનું નહીં, પણ નાગરિકોની જિંદગી બચાવવાનું: પોલીસ વડા

**ગાંધીનગર**

માર્ગ અકસ્માતોમાં થતા મોત અને ગંભીર ઈજાઓ ઘટાડવા માટે ગુજરાત પોલીસ દ્વારા મે મહિનામાં ચલાવવામાં આવેલી રાજ્યવ્યાપી વિશેષ 'હેલ્મેટ ડ્રાઈવ' દરમિયાન નિયમભંગ કરનાર વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં 1.88 લાખથી વધુ વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરીને કુલ 5.21 કરોડનો દંડ વસૂલવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે ટ્રાફિક નિયમો દરેક માટે સમાન હોવાનો સંદેશ આપતાં 5,123 સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ



સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમની પાસેથી 16.58 લાખનો દંડ વસૂલાયો છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ 1થી 31 મે દરમિયાન યોજાયેલી આ વિશેષ ઝુંબેશ અંગે રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકે જણાવ્યું હતું કે ગુજરાત પોલીસનું લક્ષ્ય દંડ વસૂલવાનું નહીં, પરંતુ નાગરિકોની જિંદગી બચાવવાનું છે. તેમણે અપીલ કરી હતી કે વાહનચાલકો અને પાછળ બેસનાર વ્યક્તિઓ માત્ર દંડના ડરથી નહીં, પરંતુ પોતાના પરિવારની સુરક્ષા અને ખુશીઓ માટે હેલ્મેટ અને સીટ બેલ્ટનો નિયમિત ઉપયોગ કરે.

રાજ્યના પોલીસ વડાએ જણાવ્યું હતું કે અનેક અકસ્માતોમાં માત્ર હેલ્મેટ પહેરવાના કારણે વાહનચાલકોનો જીવ બચ્યો હોવાના કિસ્સાઓ સામે આવ્યા છે, જ્યારે હેલ્મેટ ન પહેરવાના કારણે પરિવારે પોતાના સ્વજનને ગુમાવવાનો આઘાત પણ સહન કરવો પડ્યો છે.

ગુજરાત પોલીસ દ્વારા સમયાંતરે દંડની જગ્યાએ ગુલાબનું ફૂલ અથવા હેલ્મેટ આપીને પણ લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. રાજ્ય ટ્રાફિક બ્રાન્ચના આંકડા મુજબ હેલ્મેટ ડ્રાઈવ દરમિયાન વ્યાપક ચેકિંગ અને જાગૃતિ અભિયાનના પરિણામે મોટા પાયે નિયમભંગ કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

### ગુજરાતમાં સર્જાયો નવો રાજકીય ઇતિહાસ

# રાજ્યસભાની ચારેય બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ..

**ગાંધીનગર**

ગુજરાતના રાજકારણમાં એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક ઘટના સામે આવી છે. રાજ્યસભાની આગામી ચાર બેઠકો માટે યોજાનારી ચૂંટણીમાં ભાજપના ચારેય ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. વિરોધ પક્ષ કોંગ્રેસ અથવા અન્ય કોઈ પક્ષ દ્વારા એક પણ ઉમેદવાર મેદાનમાં ન ઉતારવામાં આવતા, હવે આગામી ૧૮મી તારીખે યોજાનારી મતદાનની પ્રક્રિયા રદ કરવામાં આવી છે. ગુજરાતના સંસદીય ઈતિહાસમાં આ પ્રથમ એવી ઘટના છે જ્યારે રાજ્યસભામાં કોંગ્રેસનું પ્રતિનિધિત્વ સંપૂર્ણપણે શૂન્ય થઈ જશે અને એક પણ બેઠક તેના ફાળે નહીં જાય.

ચૂંટણી પંચની નિર્ધારિત પ્રક્રિયા અનુસાર ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે અન્ય કોઈ વૈકલ્પિક ફોર્મ ન હોવાથી ચૂંટણી અધિકારી દ્વારા ભાજપના ચારેય ઉમેદવારોને સત્તાવાર રીતે વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. આ બેઠકો બિનહરીફ થતાં જ ભાજપ છાવણીમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે, જ્યારે કોંગ્રેસ માટે આ એક મોટો રાજકીય ફટકો માનવામાં આવી રહ્યો છે.

આ ઐતિહાસિક જીત સાથે જ ગુજરાતમાંથી રાજ્યસભાની તમામ બેઠકો પર ભાજપનું એકહથ્થુ શાસન સ્થપાયું છે. વિધાનસભામાં ધારાસભ્યોના સંખ્યાબળના આધારે કોંગ્રેસ આ વખતે એક પણ ઉમેદવાર ઊભો રાખવાની સ્થિતિમાં નહોતી. રાજકીય વિશ્લેષકોના મતે, આ પરિણામ દર્શાવે છે કે રાજ્યના રાજકારણ પર ભાજપની પકડ વધુ મજબૂત બની છે. ૧૮મી તારીખે યોજાનારી ચૂંટણી હવે માત્ર ઔપચારિકતા જ હતી, જે ઉમેદવારોના બિનહરીફ થવાથી ટળી ગઈ છે. આ નવી નિમણૂકોથી દિલ્હીના ઉચ્ચ ગૃહમાં ગુજરાત તરફથી ભાજપનું સંખ્યાબળ અને પ્રભુત્વ નોંધપાત્ર રીતે વધી જશે.

### 'રામભદ્રાચાર્યના શિષ્યોના દબાણમાં કરી હતી નકલી FIR

# શંકરાચાર્ય ઉપર યૌન શોષણનો આરોપ લગાવનાર આશુતોષ બ્રહ્મચારીએ મારી ગુલાંટ

**અમદાવાદ/વારાણસી**

ધાર્મિક જગત અને સોશિયલ મીડિયા પર ભારે ખળભળાટ મચાવનારા શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી પરના યૌન શોષણના આરોપ મામલે એક બહુ મોટો અને ચોંકાવનારો વળાંક આવ્યો છે. શંકરાચાર્ય પર આ ગંભીર આક્ષેપો કરનાર અને એફઆઈઆર (FIR) નોંધાવનાર આશુતોષ બ્રહ્મચારીએ હવે પોતાના નિવેદન પરથી સંપૂર્ણ પલટી મારી દીધી છે. આશુતોષ બ્રહ્મચારીએ સનાતન ધર્મના સર્વોચ્ચ વડાઓમાંથી એક એવા શંકરાચાર્ય સામે કરેલી ફરિયાદને નકલી ગણાવી છે અને આ આખી ઘટના પાછળ એક બહુ મોટું આંતરિક ષડયંત્ર હોવાનો ધડાકો કર્યો છે.



પોતાના અગાઉના નિવેદનથી તદ્દન વિપરીત જઈને આશુતોષ બ્રહ્મચારીએ પત્રકારો સમક્ષ ખુલાસો કર્યો છે કે, શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પર લગાવવામાં આવેલા તમામ આરોપો તદ્દન ખોટા, પાયાવિહોણા અને મનઘડંત છે. તેમણે દાવો કર્યો છે કે, જગદ્ગુરુ રામભદ્રાચાર્યના કેટલાક પ્રભાવશાળી શિષ્યો અને અનુયાયીઓ દ્વારા તેમના પર ભારે દબાણ લાવવામાં આવ્યું હતું. એટલું જ નહીં, તેમને ડરાવી-ધમકાવીને અને મજબૂર કરીને શંકરાચાર્ય વિરુદ્ધ આ પ્રકારની ગંભીર કલમો હેઠળ નકલી એફઆઈઆર કરાવવામાં આવી હતી.

આશુતોષ બ્રહ્મચારીએ આ મામલાને માત્ર ધાર્મિક અદાવત પૂરતો સીમિત ન ગણાવતા, વહીવટી તંત્ર સામે પણ ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું કે, સનાતન ધર્મના ઉચ્ચ પદને બદનામ કરવાના આ ખતરનાક કાવતરામાં માત્ર ધાર્મિક સંસ્થાઓના લોકો જ નહીં, પરંતુ કેટલાક મોટા અને ઉચ્ચ સરકારી અધિકારીઓ પણ પડદા પાછળ સક્રિય રીતે સામેલ હતા. આ અધિકારીઓની મિલીભગત અને આયોજનપૂર્વકના દબાણને કારણે જ આ આખો હાઈડ્રામા રચવામાં આવ્યો હતો.

આશુતોષ બ્રહ્મચારીના આ આકસ્મિક યુ-ટર્ન અને ઘટસ્ફોટ બાદ ધાર્મિક ક્ષેત્ર સહિત સોશિયલ મીડિયા પર આ મુદ્દો અત્યંત ગરમાયો છે. એક તરફ શંકરાચાર્યના સમર્થકો આને સત્યની જીત ગણાવી રહ્યા છે અને કાવતરાખોરો સામે કડક કાયદાકીય પગલાં લેવાની માંગ કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ આ કેસમાં જેમનાં નામ ઉછળ્યા છે તે પક્ષો તરફથી કેવો વળતો જવાબ આવે છે તેના પર હવે દેશભરના હિન્દુ સંગઠનો અને કાયદાકીય નિષ્ણાતોની નજર મંડાયેલી છે.

### સોશિયલ મીડિયા પર વાયરલ મેસેજનું સત્ય

# શું 30 જૂનથી કાગળની ચલણી નોટો બંધ થઈ જશે? : જાણો સરકાર અને RBIનું ઓફિશિયલ અપડેટ

**અમદાવાદ**

છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ભારતીય ચલણ (Indian Currency)ને લઈને એક મેસેજ જોરશોરથી વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ મેસેજમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આગામી ૩૦ જૂનથી દેશમાં કાગળની તમામ ચલણી નોટો બંધ થઈ જશે અને તેના સ્થાને પ્લાસ્ટિકની નોટો (Plastic Currency) ચલણમાં આવશે. આ મેસેજ વાયરલ થતાં જ સામાન્ય નાગરિકો અને વેપારીઓમાં ભારે મુંઝવણ અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે, હવે આ બાબતે સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) તરફથી મોટું અને સત્તાવાર અપડેટ સામે આવ્યું છે. સોશિયલ મીડિયા પર ફરતા થયેલા આ ફેક મેસેજ અંગે તપાસ કરતા જાણવા મળ્યું છે કે સરકાર કે આરબીઆઈ (RBI) દ્વારા કાગળની નોટો બંધ કરવાનો આવો કોઈ જ નિર્ણય લેવામાં આવ્યો નથી. આરબીઆઈના સત્તાવાર નિયમો અનુસાર, દેશમાં હાલ જે કાગળની નોટો (જેમ કે ૧૦, ૨૦, ૫૦, ૧૦૦, ૨૦૦ અને ૫૦૦) ચલણમાં છે તે સંપૂર્ણપણે માન્ય રહેશે અને ૩૦ જૂન પછી પણ તેનો વ્યવહાર રાબેતા મુજબ ચાલુ જ રહેશે. નાગરિકોએ આવી કોઈ પણ અફવાઓથી ગભરાવાની જરૂર નથી.

કેન્દ્ર સરકાર અને આરબીઆઈ લાંબા સમયથી નોટોનું આયુષ્ય વધારવા અને નકલી નોટોના દૂષણને ડામવા માટે પ્લાસ્ટિક (પોલિમર) નોટો લાવવા પર વિચારણા અને ટ્રાયલ કરી રહ્યા છે, પરંતુ તેને તાત્કાલિક ધોરણે તમામ કાગળની નોટોના બદલામાં લાગુ કરી દેવાનો કોઈ આદેશ જાહેર કરાયો નથી.

### ખેડા-નડિયાદ ક્રાઇમ બ્રાન્ચની મોટી કાર્યવાહી

# કઠલાલની ખલાલ ચેકપોસ્ટ પરથી ફોર્ચ્યુનર ગાડીમાં લવાતો ₹5.04 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**કઠલાલ**

ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચ પોલીસને પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત એક મોટી સફળતા મળી છે. કઠલાલ સરહદે આવેલી ખલાલ ચેકપોસ્ટ પાસેથી પસાર થતી એક વૈભવી ફોર્ચ્યુનર ગાડીમાંથી લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે વિદેશી દારૂ અને ગાડી સહિત કુલ ૧૫,૦૯,૯૬૦નો મુદ્દામાલ જપ્ત કરીને રાજસ્થાનના એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય એક શખ્સને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગતો અનુસાર, ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ખલાલ ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી શંકાસ્પદ ફોર્ચ્યુનર ગાડી (નંબર: GJ 01 HN 9828)ને અટકાવીને પોલીસે તેની સઘન તલાશી લીધી હતી. ગાડીની તપાસ કરતા તેમાંથી મોટી માત્રામાં છુપાવેલો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી ૫,૦૪,૯૬૦ની કિંમતનો વિદેશી દારૂ તેમજ ફોર્ચ્યુનર ગાડી સહિત કુલ ૧૫,૦૯,૯૬૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે આ ગેરકાયદેસર હેરાફેરીના મામલે ગાડી ચલાવી રહેલા આરોપી હેમેન્દ્ર દેવીલાલજી ટીલારામજી પટેલની અટકાયત કરી છે. પકડાયેલો આરોપી રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના નવલસિંહજીના ગુડા બંબેરીયા માતાજીના મંદિર પાસેનો રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે તેની પ્રાથમિક પૂછપરછ હાથ ધરતા આ દારૂના નેટવર્કમાં અન્ય એક આરોપીનું નામ પણ સામે આવ્યું છે.




આ ગુનામાં સંડોવાયેલા રાજસ્થાનના સલુમ્બરના રહેવાસી આરોપી રતનલાલ મીણાને ઝડપી પાડવા માટે ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે. આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ગુજરાતમાં કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## રૂપિયા 60 લાખના સોનાની ચેઈનના હૂક સાથે મુસાફર ઝડપાયો

### શારજહાથી આવતા વેરાવળના યુવકને કસ્ટમ વિભાગે અમદાવાદ એરપોર્ટ પર દબોચ્યો

**ધંધુકા**

એર અરેબિયાની ફ્લાઈટમાં શારજાહથી અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવતા મુસાફરને કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્ટ યુનિટ દ્વારા આજે પકડી તેની પાસેથી 60 લાખથી વધુની કિંમતની સોનાની ચેઈનના હૂક સાથે પકડી લીધો છે. તે વેરાવળ, ગીર સોમનાથનો હોવાનું જાણવા મળ્યું છે. તે ક્યાંથી કોની પાસેથી અને કોના માટે લાવ્યો હતો તે અંગે તપાસ હાથ ધરી છે.

પેસેન્જરની પ્રોફાઈલિંગના આધારે, અમદાવાદના SVPI એરપોર્ટ પર એર અરેબિયાની ફ્લાઈટ નંબર G9 418 દ્વારા શારજાહથી આવેલા એક મુસાફરને કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) ના અધિકારીઓ દ્વારા ગ્રીન ચેનલમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરતી વખતે અટકાવવામાં આવ્યો હતો.

ઝીણવટભરી તપાસ દરમિયાન, મુસાફર પાસે રહેલી બે ટ્રોલી બેગની અંદર છુપાવેલા 18 કેરેટ (750 શુદ્ધતા) અને 14 કેરેટ (585 શુદ્ધતા) ના સોનાની ચેઈનના હૂક મળી આવ્યા હતા, જેનું કુલ વજન 600.240 ગ્રામ છે.

જપ્ત કરાયેલા સોનાની ચેઈનના હૂકની કુલ બજાર કિંમત 60,24,267 આંકવામાં આવી છે.

### દાહોદના ધાનપુરમાં ગમખ્વાર ઘટના

# મામલતદાર કચેરીના કર્મચારીનું બાઈક પર ઘરે જતી વખતે હાર્ટ એટેકથી કરુણ મોત : પરિવારમાં માતમ...

**દાહોદ / દેવગઢ બારીઆ**

રાજ્યમાં હાર્ટ એટેકના કારણે નાની વયના લોકોના મોતના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, ત્યારે દાહોદ જિલ્લામાંથી એક અત્યંત દિલધડક અને આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. ધાનપુર મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા એક મધ્યમવયી કર્મચારીનું ચાલુ બાઈકે અચાનક હાર્ટ એટેક આવી જતાં કરુણ મોત નિપજ્યું છે. આ અકાળે થયેલા અવસાનથી મામલતદાર કચેરીના સ્ટાફ સહિત સમગ્ર પંથકમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે. મળતી વિગતો અનુસાર, ૪૭ વર્ષીય રાજુભાઈ



કેશવભાઈ ભૂરા ધાનપુર મામલતદાર કચેરીમાં સબ-રેજિસ્ટ્રાર શાખામાં પટ્ટાવાળા તરીકે વફાદારીપૂર્વક પોતાની ફરજ બજાવતા હતા. રોજબરોજની જેમ તેઓ ધાનપુર ખાતેથી પોતાની ફરજ પૂર્ણ કરીને પોતાના મોટરસાયકલ (બાઈક) પર સવાર થઈને પોતાના વતન નાંદવા ગામે જવા નીકળ્યા હતા.

તેઓ બાઈક લઈને વાસીયા ડુંગરી ગામ નજીકથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે જ અચાનક જ ચાલુ બાઈકે તેમની છાતીમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. છાતીનો દુખાવો વધતા તેઓ ત્યાં જ ઢળી પડ્યા હતા. આસપાસના લોકો અને પરિચિતો દ્વારા પરિસ્થિતિની ગંભીરતા સમજીને તેમને સમય બગાડ્યા વિના તાત્કાલિક ધોરણે સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઝાયડસ હોસ્પિટલ ખાતે હાજર ફરજ પરના તબીબોએ રાજુભાઈની સઘન તપાસ કરી હતી, પરંતુ કમનસીબે હોસ્પિટલ પહોંચતા પહેલા જ તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. ડોક્ટરોએ તેમને સત્તાવાર રીતે મૃત જાહેર કર્યા હતા અને મોતનું પ્રાથમિક કારણ હાર્ટ એટેક હોવાનું જણાવ્યું હતું. માત્ર ૪૭ વર્ષની નાની ઉંમરે ઘરના મોભી અને સરકારી કર્મચારી રાજુભાઈનું આ રીતે અચાનક મોત થતાં તેમના પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું છે. આ કરુણ ઘટનાને પગલે પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું છે. કચેરીના સાથી કર્મચારીઓએ પણ એક નિષ્ઠાવાન સાથી ગુમાવ્યાનું ભારે દુઃખ વ્યક્ત કર્યું છે.

# ભારતમાં ચોમાસાની મુખ્ય બે સાઈકલ વરસાદ લાવતી રહે છે

**ભારતમાં હવાની આ દિશા બદલાતી રહે છે. તેના કારણે ભારતમાં બે મુખ્ય વરસાદી સિસ્ટમ એક્ટિવેટ થાય છે અને તે સિવાયની બે પેટા અથવા તો સ્થિતિ આધારિત વરસાદી સિસ્ટમ સક્રિય થાય છે. ભારતમાં સૌથી પહેલાં સાઉથ વેસ્ટ મોનસુન એટલે કે જેને આપણે નૈત્યનું ચોમાસું કહીએ છીએ તે સક્રિય થાય છે. જૂનથી સપ્ટેમ્બર સુધી આ વરસાદી સિસ્ટમ એક્ટિવ હોય છે. ત્યારબાદ ઉત્તર-પૂર્વ ચોમાસું એક્ટિવ થાય છે.**

ભારતમાં જેની આતુરતાથી રાહ જોવાઈ રહી છે તે નૈત્યનું ચોમાસું કેરલમાં એન્ટ્રી કરીને આગળ વધી રહ્યું છે. એક તરફ ઉત્તર ભારત, મધ્ય ભારત અને પશ્ચિમ ભારતના રાજ્યો ગરમીમાં શેકાઈ રહ્યા છે ત્યાં દક્ષિણ ભારતમાં ચોમાસાએ માઝા મુકી છે. અનેક રાજ્યોમાં વરસાદી માહોલ જામેલો છે. આ ચોમાસું હવે ઉત્તર તરફ ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. ચોમાસું બે-ત્રણ દિવસમાં મુંબઈ સુધી પહોંચી જવાના વરતારા છે. ગુજરાતમાં પણ ચોમાસું કદાચ વહેલું આવી શકે બાકી હાલમાં તો પ્રી મોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે એકાદ અઠવાડિયું છુટાછવાયા ઝાપટા પડવાની આગાહી હવામાન નિષ્ણાતોએ કરી હતી. આ બધા વચ્ચે રસપ્રદ બાબત એ છે કે, અલગ અલગ વિસ્તારમાંથી ભારતમાં પ્રવેશ કરતા પવનો ભારતમાં ચોમાસું લાવે છે. ભારતમાં હકિકતે ચોમાસું માત્ર એક જ તુ નથી. આ એક વૈજ્ઞાનિક ઘટના છે. આ એવી કુદરતી ઘટના છે જે દેશની સંસ્કૃતિ, સમાજ વ્યવસ્થા અને સૌથી મોટું તો અર્થવ્યવસ્થા સાથે જોડાયેલી છે. સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે, જૂનથી શરૂ કરીને સપ્ટેમ્બર સુધી આવતો વરસાદ ચોમાસું છે. વાસ્તવિકતા તેનાથી કંઈક જુદી છે. હવામાન ખાતા પ્રમાણે મોનસુનનું કેનવાસ ખૂબ જ વિસ્તૃત છે. ભારતમાં અલગ અલગ વિસ્તારોમાં વરસાદ પાડવાની જવાબદારી અલગ અલગ પવનો અને તેની પેટર્નની હોય છે. કુદરતી રીતે વહેતા પવનોની એક પેટર્ન છે જે દેશના વિવિધ દિશાઓમાં આવેલા પ્રદેશોમાં વરસાદ લાવવા માટે કારણભૂત હોય છે. મોનસુન શબ્દની ઉત્પત્તી અરબી ભાષામાંથી થઈ છે. તેમાં મૌસિમ શબ્દ એટલે તુ અથવા મૌસમ થાય છે. હવાની દિશામાં છ મહિનામાં થતા ફેરફારને મોનસુનની સાચી પરિભાષા માનવામાં આવે છે. ભારતમાં ચોમાસાને સમજતા પહેલાં એ જાણીએ કે ચોમાસું આવે છે શા માટે. જમીન અને સમુદ્ર સાથે તેનો સીધો સંબંધ છે. ઉનાળા દરમિયાન સૂર્યનો સીધો તાપ ભારતના મેદાની ભાગમાં પડે છે. તેના કારણે ગરમ અને હળવી હવા ધીમે ધીમે ઉપર તરફ ગતિ કરે છે. ત્યાં એક લો પ્રેશર સિસ્ટમ તૈયાર થાય છે. બીજી તરફ હિન્દ મહાસાગર અને અરબ સાગરનું પાણી જમીનની સરખામણીએ થોડું મોડું ગરમ થાય છે. તેના કારણે ત્યાં હાઈ પ્રેશર સિસ્ટમ એક્ટિવેટ થાય છે. બીજી તરફ ગરમી અને ઠંડી દરમિયાન હવાની ઝડપ અને દિશા પણ અલગ અલગ હોય છે. વિજ્ઞાનનો નિયમ છે કે, હવા કાયમ ઉચ્ચ દબાણથી નીચા દબાણ તરફ ગતિ કરે છે. તેના કારણે સમુદ્રની ભેજવાળી ઠંડી હવા ઝડપથી જમીની ભાગ તરફ આગળ વધે છે અને તેના કારણે જ વરસાદ પડે છે. ભારતમાં હવાની આ દિશા બદલાતી રહે છે. તેના કારણે ભારતમાં બે મુખ્ય વરસાદી સિસ્ટમ એક્ટિવેટ થાય છે અને તે સિવાયની બે પેટા અથવા તો સ્થિતિ આધારિત વરસાદી સિસ્ટમ સક્રિય થાય છે. ભારતમાં સૌથી પહેલાં સાઉથ વેસ્ટ મોનસુન એટલે કે જેને આપણે નૈત્યનું ચોમાસું કહીએ છીએ તે સક્રિય થાય છે. જૂનથી સપ્ટેમ્બર સુધી આ વરસાદી સિસ્ટમ એક્ટિવ હોય છે. ત્યારબાદ ઉત્તર-પૂર્વ ચોમાસું એક્ટિવ થાય છે. તે સપ્ટેમ્બરથી ડિસેમ્બર સુધી વરસાદ લાવે છે. આ સિવાય શીતકાલીન ચોમાસું પણ એક્ટિવ થાય છે જે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં અસર બતાવે છે. તે સિવાય ભારતમાં પ્રિ મોન્સુન એક્ટિવિટી હોય છે જે માર્ચથી મે મહિના સુધીમાં છુટા છવાયા ઝાપટા સ્વરૂપે વરસાદ પાડે છે. મહત્ત્વની વાત એ છે કે, જાન્યુઆરી-ફેબ્રુઆરી તથા માર્ચથી મે દરમિયાન સખત ઠંડી અને ગરમી હોય છે. તેના કારણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતું હોય છે અને વારંવાર પ્રી મોનસુન એક્ટિવિટી થતી હોય છે. એપ્રિલ અને મે મહિનામાં આવી એક્ટિવિટી વધારે થતી હોય છે. તેના કારણે વાવાઝોડા સાથે વરસાદ અને કરા પડતા હોય છે. તેમ છતાં આ પ્રી મોનસુન શાવરને વરસાદ જ ગણવામાં આવે છે. કેટલાક રાજ્યોમાં આ વરસાદને સારો માનવામાં આવે છે. વૈજ્ઞાનિક રીતે તેને માવઠું કહેવાય છે. તેમ છતાં પશ્ચિમ બંગાળ અને આસમમાં તેને કાલ બૈસાખી કહે છે. તેમાં પડતો વરસાદ ખેતી માટે સારો ગણાય છે. બીજી તરફ કર્ણાટક અને કેરળમાં માવઠાને મોંગો શાવર કહે છે. ત્યાં કેરી પાકવામાં પ્રી મોનસુન મદદ કરે છે. તેવી જ રીતે કર્ણાટકમાં તેને કોફીના પાકમાં




મદદ મળતી હોવાથી તેને કોફી બ્લોસમ પણ કહે છે. આ વરસાદ બાદ કોફીના પાકમાં ફુલો ખીલવા લાગે છે. તેવી જ રીતે જો વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની વાત કરીએ તો ડિસેમ્બરથી માર્ચ વચ્ચે ખાસ કરીને ઉત્તર ભારતના રાજ્યો અને હિમાલય પર્વતીય રાજ્યોમાં આ વરસાદ અને બરફવર્ષા થતી હોય છે. તેને ચોમાસા સાથે સીધો કોઈ સંબંધ નથી છતાં તેને પવનોના આધારે પડતા વરસાદી તફાવતનો એક ભાગ ગણાય છે. ભૂમધ્ય સાગરમાં સર્જાયેલા પવનો જેટ સ્ટ્રીમ દ્વારા ભારત સુધી આવે છે. આ વરસાદ ઘઉંના પાક માટે લાભકારક હોય છે તેવું માનવામાં આવે છે. આ વરસાદી સિસ્ટમને અલ નીનો અને લા નીનો અસર કરનારા બે મોટા પરિબળો છે. લા નીનોના કારણે અતિશય વરસાદ થાય છે જ્યારે અલ નીનોના કારણે વરસાદમાં ઘટ આવે છે. આ વખતે અલ નીનોની અસર વ્યાપક રીતે થવાની પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. નૈત્યનું ચોમાસું ભારતની લાઈફલાઈન ગણાય છે, ૪૦ ટકા વરસાદ પડે છે ભારતમાં જૂન મહિનાથી સપ્ટેમ્બર મહિના સુધી ચાલતી ચોમાસાની તુ જ ભારતની મુખ્ય વરસાદી સિસ્ટમ ગણાય છે. તેને દક્ષિણ-પશ્ચિમ કે પછી નૈત્યનું ચોમાસું કહેવામાં આવે છે. ભારતમાં પડતા કુલ વરસાદનો ૮૦ ટકા જેટલો વરસાદ આ સમયગાળા દરમિયાન પડે છે. દેશની ખેતી અને નદીઓના પાણી આ સિસ્ટમ ઉપર આધાર રાખે છે. મે મહિનાના અંત સુધીમાં ભયાનક ગરમીને પગલે ઉત્તર ભારતમાં લોઅર પ્રેશર સિસ્ટમ સક્રિય થાય છે. ત્યારે ભૂમધ્ય રેખાથી આવનારા પવનો ભારત તરફ ખેંચાય છે. આ પવનો દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી ભારતમાં પ્રવેશ કરે છે તેથી તેને નૈત્યનું ચોમાસું કહેવામાં આવે છે. ભારતનો પેનિન્સુલર આકાર હોવાથી આ ચોમાસું આગળ જતા બે ભાગમાં વહેંચાય છે. તેમાં પહેલી અરબ સાગરની શાખાનો ભાગ પડે છે. જૂનના શરૂઆતના સમયમાં આ ચોમાસું કેરલમાં પહોંચી જાય છે. ત્યાંથી તે ઝડપથી પશ્ચિમી ઘાટના પર્વતોને ટકરાઈને મુંબઈ, ગોવા અને સમગ્ર કોંકણ વિસ્તારમાં વરસાદ પાડે છે. ત્યારબાદ તે પશ્ચિમ ઘાટને પસાર કરે મધ્ય ભારત તરફ આગળ વધે છે. તેની એક પેટા શાખા ગુજરાત, રાજસ્થાન ઉપર વરસાદ લાવીને હિમાલય તરફ આગળ વધે છે જ્યારે મુખ્ય પવનો મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ તરફ આગળ વધે છે. અવલ્લી પર્વતમાળા નડતી હોવાથી આ વરસાદી સિસ્ટમ રાજસ્થાનમાં વધારે વરસતી નથી અને આગળ વધી જાય છે. તેના કારણે રાજસ્થાનનો એક મોટો ભૂભાગ કોરો જ રહી જાય છે. બીજી તરફ કરેલમાંથી વહેંચાયેલું ચોમાસું બંગાળની ખાડી થઈને બાંગ્લાદેશ અને મ્યાંમાર થઈને ભારતના ઉત્તર પૂર્વના રાજ્યોમાં પહોંચે છે. અહીંયા ગારો, ખાસી અને જયંતિયા પર્વતોની રચના એવી છે કે, આ પવન અટકી જાય છે અને આસમ, મેઘાલય, સિક્કિમ, નાગાલેન્ડમાં ભારે વરસાદ આવે છે. ત્યારબાદ આ પવનો પશ્ચિમ તરફ આગળ વધે છે અને હિમાલય સાથે ટકરાઈને દિલ્હી અને પંજાબ તરફ આગળ જાય છે. આ દરમિયાન તેમાં ભેજ ઘટી ગયો હોય છે પણ જુલાઈના અંતમાં કે ઓગસ્ટમાં પશ્ચિમી ઘાટ તરફથી આગળ વધેલી સિસ્ટમ પણ આની સાથે જોડાય છે અને બંને ભેગા થઈને ઉત્તર ભારતમાં વરસાદ લાવે છે. ઉત્તર-પૂર્વનો વરસાદ એટલે કે પાછા ફરતા મૌસમી પવનો પણ વરસાદ લાવે છે ઓક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન આ સિસ્ટમ એક્ટિવેટ થાય છે. તેના કારણે ભારતના કુલ વરસાદમાંથી ૧૫ ટકા જેવો વરસાદ પડે છે. સપ્ટેમ્બર પૂરો થવા આવે ત્યાં સુધીમાં સૂર્યના કિરણો ભૂમધ્ય રેખા તરફ ઢળવા લાગે છે. તેના કારણે ઉત્તર ભારત ઠંડુ થવા લાગે છે અને ત્યાં હાઈ પ્રેશર સિસ્ટમ સક્રિય થાય છે. બીજી તરફ હિન્દ મહાસાગરમાં લો પ્રેશર સિસ્ટમ સર્જાય છે. તેના કારણે આ હાઈ પ્રેશર સિસ્ટમના પવનો જમીનથી દરિયા તરફ ગતિ કરવા લાગે છે. સપ્ટેમ્બરના અંત સુધીમાં આ સિસ્ટમ ઉત્તર-પશ્ચિમના ભાગ તથા મધ્ય ભાગને છોડીને આગળ વધે છે અને ઓક્ટોબર આવતા સુધીમાં દક્ષિણ તરફ જવા લાગે છે. આ પવનો જમીનથી દરિયા તરફ ગતિ કરતા હોવાથી તેમાં ખાસ ભેજ હોતો નથી તેથી વધારે વરસાદ પડતો નથી. ઉત્તર ભારતમાં તેના કારણે વાતાવરણ શુષ્ક થવા લાગે છે અને ઠંડી વધવા લાગે છે. આ પવનો બંગાળની ખાડી ઉપરથી પસાર થઈને તેમાંથી ભેજ ખેંચીને આગળ વધે છે અને તમિલાનાડુ, આંધ્ર પ્રદેશ, પુડુચેરી જેવા રાજ્યોમાં મુશળધાર વરસાદ લાવે છે. દક્ષિણના રાજ્યોમાં મોટાભાગે આ સમયગાળામાં જ સૌથી વધારે વરસાદ થતો હોય છે. દક્ષિણ ભારતમાં આ ચોમાસાને ચેન્નઈ ફ્લડ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## તંત્રી લેખ...

### બુદ્ધિના ચોકઠા વિરુદ્ધ હૃદયનો વૈભવ: જ્યાં ગણતરીઓ હારે છે અને લાગણીઓ જીતે છે

માનવ જીવન એ સંબંધોનું એક સુંદર અને નાજુક તારામંડળ છે. જન્મથી લઈને મૃત્યુ સુધી આપણે સ્નેહ, લોહી, મિત્રતા અને વ્યવહારના અનેક તાણાવાણાથી ગૂંથાયેલા રહીએ છીએ. પરંતુ આજના આધુનિક, ગતિશીલ અને અતિ-વ્યવહારુ યુગમાં સંબંધોના આયુષ્ય અને તેની વ્યાખ્યાઓ ઝડપથી બદલાઈ રહી છે. આ દોડધામ ભરી જિંદગીમાં એક શાશ્વત અને કડવું સત્ય હંમેશા યાદ રાખવા જેવું છે: *'સંબંધમાં જ્યાં બુદ્ધિનું શાસન ચાલે છે ને... ત્યાં સંબંધ હારે છે, અને જ્યાં હૃદયનું શાસન ચાલે છે ત્યાં સંબંધ જીતે છે.'*



જ્યારે બુદ્ધિ બને છે સંબંધોની વિલન

બુદ્ધિનું મૂળભૂત કામ છે વિશ્લેષણ કરવાનું, નફો-નુકસાન તોલવાનું, અપેક્ષાઓના ગણિત માંડવાનું અને તર્ક-વિતર્ક કરવાનું. વ્યાપાર, નોકરી કે ભૌતિક જગતની સફળતા માટે બુદ્ધિ સર્વશ્રેષ્ઠ અને અનિવાર્ય સાધન સાબિત થઈ શકે છે; પરંતુ જ્યારે આ જ બુદ્ધિ પોતાના અહંકાર અને તર્કના ચોકઠા લઈને સંબંધોની અદાલત ગોઠવવા બેસે છે, ત્યારે તે સંબંધનું પતન નક્કી હોય છે.

જ્યાં અપેક્ષાઓના હિસાબ-કિતાબ રાખવામાં આવે, કોણે કોના માટે કેટલું કર્યું તેની અદ્રશ્ય ડાયરીઓ લખાતી હોય, અને 'ગીવ એન્ડ ટેક' (લેવડ-દેવડ)ના કાયદાઓ લાગુ પડતા હોય, ત્યાંથી સ્નેહની સાચી સુવાસ ગાયબ થઈ જાય છે. બુદ્ધિથી ચાલતા સંબંધો માત્ર એક સોદો અથવા કરાર (Deal) બનીને રહી જાય છે. આવી સ્થિતિમાં જ્યારે સ્વાર્થ પૂરો થાય છે, ત્યારે સંબંધો પણ પત્તાના મહેલની જેમ તૂટી પડે છે. બુદ્ધિ માણસને વકીલ બનાવે છે, જે સામેની વ્યક્તિની માત્ર ભૂલો જ શોધ્યા કરે છે.

હૃદયનું શાસન: સમર્પણ, ક્ષમા અને સ્વીકારનો ઉત્સવ

બીજી તરફ, જ્યાં હૃદયનું શાસન હોય છે ત્યાં કોઈ ગણતરી કે શરતો હોતી નથી. હૃદયનું ગણિત દુનિયાના ગણિત કરતાં સાવ જુદું અને અનોખું છે–ત્યાં 'એક વત્તા એક બરાબર એક' જ થાય છે! હૃદય માત્ર આપવાનું જાણે છે, જતું કરવાનું જાણે છે અને સૌથી અગત્યનું, એ સામેની વ્યક્તિને તેની તમામ ખામીઓ અને મર્યાદાઓ સાથે સ્વીકારવાનું જાણે છે.

જ્યાં પ્રેમ, લાગણી, કરુણા, અપેક્ષારહિત સ્નેહ અને આદર મુખ્ય સ્થાને હોય, ત્યાં સંબંધોનો પાયો એટલો મજબૂત હોય છે કે વહેવારિક દુનિયાની ગમે તેવી આંધી કે ગેરસમજણ આવે તો પણ એ ક્યારેય તૂટતા નથી. હૃદયથી જોડાયેલા માણસો એકબીજાની ભૂલોને ક્ષમા આપે છે અને કટોકટીના સમયે કોઈ પણ સ્વાર્થ વગર પડખે ઊભા રહે છે. આવા સંબંધોમાં કોઈ એકની જીત કે હારનો કોઈ અર્થ નથી હોતો, કારણ કે પરસ્પરની ખુશી અને સંતોષમાં જ સાચી જીત છુપાયેલી હોય છે.

જીવનનો સાચો અને મધુર મંત્ર

આપણે એ ન ભૂલવું જોઈએ કે, મગજ (બુદ્ધિ) આપણને ભૌતિક જગતમાં વૈભવ અને સફળતા અપાવી શકે છે, પરંતુ હૃદય જ આપણને માનસિક શાંતિ, હૂંફ અને આત્મિક સંતોષ આપી શકે છે. જો આપણા કૌટુંબિક, સામાજિક કે મિત્રતાના સંબંધોને લાંબા ગાળા સુધી જીવંત, ગરમાગરમ અને મધુર રાખવા હોય, તો તર્કના ત્રાજવા અને અહંકારને બાજુ પર મૂકવા જ પડશે. સંબંધો સાચવવા માટે ક્યારેક નમવું પડે છે, તો ક્યારેક જતું કરવું પડે છે.

આથી જ, વ્યવહારની દુનિયામાં ભલે બુદ્ધિનો પૂરતો ઉપયોગ કરીએ, પણ આપણા વહાલાઓ, સ્નેહીજનો અને પરિવારની દુનિયામાં માત્રને માત્ર હૃદયના શાસનને જ સર્વોપરી રાખીએ. કારણ કે દિવસના અંતે, જિંદગીના ચોપડામાં એ જ સંબંધો નફા સમાન ટકી રહે છે જે બુદ્ધિની ગણતરીથી નહીં, પણ હૃદયની લાગણીભરી શાહીથી લખાયેલા હોય છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ઈરાન સામે ફરી યુદ્ધ: ઈઝરાયેલના હાથના કર્યા USને હૈયે વાગ્યા

**૯ જૂને થયેલી અમેરિકી હેલિકોપ્ટર અને ઈરાની ડ્રોન વચ્ચેની ટક્કરને પગલે સ્થિતિ વણસી છે. તેણે અટકી ગયેલા યુદ્ધાના અગ્નિમાં ઘી રેડવાનું કામ કર્યું છે. અમેરિકાએ અને ઈઝરાયેલે ફરી ઈરાન ઉપર હુમલા શરૂ કરી દીધા છે. ઈરાને પણ ઈઝરાયેલ અને મિડલ ઈસ્ટના કેટલાક દેશોને ટાર્ગેટ કરીને હુમલા શરૂ કરી દીધા છે. તેણે આ દેશોમાં અમેરિકી ઠેકાણાઓ ઉપર હુમલા કર્યા છે : યુદ્ધ અટકાવવા માટે ઈરાન અને અમેરિકા વાટાઘાટો કરતા હતા ત્યાં ઈઝરાયેલ લેબેનોન ઉપર હુમલા કરતું હતું. ઈરાને શરત મૂકી હતી કે, લેબેનોન પર ઈઝરાયેલના હુમલા બંધ નહીં થાય ત્યાં સુધી શાંતિ મંત્રણા યોજાશે નહીં.**

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ વિરામનો ફરી એક વખત અંત આવ્યો છે. ઈઝરાયેલના કારણે ઈરાન સામે યુદ્ધ શરૂ કરનાર અમેરિકા ફરી એક વખત હિંસક હુમલા કરવા લાગ્યું છે. એપ્રિલમાં અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ વિરામ થયો હતો. ત્યારબાદ અમેરિકા અને ઈરાન વિવિધ મુદ્દે વાતચીત કરીને આ યુદ્ધનો અંત આણવા માગતા હતા પણ ઈઝરાયેલ હવે અમેરિકાના કહ્યામાં રહ્યું નથી અને તેને ગાંઠતું પણ નથી. તાજેતરમાં ઈઝરાયેલે લેબેનોનના વિવિધ ભાગમાં હવાઈ હુમલા કર્યા હતા. તેના જવાબમાં ગુસ્સે થયેલા ઈરાને પણ હવાઈ હુમાલ શરૂ કર્યા હતા. આ દરમિયાન હોર્મુઝની ખાડીમાં અમેરિકાનું એક હેલિકોપ્ટર અપાચે તૂટી પડ્યું. આ હેલિકોપ્ટરને ઈરાની ડ્રોન અથડાયાની વિગતો સામે આવ્યા બાદ અમેરિકાએ તેને હુમલો સમજી લીધો અને તેણે પણ સામે છેડેથી જવાબી પગલાં લેતા ભીષણ હુમલા શરૂ કરી દીધા. તેના પગલે ફરી એક વખત મિડલ ઈસ્ટમાં સ્થિતિ કાબુ બહાર જતી રહી. ઉલ્લેખનીય છે કે, ૯ જૂને થયેલી અમેરિકી હેલિકોપ્ટર અને ઈરાની ડ્રોન વચ્ચેની ટક્કરને પગલે સ્થિતિ વણસી છે. તેણે અટકી ગયેલા યુદ્ધાના અગ્નિમાં ઘી રેડવાનું કામ કર્યું છે. અમેરિકાએ અને ઈઝરાયેલે ફરી ઈરાન ઉપર હુમલા શરૂ કરી દીધા છે. ઈરાને પણ ઈઝરાયેલ અને મિડલ ઈસ્ટના કેટલાક દેશોને ટાર્ગેટ કરીને હુમલા શરૂ કરી દીધા છે. તેણે આ દેશોમાં અમેરિકી ઠેકાણાઓ ઉપર હુમલા કર્યા છે. અમેરિકા અને ઈઝરાયેલે પણ ઈરાનના કેટલાક બંદરો અને શહેરો ઉપર હુમલા કર્યા છે. ચિંતાજનક બાબત એવી છે કે, આ ત્રણેય વચ્ચે વાટાઘાટો લગભગ છેલ્લા તબક્કામાં પહોંચી હતી અને કાયમી ધોરણે યુદ્ધ વિરામ આવે તેવી સ્થિતિ હતી ત્યાં હુમલા થતા પરિસ્થિતિ પાછી કાબુ બહાર જતી રહી છે. જાણકારોના મતે ઈઝરાયેલ તો આ હુમલાથી વધારે ખુશ છે. જાણકારોના મતે ઈઝરાયેલના હાથના કરેલા હવે અમેરિકાને હૈયે વાગી રહ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે એપ્રિલમાં યુદ્ધ વિરામ જાહેર થયો હતો. આ દરમિયાન એક મોટી સમસ્યા સામે આવતી હતી. યુદ્ધ અટકાવવા માટે ઈરાન અને અમેરિકા વાટાઘાટો કરતા હતા ત્યાં ઈઝરાયેલ લેબેનોન ઉપર હુમલા કરતું હતું. ઈરાને શરત મૂકી હતી કે, લેબેનોન પર ઈઝરાયેલના હુમલા બંધ નહીં થાય ત્યાં સુધી શાંતિ મંત્રણા યોજાશે નહીં. ઈઝરાયેલે આ વાત પહેલાં માની નહીં



અને લેબેનોન ઉપર હુમલા વધારી દીધા. અમેરિકા તેના કારણે અકળાયું. બાદમાં તેણે હુમલા અટકાવી લીધા અને ઈરાન સંધી માટે રાજી થવા લાગ્યું હતું. આ દરમિયાન થોડા દિવસ પહેલાં ઈઝરાયેલે ફરી એક વખત લેબેનોનમાં હિઝબુલ્લાના ઠેકાણાઓ ઉપર મિસાઈલમારો શરૂ કરી દીધો. તેણે અમેરિકાની ચેતવણી ધરાર અવગણીને બેરૂતમાં વિવિધ સ્થળે હુમલા કર્યા. તેના કારણે સ્થિતિ એવી થઈ કે ત્યાં ઘણા નિર્દોષ સ્થાનિકોનાં મોત થયા. ઈરાન આ હુમલાથી અકળાયું. તેણે તરત જ ચેતવણી આપી કે, આવા હુમલાનો તેની જ ભાષામાં જવાબ અપાશે. ઈરાને પણ ઈઝરાયેલ ઉપર હુમલા શરૂ કરી દીધા. તેણે આ સિવાય મિડલ ઈસ્ટના કેટલાક દેશોને પણ ટાર્ગેટ કર્યા. આ ઘટનાના ભૂતકાળમાં જઈએ તો અઠવાડિયા પહેલાં ૪ જૂને ઈઝરાયેલ અને હિઝબુલ્લા વચ્ચે યુદ્ધ વિરામ કરવા માટે વાટાઘાટો કરવામાં આવી હતી. તે સમયે હિઝબુલ્લાએ જણાવ્યું કે, જ્યાં સુધી ઈરાન લેબેનોનમાં હુમલા અટકાવશે નહીં અને લેબેનોનની ધરતી છોડશે નહીં ત્યાં સુધી કોઈ યુદ્ધ વિરામ નહીં થાય. ત્યારબાદ ઈઝરાયેલે ગુસ્સે થઈને સરહદે ગોળીબાર શરૂ કર્યો અને હિઝબુલ્લાએ પણ તેનો જવાબ આપ્યો. બીજા દિવસે એટલે કે પાંચમી જૂને ઈરાનના રિવોલ્યૂશનરી ગાર્ડના એક ઉપરી અધિકારીએ ચેતવણી ઉચ્ચારી કે જ્યાં સુધી લેબેનોન પર ઈઝરાયેલના હુમલા અટકે નહીં ત્યાં સુધી વાત થશે નહીં. હવે આ હુમલા સહન કરવામાં આવશે નહીં. તેમણે એમ પણ જણાવ્યું કે, ઈઝરાયેલે પણ લેબેનોનમાં જે નરસંહાર કર્યો છે તેના કારણે ઈરાનના લોકો હવે બદલો લેવા આકરા થયા છે. જનતાને શાંત કરવા પણ અમારે હુમલા તો કરવા જ પડશે. હવે બદલો લેવામાં આવશે. આ ઘટનાનું પરિણામ એ આવ્યું કે, અમેરિકા અને ઈરાન વચ્ચેની મંત્રણાઓ અટકી ગઈ. હિઝબુલ્લાએ જવાબ આપવા ઉત્તરી ઈઝરાયેલ ઉપર રોકેટ હુમલો કર્યો અને આત્મઘાતી ડ્રોન વરસાવ્યા. તેના જવાબમાં ઈઝરાયેલની સેનાએ પણ લેબેનોન સરહદ ઉપર ભીષણ હુમલો કર્યો. આ હુમલા દરમિયાન ૭ જૂનને રવિવારે સ્થિતિ એકદમ જ પલટાઈ ગઈ. ઈઝરાયેલે બેરુતના એક વીઆઈપી વિસ્તારમાં હવાઈ હુમલો કર્યો જેમાં સામાન્ય નાગરિકોનાં મોત થયા. તેના બદલામાં ઈરાને પણ ઈઝરાયેલના રમાત ડેવિડ એરબેઝ ઉપર ૩૦ બેલેસ્ટિક મિસાઈલ છોડી. ઈઝરાયેલના એર ડિફેન્સ સિસ્ટમને ભેદીને આ મિસાઈલો વિવિધ સ્થળે પડી અને વ્યાપક નુકસાન અને જાનહાની થયા. ઈઝરાયેલે સોમવારે તેના જવાબમાં બીજી એસ્ટ્રાઈક કરી. સોમવારે જ આ ઘટનાની ટ્રમ્પે નિંદા કરી અને તાકીદે ઈરાન તથા ઈઝરાયેલને હુમલા અટકાવવા માટે ચેતવણી આપવામાં આવી. ટ્રમ્પે સોશિયલ મીડિયા દ્વારા યુદ્ધ અટકાવવાનો પણ સંદેશ આપ્યો હતો. આ દેશો માન્યા નહોતા. તેઓ એકબીજા ઉપર હુમલા કરતા હતા. આ દરમિયાન મંગળવારે હોર્મુઝની ખાડીમાં અમેરિકાનું અપાચે હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું. તપાસમાં બહાર આવ્યું કે, ઈરાનના આત્મઘાતી ડ્રોન જોડે અથડાવાથી આ હેલિકોપ્ટર તુટી પડયું હતું. આ ઘટનામાં પાઈલટ્સ બચી ગયા હતા પણ ટ્રમ્પ તેનાથી ગુસ્સે થઈ ગયા. તેમણે અમેરિકી સેનાને તાત્કાલિક ઈરાન ઉપર હુમલો કરવાના આદેશ આપ્યા. કલાકોમાં જ અમેરિકાના ફાઈટર વિમાનો દ્વારા ઈરાન ઉપર હુમલા શરૂ કરી દેવાયા. જાણકારોના મતે અમેરિકાની જે યુદ્ધ નીતિ છે તેને આધિન રહીને જ તેણે હુમલા શરૂ કરી દીધા છે. અમેરિકા પોતાની જાતને કોઈપણ સ્તરે નબળું સાબિત કરવા માગતું નથી. ઈરાને જે કર્યું છે તેનું પરિણામ તેણે ભોગવવું જ પડશે. તે સહેજ પણ ઢીલ મુકે તો તેની છબી ખરડાય તેમ છે અને તેના કારણે જ તેણે ઈરાન ઉપર હુમલા કર્યા. અમેરિકાનો એવો પણ સ્પષ્ટ સંદેશ હતો કે, અમે યુદ્ધ વિરામ માટે પ્રયાસ કરી રહ્યા છે ત્યાં તમે અમને પરેશાન કરવાનું સાહસ ન કરશો નહીંતર ભયાનક પરિણામ ભોગવવા પડશે. એક નાનકડો હુમલો પણ દુશ્મનને આગળ વધવાનો અવસર આપી શકે છે અને તેની ઈચ્છા શક્તિ પ્રબળ બનાવી શકે છે. તેના કારણે અમેરિકા તેને ઉગતો જ ડામી દેવામાં માને છે. તેના કારણે જ શાંતિની ચર્ચા વચ્ચે તેણે ફરી યુદ્ધનો માર્ગ અપનાવ્યો. ઈરાનનો પણ સ્પષ્ટ સંકેત લેબનોનના ભોગે કોઈ શાંતિ મંત્રણા નહીં થાય ઈરાને પણ હવે અમેરિકા સામે શસ્ત્રો ફરી ઉપાડી લીધા છે. અમેરિકાની અપાચે હેલિકોપ્ટર ભુલથી હુમલાનો ભોગ બની ગયું કે તેને ટાર્ગેટ કરાયું હતું તેના વિશે કોઈ નક્કર માહિતી નથી. તેમ છતાં આ ઘટના બાદ અમેરિકાએ જે રીતે ઈરાન ઉપર હુમલા કર્યા અને ઈઝરાયેલે હુમલા કર્યા તેના કારણે ઈરાન છંછેડાયું છે. તેણે ઈઝરાયેલ, અમેરિકા ઉપરાંત મિડલ ઈસ્ટના અમેરિકાના સાથી દેશોને પણ ટાર્ગેટ કરવાનું ફરી શરૂ કરી દીધું છે. ઈરાનનો સ્પષ્ટ સંદેશ છે કે, હિઝબુલ્લા અને હુથી તેમના સાથીઓ છે અને તેમને પીડા થશે તો ઈરાન તેનો જવાબ આપશે. તેના પગલે તેણે વળતા હુમલા શરૂ કરી દીધા. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ પણ માને છે કે, યુએસનું જે હેલિકોપ્ટર તુટી પડયું તે હુમલો જ હતો. આ માત્ર યુદ્ધનો સંકેત નહીં પણ અમેરિકી સંપ્રભુતા અને સૈન્ય ઉપર હુમલો હતો. તેના પગલે જ તેમણે ઈરાન ઉપર સીધો જ બોમ્બમારો શરૂ કરાવી દીધો. હાલમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાનની જે સ્થિતિ છે અને તેમની વચ્ચે જે રીતે યુદ્ધ ચાલી રહ્યું છે તે જોતાં વિશ્વને ફરી તેની માઠી અસરો ભોગવવી પડે તેવું દેખાઈ રહ્યું છે. રશિયા અને ચીન જેવા દેશો પડદા પાછળ રહીને ઈરાનને સપોર્ટ કરી રહ્યા છે તેવા દાવા કરી છે. તેઓ સીધી રીતે યુદ્ધ કરતા નથી પણ ઈરાનને પ્રોત્સાહન અને સપોર્ટ જરૂર આપશે. ચિંતાજનક બાબત એવી છે કે, યુએન દ્વારા જાહેર કરાયું છે કે આ યુદ્ધ ખેંચાશે તો ત્રીજા વિશ્વયુદ્ધની પણ સ્થિતિ આવી શકે છે. આ સિવાય વૈશ્વિક બજારમાં પણ મોટાપાયે કડાકો આવશે અને મોંઘવારી તથા ફુગાવો વધશે. અમેરિકાએ ફરી એક વખત જાહેરાત કરી લીધી છે કે, તે પાછળ ખસશે નહીં. બીજી તરફ ઈઝરાયેલ તો પહેલેથી જ લડી લેવાના મૂડમાં છે અને કોઈપણ ભોગે ઈરાનનો નાશ કરવા માગે છે. આ સંજોગોમાં ઈરાન પણ મરણીયું થઈને આ બંને દેશોનો આક્રમક જવાબ આપશે અને ફરી એક વખત ક્રૂડના વૈશ્વિક વેપારની અટવાઈ દેશે.

## અવાજમાં અચાનક ફેરફાર કોઈ બીમારીનો સંકેત છે?

આપણે અવાજને માત્ર સંચારનું માધ્યમ માનીએ છીએ, પરંતુ તે આપણા સ્વાસ્થ્યનો એક મહત્વપૂર્ણ સંકેત પણ છે. સામાન્ય રીતે શરદી-ખાંસી કે થાક લાગવા પર અવાજમાં હળવો ફેરફાર થાય છે. ઘણીવાર અવાજમાં ફેરફાર ડાયાબિટીસ, થાઈરોઈડ, હૃદય રોગ અથવા ન્યુરોલોજીકલ સમસ્યાઓનો સંકેત પણ હોઈ શકે છે. અવાજ મગજ, ફેફસાં અને વોકલ કોર્ડના સંકલનથી બને છે. તેથી, આમાંથી કોઈપણ ખામીની અસર તરત જ અવાજ પર દેખાય છે. આવી સ્થિતિમાં, પ્રશ્ન એ છે કે અવાજમાં થતા કયા ફેરફારો સામાન્ય છે અને કોને અવગણવા ન જોઈએ? અવાજ એક ન્યુરો-મસ્ક્યુલર અને રેસ્પિરેટરી પ્રક્રિયા છે, જેમાં ઘણા અંગો એકસાથે કામ કરે છે. મગજ: બોલવાનું કંટ્રોલ સેન્ટર છે, જે શ્વાસ, સ્નાયુઓ અને અવાજને નિર્દેશ આપે છે. ફેફસાં: હવાનું દબાણ બનાવે છે, જે અવાજની ઊર્જાનો મુખ્ય સ્ત્રોત છે. વોકલ કોર્ડ્સ (લેરીંક્સ): હવા પસાર થતાં કંપન કરે છે અને અવાજ ઉત્પન્ન કરે છે. જીભ, હોઠ અને દાંત: અવાજને સ્પષ્ટ શબ્દોમાં બદલે છે, તેને આર્ટિક્યુલેશન કહેવાય છે. નાક અને ગળું: અવાજની ગુંજ, ટોન અને ગુણવત્તા નક્કી કરે છે. અવાજમાં હળવા ફેરફારો શરદી-ખાંસી, એલર્જી, ડિહાઈડ્રેશન અથવા વધુ બોલવાને કારણે હોઈ શકે છે. અવાજ બેસી જવો (હોર્સનેસ): અવાજ ભારે અથવા ઘોઘરો લાગે છે. અવાજ નબળો પડવો: અવાજ ધીમો અથવા ઓછો સ્પષ્ટ થઈ જાય છે. પિચમાં ફેરફાર: અવાજ ઊંચો અથવા નીચો થઈ શકે છે. ગણગણાટવાળો અથવા તૂટેલો અવાજ: શ્વાસ સાથે અવાજ તૂટી શકે છે. બોલવાની ગતિ બદલવી: ક્યારેક ઝડપી, ક્યારેક ધીમી થઈ શકે છે. ખરાશ અથવા કફ: ગળામાં કફને કારણે સ્પષ્ટતા ઓછી થઈ જાય છે. 2-3 અઠવાડિયાથી વધુ સમય માટે કર્કશતા: સતત ભારે અથવા બેસી ગયેલો અવાજ ગળાની સમસ્યાનો સંકેત હોઈ શકે છે. અચાનક બોલવામાં લથડવું: સ્ટ્રોક અથવા ન્યુરોલોજીકલ સમસ્યાનો સંકેત હોઈ શકે છે. બોલતી વખતે ખાંસી સાથે લોહી: ગળા અથવા ફેફસાંની ગંભીર બીમારીનું જોખમ હોઈ શકે છે. નબળો અથવા મોનોટોન અવાજ: નસો અથવા મગજ સંબંધિત સમસ્યાનો સંકેત હોઈ શકે છે. શ્વાસ લેવામાં તકલીફ: શ્વસનતંત્રની સમસ્યાનો સંકેત છે. અવાજમાં ફેરફારનું વિશ્લેષણ કરીને કેટલીક બીમારીઓના સંકેતો ઓળખી શકાય છે. તાજેતરના વર્ષોમાં વોઈસ એનાલિસિસ અને AI ટેકનિક્સ પર ઝડપથી સંશોધન થયું છે. આ ટેકનિક્સ અવાજની પિચ, સ્પીડ અને કંપનનું વિશ્લેષણ કરે છે.

અવાજના કંપનથી કોરોનરી આર્ટરી ડિસીઝના જોખમના સંકેતો મળી શકે છે.

પાક્કો ગુજરાત

શુક્રવાર | 12 જૂન 2026 | અમદાવાદ

### વકીલોનો આરપારનો જંગ સતત ચોથા દિવસે યથાવત

# ડિસ્ટ્રિક્ટ જજ સામે ગંભીર આક્ષેપો સાથે 700થી વધુ વકીલો કામકાજથી અળગા રહ્યા

આંદોલન પાછળનું મુખ્ય કારણ વર્તમાન ડિસ્ટ્રિક્ટ જજની વહીવટી શૈલી હોવાનું સામે આવ્યું છે : વકીલોનો આરોપ છે કે ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા સ્થાનિક વકીલોને નાની-નાની બાબતોમાં બિનજરૂરી રીતે પરેશાન કરવામાં આવે છે



ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-11 સ્થિત જીલ્લા અદાલત સંકુલમાં વકીલો અને ડિસ્ટ્રિક્ટ જજ વચ્ચેનો ગજગ્રાહ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. વકીલોની વર્ષો જૂની માળખાકીય અને ન્યાયિક વહીવટને લગતી પડતર માંગણીઓનો કોઈ ઉકેલ ન આવતા ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા શરૂ કરાયેલું આંદોલન આજે ચોથા દિવસે વધુ ઉગ્ર બન્યું છે. અંદાજે 700થી વધુ વકીલો અદાલતી કાર્યવાહીથી અળગા રહેતા સમગ્ર જીલ્લાની ન્યાયિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે.

જીલ્લા કોર્ટ સંકુલમાં વકીલોની વર્ષો જૂની પડતર માંગો સંતોષવામાં નહીં આવતા વકીલોમાં ભારે નારાજગી વ્યાપી ગઈ છે. જેના પગલે ગાંધીનગર બાર એસોસિએશનના નેજા હેઠળ વકીલોએ ડિક્સ્ટ્રીક્ટ જજ સામે મોરચો માંડ્યો છે. આજે અંદાજે 700થી વધુ વકીલો અદાલતી કાર્યવાહીથી અળગા રહીને વિરોધ નોંધાવ્યો છે. આ આંદોલનને સજ્જડ બનાવવા માટે વકીલોએ આજે કોર્ટ કેમ્પસમાં પક્ષકારોના પ્રવેશ પર પણ સંપૂર્ણ રોક લગાવી દીધી છે, જેને પગલે સવારથી પોતાના કેસ માટે આવેલા સેંકડો પક્ષકારો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

આ આક્રમક આંદોલન પાછળનું મુખ્ય કારણ વર્તમાન ડિસ્ટ્રિક્ટ જજની વહીવટી શૈલી હોવાનું સામે આવ્યું છે. વકીલોનો આરોપ છે કે ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા સ્થાનિક વકીલોને નાનીનાની બાબતોમાં બિનજરૂરી રીતે પરેશાન કરવામાં આવે છે. અદાલતી કાર્યવાહી દરમિયાન સામાન્ય ક્ષતિઓ પર પણ આકરા આર્થિક દંડ ફટકારવામાં આવે છે. જે વકીલોના સ્વમાન પર ત્રાપ સમાન છે.

આ ઉપરાંત સૌથી મોટો વિવાદ ભાષાનો ઉભો થયો છે. વર્તમાન ડિસ્ટ્રિક્ટ જજ ગુજરાત બહારના હોવાને કારણે તેઓ કોર્ટ રૂમમાં માત્ર હિંદી ભાષામાં જ દલીલો કરવાનો આગ્રહ રાખે છે. સ્થાનિક સ્તરે ગુજરાતીમાં વકીલાત કરતા વકીલો માટે હિંદીમાં જટિલ કાનૂની દલીલો રજૂ કરવી કષ્ટદાયક બની ગઈ છે. જજની આ વર્તણૂક અને કનડગતથી ત્રાસીને વકીલોએ હવે તેમની તાત્કાલિક બદલીની માંગ કરી છે.

બીજી તરફ કોર્ટની નવી બિલ્ડિંગમાં જગ્યાની ફાળવણીને લઈને પણ મોટો અસંતોષ પ્રવર્તી રહ્યો છે. ગાંધીનગર કોર્ટમાં આશરે 1500થી 2000 જેટલા વકીલો પ્રેક્ટિસ કરે છે, પરંતુ નવી બિલ્ડિંગમાં આ તમામ વકીલો માટે પૂરતી બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. વકીલોની માંગ છે કે નવી બિલ્ડિંગમાં અગાઉથી નક્કી પ્લાન મુજબ જ તમામ વકીલો માટે યોગ્ય ટેબલ અને બેઠકની જગ્યા ફાળવવામાં આવે.

આ પડતર પ્રશ્નોના ઉકેલ માટે વકીલોએ ડિસ્ટ્રિક્ટ જજને અગાઉ અનેકવાર લેખિત રજૂઆતો કરી હતી. પરંતુ ન્યાય તંત્ર દ્વારા તેની ઘોર ઉપેક્ષા કરવામાં આવી હતી. અંતે કંટાળીને વકીલોએ સોમવારથી કોર્ટ સંકુલની બહાર જ વિશાળ ટેન્ટ બાંધીને ધરણાં શરૂ કરી દીધા છે.

આજે ચોથા દિવસે પણ વકીલોએ જોરદાર સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

જેના કારણે કોર્ટના તમામ વકીલ મંડળના રૂમ અને ટેબલો સંપૂર્ણપણે સુમસામ જોવા મળ્યા હતા. વકીલોએ ચીમકી આપી છે કે જ્યાં સુધી જજની બદલી અને બેઠક વ્યવસ્થાનો કાયમી ઉકેલ નહીં આવે ત્યાં સુધી આ ડિજિટલ યુગમાં પણ તેમનો ગ્રાઉન્ડ લેવલનો વિરોધ ચાલુ જ રહેશે.

## ગોધરામાં 'પ્રગતિ પથ યાત્રા'ના બીજા તબક્કાનો પ્રારંભ : કલેક્ટરએ કનેલાવ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સથી શુભારંભ કરાવ્યો

ગોધરા

ગોધરાના કનેલાવ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતેથી 'પ્રગતિ પથ યાત્રા'ના બીજા તબક્કાનો શુભારંભ જિલ્લા કલેક્ટર અજય દહિયા દ્વારા લીલી ઝંડી આપીને કરવામાં આવ્યો હતો. આ યાત્રાનો મુખ્ય હેતુ દેશને વર્ષ 2047 સુધીમાં 'વિકસિત ભારત' બનાવવાનો છે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર અજય દહિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના 12 વર્ષના સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે રાજ્ય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી છે. આ યાત્રા ગોધરા અને પંચમહાલ જિલ્લાના પ્રબુદ્ધ તેમજ સામાન્ય નાગરિકોને વડાપ્રધાનના કાર્યકાળ દરમિયાન થયેલા વિવિધ પ્રકલ્પો અને વિકાસ કાર્યોની મુલાકાત કરાવશે અને જનજાગૃતિ લાવશે.

કાર્યક્રમના મુખ્ય આકર્ષણ તરીકે, કનેલાવ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે પંચમહાલ



જિલ્લાના આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાએ આર્ચરી સહિત વિવિધ રમતોમાં મેડલ જીતીને જિલ્લાનું નામ રોશન કરનાર પ્રતિભાવંત ખેલાડીઓનું વિશેષ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ તકે વર્ષ 2010થી ગુજરાતમાં શરૂ થયેલા રાજ્યના સૌથી મોટા રમતોત્સવ 'ખેલ મહાકુંભ'ની સફળ સફર અને ભવિષ્યમાં કોમનવેલ્થ અને ઓલિમ્પિક જેવી વૈશ્વિક સ્પર્ધાઓના આયોજન અંગેની એક પ્રેરણાદાયી વીડિયો ક્લિપ દર્શાવવામાં આવી હતી.

## અમદાવાદના ખાડિયામાં ખાખી વર્દીને ખુલ્લો પડકાર : પોલીસને જાનથી મારવાની ધમકી આપતો ઓડિયો વાયરલ

પેરોલ પર છૂટેલા હત્યાના ગુનેગાર મોન્ટુ આખા વિસ્તારને બાનમાં લીધો : શાહઆલમનો કુખ્યાત બાબાખાન પણ મેદાનમાં

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારના ગણાતા ખાડિયામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના લીરેલીરા ઉડાડતો એક અત્યંત ઘાતક અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. હત્યા જેવા ગંભીર ગુનામાં સાબરમતી જેલમાં સજા ભોગવી રહેલો અને હાલમાં જ પેરોલ પર બહાર આવેલો ખાડિયાનો નામચીન બુટલેગર મોન્ટુ નામદાર અને શાહઆલમ વિસ્તારના કુખ્યાત ગુનેગાર બાબાખાન વચ્ચેની ગુફ્તગો (વાતચીત)નો એક કથિત ઓડિયો વાયરલ થતાં સમગ્ર પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ ઓડિયોમાં સ્થાનિક ખાડિયા પોલીસ મથકના કર્મચારીઓને જાહેરમાં બેફામ ગાળો ભાંડીને જાનથી મારી નાખવાની ગર્ભિત ધમકીઓ આપવામાં આવી છે.

મળતી વિગતો અનુસાર, કટ્ટર ગુનેગાર મોન્ટુ નામદાર મર્ડર કેસમાં સજા કાપી રહ્યો છે અને તાજેતરમાં જ પેરોલ મંજૂર થતાં તે જેલમાંથી બહાર આવ્યો હતો. પરંતુ જેલના સળિયા પણ જેની ગુનાહિત માનસિકતા બદલી શક્યા નથી તેવા આ બુટલેગરે ઘરે આવતાની સાથે જ ખાડિયા વિસ્તારમાં ફરી પોતાની દાદાગીરીનો આતંક શરૂ કરી દીધો હતો અને આખા વિસ્તારને બાનમાં લીધો હતો. એટલું જ નહીં, આ માથાભારે શખ્સે દારૂના નશામાં ધૂત થઈને એક સ્થાનિક નાગરિક પર જીવલેણ હુમલો પણ કર્યો હતો. જ્યારે ભોગ બનનારે કાયદાકીય પગલાં લેવાની વાત કરી, ત્યારે મોન્ટુ નામદારે તેને અત્યંત ક્રૂરતાપૂર્વક ધમકાવતા કહ્યું હતું કે, 'જો પોલીસ સ્ટેશને ગયો છે તો તને જાનથી મારી નાખીશ.' જોકે, ભોગ બનનાર નાગરિકે હિંમત દાખવીને આ ગુંડા તત્વો સામે ખાડિયા પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવી છે.

આ સમગ્ર ઘટનામાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે ખાડિયા વિસ્તારમાં મોન્ટુ નામદારની દાદાગીરીને સાથ આપવા માટે શાહઆલમ વિસ્તારનો કુખ્યાત અને હિસ્ટ્રીશીટર ગુનેગાર બાબાખાન પણ ત્યાં આવી પહોંચ્યો હતો. આ બંને રીઢા ગુનેગારો ભેગા મળીને વિસ્તારમાં ભયનું વાતાવરણ ઊભું કરી રહ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી ઓડિયો ક્લિપમાં બંને ગુનેગારો કાયદા અને વ્યવસ્થાની મજાક ઉડાવતા સંભળાય છે. તેઓ ખાડિયા પોલીસ સ્ટેશનના સ્ટાફ માટે અત્યંત અપમાનજનક અને અભદ્ર ભાષાનો પ્રયોગ કરી રહ્યા છે અને પોલીસને જ પતાવી દેવાની ખુલ્લી ધમકીઓ આપી રહ્યા છે, જેના કારણે સ્થાનિક રહિવાસોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ગુજરાત પોલીસ તંત્ર અને ખાખી વર્દીને આ પ્રકારે ખુલ્લેઆમ પડકારવાની ઘટનાને ઉચ્ચ પોલીસ અધિકારીઓએ અત્યંત ગંભીરતાથી લીધી છે. ખાડિયા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે આ મામલે રાયોટિંગ, હુમલો અને જાનથી મારવાની ધમકી સહિતની કડક કલમો હેઠળ ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## પંચમહાલમાં ચાંપાનેર-બાકરોલ વચ્ચેનું રેલવે ક્રોસિંગ 5 દિવસ બંધ રહેશે : રેલવે પ્રશાસને સમારકામ શરૂ કર્યું

પંચમહાલ

દિલ્હી-મુંબઈ મુખ્ય રેલવે રૂટ પર ચાંપાનેર અને બાકરોલ રેલવે સ્ટેશનો વચ્ચે આવેલું રેલવે ક્રોસિંગ નંબર 22 સમારકામના કારણે આગામી પાંચ દિવસ માટે બંધ રહેશે. આ નિર્ણય પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન દ્વારા લેવામાં આવ્યો છે.

આ ક્રોસિંગ 11 જૂન 2026, ગુરુવારથી લઈને 15 જૂન 2026, સોમવાર સુધી તમામ પ્રકારના વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન વાહનચાલકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે.

આ માર્ગ પર ભારે રોડ ટ્રાફિકના કારણે લેવલ ક્રોસિંગની રોડ સપાટી ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. વાહનચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેનું તાત્કાલિક મેન્ટેનન્સ કરવું અનિવાર્ય બન્યું છે.

રેલવે પ્રશાસન દ્વારા રોડ રિપેરિંગની આ કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી વાહનચાલકોને મુશ્કેલી ન પડે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા પણ સૂચવવામાં આવી છે.

આ પાંચ દિવસના રિપેરિંગ સમયગાળા દરમિયાન, રોડનો ઉપયોગ કરનારા તમામ વાહનચાલકો સમલાયા રોડ ઓવર બ્રિજ (ROB) પરથી ડાયવર્ઝન લઈને અવરજવર કરી શકશે. મુસાફરોને આ સમય અને વૈકલ્પિક રસ્તાની ખાસ નોંધ લેવા વિનંતી છે.

### ભાયાવદર પોલીસે પડવલા ગામ પાસેથી

## 3.17 લાખના ઈંગ્લિશ દારૂના જથ્થા અને કાર સાથે બે ઇસમોને ઝડપી પાડ્યા

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર તથા ધોરાજી વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક સીમરન ભારદ્વાજ દ્વારા પ્રોહીબીશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નાબૂદ કરવા કડક સૂચના આપવામાં આવી છે. આ સૂચના અન્વયે ભાયાવદર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એચ. એમ.ધાધલ ના માર્ગદર્શન હેઠળ ભાયાવદર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે બુટાવદર ગામ તરફથી એક ફોર વ્હીલ કારમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરીને બે ઈસમો પાનેલી ગામ તરફ આવી રહ્યા છે. આ હકીકત વાળી કારને સાતવડી-પાનેલી રોડ બુટાવદર ચોકડી પાસે રોકવાનો પ્રયત્ન કરતા, કાર ચાલકે કાર રોકી ન હતી અને ફૂલ સ્પીડમાં કાર ભગાડી મૂકી હતી. પોલીસે પીછો કરતા આ કાર પડવલા ગામે પાદર પાસે નવા પુલની ડાબી બાજુએ અકસ્માત થયેલ હાલતમાં મળી આવી હતી. પોલીસે બંને ઈસમોને કોર્ડન કરી કારમાં તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લિશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. અકસ્માતમાં એક ઈસમને ઈજા થઈ હોવાથી પોલીસે તેને તાત્કાલિક સારવાર માટે ખસેડ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી રોયલ ચેલેન્જ વ્હીસ્કીની ૨૦૪ બોટલો (કિંમત ૧,૫૨,૪૩૪/-), એક હુન્ડાઈ વર્ના કાર (કિંમત ૧,૫૦,૦૦૦/-) અને ૩ નંગ મોબાઈલ ફોન (કિંમત ૧૫,૦૦૦/-) મળી કુલ ૩,૧૭,૪૩૪/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ગુનામાં પોલીસે ઘટનાસ્થળેથી રણજીતભાઇ લીલાભાઇ ભુતીયા (ઉં.વ. ૨૪, રહે. રાણાકંડોર્ણા, જી. પોરબંદર) અને અરજણભાઇ ઉર્ફે લાલો ઉર્ફે ભુરી એભાભાઇ ભારવડીયા (ઉં.વ. ૨૬, રહે. નાઘેડી, તા.જી. જામનગર) ની અટકાયત કરી છે.

## સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઈડર ખાતેથી પ્રગતિ પથયાત્રાનું પ્રસ્થાનકરાવવામાં આવ્યું

ઈડર, જાકીર મેમણ

સાંસદ શોભનાબેન બારૈયાએ ઈડરથી પ્રગતિ પથયાત્રાનો પ્રારંભ કરાવ્યોધારાસભ્ય રમણલાલ વોરા સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં લીલી ઝંડી અપાઈ સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઈડર ખાતેથી પ્રગતિ પથયાત્રાનું પ્રસ્થાકરાવવામાં આવ્યું હતું.જિલ્લા સાંસદ શોભનાબેન બારૈયા અને ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં આ વિકાસયાત્રાને લીલી ઝંડી આપવામાં આવી હતી. આજે સવારે તમામ મહાનુભાવો ઈડરના પાવાપુરી જૈન મંદિર ખાતે પહોંચ્યા હતા. અહીં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત પ્રગતિપથ યાત્રા નિમિત્તે મહાનુભાવો, અધિકારીઓ અને આગેવાનોનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પાવાપુરી જલ મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત સ્વાગત કાર્યક્રમ બાદ રાણી તળાવ, ઈડર ખાતેથી જિલ્લા સાંસદ



શોભનાબેન બારૈયા, રમીલાબેન બારા, ઈડર ધારાસભ્ય રમણલાલ વોરા અને ઈડર નગરપાલિકા પ્રમુખ અનસૂયાબેન પટેલ સહિતના મહાનુભાવોના હસ્તે પ્રગતિપથ યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું. વિકાસલક્ષી યોજનાઓ અને સરકારની જનકલ્યાણકારી પ્રવૃત્તિઓની જાણકારી લોકો સુધી પહોંચાડવાના હેતુથી આ યાત્રા યોજાઈ હતી. જેમાં નગરજનો, વિદ્યાર્થીઓ, ભાજપના આગેવાનો, નગરપાલિકાના સભ્યો, સહકારી આગેવાનો તેમજ સરકારી અધિકારીઓ ઉત્સાહભેર જોડાયા હતા. પ્રગતિપથ યાત્રા દરમિયાન સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલમાં મુકાયેલી યોજનાઓ, વિકાસ કાર્યો, શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રની સિદ્ધિઓ તેમજ જનભાગીદારી આધારિત વિકાસ મોડલ અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. યાત્રાએ વિવિધ વિસ્તારોમાં ફરી લોકોને વિકાસના કાર્યોની માહિતી આપી. મહાનુભાવોએ વિકાસના કાર્યોમાં જનભાગીદારીના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું કે સરકારની વિવિધ યોજનાઓનો લાભ અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે માટે આવા જનજાગૃતિ કાર્યક્રમો અત્યંત જરૂરી છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, બાળકો અને નગરજનોએ ભાગ લઈ આ યાત્રાને સફળ બનાવી હતી.

## કલોલમાં અજાણ્યા વાહને એક્ટિવાને ટક્કર મારી; માથા પરથી ટાયર ફરી વળતા ઘટનાસ્થળે જ મોત

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ-સઈજ હાઈવે સર્વિસ રોડ પર એક હૃદયદ્રાવક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. કલોલના પિરામિડ હોટલ સામે એક અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને એક્ટિવાને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં રોડ પર પટકાયેલા 21 વર્ષીય આશાસ્પદ યુવાન પરથી અજાણ્યા વાહનનું ટાયર ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. કલોલ તાલુકા પોલીસે ફરાર થઈ ગયેલા અજ્ઞાત વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કલોલના ત્રિકમનગર, રતીશ સોસાયટીની સામે આવેલા સલાટ વાસ ખાતે રહેતા લાલજીભાઈ ગમનભાઈ સલાટ છૂટક મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમનો 21 વર્ષીય અપરિણીત દીકરો જયેશ સલાટ કલોલથી સઈજ રોડ પર આવેલા જીઓ કંપનીના પેટ્રોલ પંપ પર નોકરી કરતો હતો. ગઈકાલે 10 જૂનના રોજ બપોરના આશરે 01:30 વાગ્યાની આસપાસ જયેશ પોતાના ઘરેથી નોકરી પર જવા નીકળ્યો હતો. નોકરી પર પહોંચ્યા બાદ તે પેટ્રોલ પંપ પર જ કામ કરતા અન્ય એક કર્મચારીનું એક્ટિવા લઈને હાઈવે પર ચા લેવા માટે બહાર નીકળ્યો હતો.

ચા લઈને પરત ફરી રહેલા જયેશને પિરામિડ હોટેલ સામેના સર્વિસ રોડ પર જ કાળ આંબી ગયો હતો. પાછળથી ધસમસતા આવેલા એક અજાણ્યા વાહને તેના એક્ટિવાને અડફેટે લેતાં જયેશ હવામાં ઉછળીને રોડ પર પટકાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે જયેશ નીચે પડતાં જ તે વાહનનું વજનદાર ટાયર તેના શરીર અને માથાના ભાગેથી ફરી વળ્યું હતું. અકસ્માત સર્જીને આરોપી વાહનચાલક પોતાનું વાહન લઈને ત્યાંથી ઝડપભેર ભાગી છૂટ્યો હતો. અકસ્માતનો જોરદાર અવાજ થતાં જ આસપાસના સ્થાનિક લોકો અને વાહનચાલકોના ટોળેટોળાં ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા.

### ચાલતી ટ્રકમાંથી 10 લાખના

## ખાદ્યતેલના 450 બોક્સ ચોરી થયાનો આક્ષેપ, FIR નોંધાવવા ટ્રક માલિકની ડીવાયએસપીને રજૂઆત..

વાવ-થરાદ, પ્રધાનજી ઠાકોર

ભારતમાલા હાઈવે પર ગાંધીધામથી હરિયાણા તરફ જઈ રહેલી રિલાયન્સ કંપનીના ખાદ્યતેલ ભરેલા ટ્રકમાંથી અંદાજિત રૂ.10 લાખથી વધુ કિંમતના 450 બોક્સની ચોરી થયાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. ઘટનાને લઈને ટ્રક માલિક અને ડ્રાઈવરે પોલીસ તંત્ર સમક્ષ તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. મળતી માહિતી મુજબ ટ્રક માલિક પૂરણ મનોહરલાલ શર્માના જણાવ્યા અનુસાર તા. 2 મેની રાત્રે અજાણ્યા શખ્સોએ ચાલતી ટ્રકની પાછળ પીકઅપ ડાલો લગાવી ટ્રકમાં ભરેલો ખાદ્યતેલનો માલ ઉતારી ચોરી કર્યો હતો. ચોરી દરમિયાન ઉપયોગમાં લેવાયેલી ગાડી તેમજ સંડોવાયેલા શખ્સો સીસીટીવી કેમેરામાં કેદ થયા હોવાનું પણ જણાવાયું છે. ઘટના બાદ ટ્રક માલિકે પોલીસનો સંપર્ક કર્યો હતો, પરંતુ ઘટના સ્થળની હદને લઈને સુઈગામ અને વાવ પોલીસ વચ્ચે



સ્પષ્ટતા ન થતાં છેલ્લા ચાર દિવસથી ગુનો નોંધાયો નથી તેવી ફરિયાદ કરવામાં આવી છે.

આ મામલે ટ્રક માલિક અને ડ્રાઈવરે થરાદ ડીવાયએસપી કચેરીએ લેખિત રજૂઆત કરી સમગ્ર ઘટનાની તપાસ કરીને તાત્કાલિક એફઆઈઆર નોંધવા તથા ચોરીમાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડવા માંગ કરી છે.

હાલ સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે અને પોલીસ તંત્ર દ્વારા ઘટના અંગે તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

## ગોધરામાં વીજ કંપનીની કામગીરી દરમિયાન ગુજરાત ગેસની મુખ્ય લાઇન તૂટતા સેશન કોર્ટ સામે અફરાતફરી

ગોધરા, ફિરદોસ ગુણીયા

ગોધરા-વડોદરા હાઈવે પર આવેલી સેશન કોર્ટની સામે MGVCL દ્વારા અંડર ગ્રાઉન્ડ કેબલ નાખવાની કામગીરી દરમિયાન ગુજરાત ગેસ કંપનીની મુખ્ય પાઈપ લાઈનમાં મોટું ભંગાણ પડ્યું હતું. ગેસ લાઈન તૂટતાં જ વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. સાવચેતીના ભાગરૂપે કિસાન સોસાયટી અને આસપાસના વિસ્તારોનો ઘરગથ્થુ રાંધણ ગેસ પુરવઠો તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યો હતો, જેના કારણે ગ્રાહકો મુશ્કેલીમાં મુકાયા હતા.



ઘટનાની જાણ થતાં જ MGVCL અને ગુજરાત ગેસ કંપનીની ટેકનિકલ ટીમો યુદ્ધના ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી. કોઈ અકસ્માત કે જાનહાનિ ન થાય તે માટે એન્જિનિયરોએ સૌપ્રથમ મુખ્ય વાલ્વ બંધ કરીને આખા વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. આવી સંવેદનશીલ કામગીરી વખતે અગાઉથી લાઈનનું મેપિંગ ન કરવા બદલ તંત્રની બેદરકારી સામે પણ સવાલો ઉઠ્યા છે.

## રાજકોટ ગ્રામ્ય SOGએ શાપર વેરાવળમાંથી ગાંજા સાથે એક શખ્સને ઝડપી લીધો : કેબિનમાં સંતાડીને વેચાણ કરતો હતો

એસ.ઓ.જી.ની ટીમે આરોપી પાસેથી રૂ.37,800ની કિંમતનો 756 ગ્રામ ગાંજો અને રૂ.20,000નો મોબાઇલ ફોન મળી કુલ રૂ.57,800નો મુદ્દામાલ કબ્જે કરી શાપર પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો છે

રાજકોટ

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર ની સૂચનાથી માદક પદાર્થોની નાબૂદી માટે એસ.ઓ.જી. પી.આઇ. એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન એસ.ઓ.જી.ના હેડ કોન્સ્ટેબલ નેમિષભાઇ મહેતા અને પિયુષભાઇ અઘેરાને મળેલી ચોક્કસ બાતમીના આધારે, શાપર-વેરાવળ બુદ્ધનગર કાસુમા ગેઈટ પાસે આવેલી એક કેબિનમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

આ રેડ દરમિયાન ત્યાંથી પ્લાસ્ટિકની કોથળીઓમાં છુપાવેલો ગેરકાયદેસર ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે ઘટનાસ્થળેથી આરોપી રેહાન ઉર્ફે ભુરો અરમાનભાઇ સૈયદ બુખારી (હાલ રહે. વેરાવળ શાપર,



મફતીયાપરા, બુદ્ધનગર કાસુમા ગેઈટની અંદર, કે.જી.એન. પાનની કેબિનની બાજુમાં, તા. કોટડાસાંગાણી, જિ. રાજકોટ, મૂળ રહેવાસી. કાનપુર, (ઉત્તર પ્રદેશ) નામના શખ્સને ઝડપી લીધો હતો. પકડાયેલો આરોપી અગાઉ વર્ષ ૨૦૨૪માં શાપર પોલીસ સ્ટેશનમાં મારામારીના ગુનામાં પણ પકડાઈ ચૂક્યો છે. એસ.ઓ.જી.ની ટીમે આરોપી પાસેથી રૂ.૩૭,૮૦૦ની કિંમતનો ૭૫૬ ગ્રામ ગાંજો અને રૂ.૨૦,૦૦૦નો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૫૭,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કરી શાપર પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો છે. આ સફળ કામગીરી એસ.ઓ.જી.ના પો. ઈન્સ. એફ.એ.પારગી, પો.સબ.ઈન્સ. જી.જે. ઝાલા, પો.સબ.ઈન્સ. પી.બી.મિશ્રા, એ. એસ.આઇ. વિપુલભાઇ ગુજરાતી, હે.કો. નેમિષભાઇ મહેતા, પિયુષભાઇ અઘેરા, કૃપાલસિંહ જાડેજા, વિજયભાઇ વેગડ, ચંદુભાઈ પલાણિયા, પૃથ્વીરાજસિંહ ડોડિયા, રણજીતભાઈ ધાંધલ, વિજયગિરી ગોસ્વામી, વિપુલ ગોહેલ તેમજ ડ્રાઈવર એ.એસ.આઇ. અમુભાઈ વિરડા અને ડ્રાઈવર પો.કો. નવદીપભાઇ દ્વારા કરવામાં આવી હતી.



### એજન્સીએ સની લિયોન પાસેથી માહિતી માંગી છે

# ફ્રોડ કેસમાં ફસાઈ અભિનેત્રી સની લિયોન, CID હવે ચૂકવણીનો સ્ત્રોત અને પૈસા મામલે તપાસ કરશે

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી સની લિયોન તાજેતરમાં મુશ્કેલીમાં હોય તેવું લાગે છે. તે એક કથિત છેતરપિંડીના કેસમાં કેન્દ્રીય તપાસ વિભાગ (CID) ના રડાર પર આવી ગઈ છે. કર્ણાટકમાં સામે આવેલા 2,400 કરોડના શિવમ એસોસિએટ્સ રોકાણ કૌભાંડની તપાસ દરમિયાન, અભિનેત્રી સની લિયોનનું નામ પણ ચર્ચામાં છે. જોકે, તપાસ એજન્સીઓએ સ્પષ્ટતા કરી છે કે તેને મોકલવામાં આવેલી નોટિસ કોઈ ખોટું કામ કરતી નથી. ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (CID) ફક્ત કૌભાંડના મુખ્ય આરોપી સાથે જોડાયેલા પ્રોજેક્ટ્સ દ્વારા થયેલા નાણાંના વ્યવહારો વિશે માહિતી એકત્રિત કરી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, શિવમ એસોસિએટ્સ અને તેના પ્રમોટર શિવાનંદ નીલન્નવર પર ગેરકાયદેસર ડિપોઝિટ અને રોકાણ યોજનાઓ દ્વારા આશરે 4.07 લાખ રોકાણકારો પાસેથી કથિત રીતે નાણાં એકત્ર કરવાનો આરોપ છે. CID હાલમાં આ સમગ્ર નેટવર્ક અને તેનાથી સંબંધિત નાણાકીય વ્યવહારોની તપાસ કરી રહી છે. એજન્સીએ સની લિયોન પાસેથી માહિતી માંગી છે. આ સંદર્ભમાં, એજન્સીએ સની લિયોન પાસેથી પણ માહિતી માંગી છે. તેણીએ 2023 ની કન્નડ ફિલ્મ "ચેમ્પિયન" ના લોકપ્રિય ગીત "દિંગારા બિલ્લી નાનુ" માં ખાસ ભૂમિકા ભજવી હોવાનું કહેવાય છે. આ ફિલ્મનું નિર્માણ શિવાનંદ નીલન્નવર દ્વારા કરવામાં આવ્યું હતું. તપાસમાં સામેલ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સની લિયોનને ગીતમાં અભિનય કરવા માટે આશરે 1 કરોડ ચૂકવવામાં આવ્યા હતા. CID હવે ફિલ્મ સંબંધિત ચૂકવણીનો સ્ત્રોત અને પૈસા કેવી રીતે ટ્રાન્સફર કરવામાં આવ્યા તે શોધવાનો પ્રયાસ કરી રહી છે. બોલિવૂડ અભિનેત્રી સની લિયોન તાજેતરમાં મુશ્કેલીમાં હોય તેવું લાગે છે. તે એક કથિત છેતરપિંડીના કેસમાં કેન્દ્રીય તપાસ વિભાગ (CID) ના રડાર પર આવી ગઈ છે. કર્ણાટકમાં સામે આવેલા 2,400 કરોડના શિવમ એસોસિએટ્સ રોકાણ કૌભાંડની તપાસ દરમિયાન, અભિનેત્રી સની લિયોનનું નામ પણ ચર્ચામાં છે. જોકે, તપાસ એજન્સીઓએ સ્પષ્ટતા કરી છે કે તેને મોકલવામાં આવેલી નોટિસ કોઈ ખોટું કામ કરતી નથી. ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (CID) ફક્ત કૌભાંડના મુખ્ય આરોપી સાથે જોડાયેલા પ્રોજેક્ટ્સ દ્વારા થયેલા નાણાંના વ્યવહારો વિશે માહિતી એકત્રિત કરી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, શિવમ એસોસિએટ્સ અને તેના પ્રમોટર શિવાનંદ નીલન્નવર પર ગેરકાયદેસર ડિપોઝિટ અને રોકાણ યોજનાઓ દ્વારા આશરે 4.07 લાખ રોકાણકારો પાસેથી કથિત રીતે નાણાં એકત્ર કરવાનો આરોપ છે.

**રોકાણ યોજનાઓ દ્વારા આશરે 4.07 લાખ રોકાણકારો પાસેથી કથિત રીતે નાણાં એકત્ર કરવાનો આરોપ છે**

# કૅટરિના કૈફની ટીમે કમબેકના અહેવાલોને ફગાવ્યા

### પુત્ર 'વિહાન'ના જન્મ બાદ બ્રેક પર ગયેલી કૅટરિના કૈફ ડિજિટલ ડેબ્યૂ કરવા માટે ઉત્સુક છે અને યોગ્ય સ્ક્રિપ્ટની શોધમાં છે

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી કેટરિના કૈફના ચાહકો જેઓ તેના ફરીથી સિલ્વર સ્ક્રીન પર આવવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, તેમના માટે એક મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. કેટરિના કૈફની સત્તાવાર ટીમે તે તમામ અહેવાલોને સ્પષ્ટપણે ફગાવી દીધા છે જેમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે એક્ટ્રેસ વર્ષ 2027માં એક્ટિંગમાં કમબેક કરવાની યોજના બનાવી રહી છે અને OTT પ્રોજેક્ટ્સ માટે સ્ક્રિપ્ટો શોધી રહી છે. કેટરિનાની ટીમે આ અહેવાલોને માત્ર એક અફવા અને ખોટી માહિતી ગણાવી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી મીડિયામાં એવી અટકળો ચાલી રહી હતી કે પુત્ર 'વિહાન'ના જન્મ બાદ બ્રેક પર ગયેલી કેટરિના કૈફ હવે ડિજિટલ ડેબ્યૂ કરવા માટે ઉત્સુક છે અને યોગ્ય સ્ક્રિપ્ટની શોધમાં છે. આ તમામ અફવાઓનો અંત લાવતા કેટરિના કૈફની ટીમે એક સત્તાવાર નિવેદન જાહેર કર્યું હતું. ટીમ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવાયું છે કે, "કેટરિના કૈફના ભવિષ્યના એક્ટિંગ પ્લાન્સને લઈને મીડિયામાં જે પણ દાવા કરવામાં આવી રહ્યા છે તેમાં બિલકુલ સચ્ચાઈ નથી. આ અહેવાલો સંપૂર્ણપણે અટકળો અને ખોટી માહિતી પર આધારિત છે, જેની કોઈ ચકાસણી કરવામાં આવી નથી." આ નિવેદન બાદ એ સ્પષ્ટ થઈ ગયું છે કે કેટરિનાએ હાલમાં મનોરંજનની દુનિયામાં વાપસી માટે કોઈ જ પ્લાનિંગ કર્યું નથી. કેટરિના કૈફ છેલ્લે વર્ષ 2024માં રિલીઝ થયેલી ફિલ્મ 'મેરી ક્રિસમસ'માં સાઉથ સુપરસ્ટાર વિજય સેતુપતિ સાથે મુખ્ય ભૂમિકામાં જોવા મળી હતી. આ ફિલ્મ બાદથી તે મોટા પડદા અને લાઈમલાઈટથી દૂર રહીને પોતાના અંગત જીવન પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. કેટરિના કૈફ અને તેના પતિ વિકી કૌશલે 7 નવેમ્બર 2025ના રોજ તેમના પુત્ર વિહાનનું દુનિયામાં સ્વાગત કર્યું હતું. આ સ્ટાર કપલે શરૂઆતથી જ એ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ પોતાના પુત્રના જીવનને સંપૂર્ણપણે ખાનગી રાખવા માંગે છે.




# 'બાદશાહ મારો પતિ છે': રેપરના ખોળામાં બેઠેલી તસવીર શેર કરી સાબિતી આપી

### 24 માર્ચમાં બંનેના કથિત લગ્ન સાથે જોડાયેલી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા હતા. આ તસવીરો ઈશાની માતા દ્વારા શેર કરવામાં આવી હતી, જેમાં બંને પરંપરાગત પંજાબી લગ્નના પોશાકમાં જોવા મળ્યા હતા

મુંબઈ

પંજાબી એક્ટ્રેસ ઈશા રિખીએ સોશિયલ મીડિયા પર રેપર અને મ્યુઝિક પ્રોડ્યુસર બાદશાહ સાથે એક તસવીર શેર કરી છે અને બાદશાહને પતિ દેવ ગણાવ્યો. જેના પછી તેના લગ્નને લઈને ચાલી રહેલી ચર્ચાઓ ફરી તેજ બની ગઈ છે અને તેને બંનેના સંબંધોની સાર્વજનિક પુષ્ટિ માનવામાં આવી રહી છે. ઈન્સ્ટાગ્રામ પર એક 'આસ્ક મી એનીથિંગ' સેશન દરમિયાન એક યુઝરે ઈશાને સવાલ પૂછ્યો, 'મેમ, તમારા અને બાદશાહ ભાઈના લગ્ન થઈ ગયા છે, તો પછી તમે બંને એકબીજાને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કેમ નથી કરતા?' આના પર ઈશાએ મજાકિયા અંદાજમાં લખ્યું, 'મને લાગે છે કે હવે આ સવાલોનો પૂર આવી ગયો છે. 'શું તમારા લગ્ન થઈ ગયા છે?', 'શું તમારા લગ્ન બાદશાહ સાથે થયા છે?', 'તમે બંને એકબીજાને ફોલો કેમ નથી કરતા?', 'તમે સાથે તસવીરો કેમ પોસ્ટ નથી કરતા?' જેવા સવાલો સતત પૂછવામાં આવી રહ્યા છે.' આ પછી તેણે હસતી ઈમોજી સાથે લખ્યું, 'હા, મારા લગ્ન થઈ ગયા છે. હવે સૌથી વધુ પૂછાતા પ્રશ્ન પર આવીએ - 'તમે બંને એકબીજાને ફોલો કેમ નથી કરતા?' સાચું કહું તો, આનો જવાબ મારા પતિએ આપવો જોઈએ. પતિ દેવ (બાદશાહ), જનતાના મનમાં ઘણા સવાલો છે. કૃપા કરીને જલદીથી જલદી તેનો જવાબ આપો.' પછી એક અન્ય યુઝરે પૂછ્યું કે જો તે બાદશાહની પત્ની છે, તો તેણે અત્યાર સુધી તેની સાથે એક પણ ફોટો કેમ પોસ્ટ કર્યો નથી. બધાને આશ્ચર્યચકિત કરતા, ઈશાએ બાદશાહ સાથે પોતાની એક તસવીર શેર કરી. તસવીરમાં ઈશા બાદશાહના ખોળામાં બેઠેલી જોવા મળી રહી છે, જ્યારે બાદશાહ તેને ગળે લગાવેલા દેખાઈ રહ્યા છે.

24 માર્ચમાં બંનેના કથિત લગ્ન સાથે જોડાયેલી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા હતા. આ તસવીરો ઈશાની માતા દ્વારા શેર કરવામાં આવી હતી, જેમાં બંને પરંપરાગત પંજાબી લગ્નના પોશાકમાં જોવા મળ્યા હતા. જેમાં પરિવારના નજીકના લોકોની હાજરી પણ જોવા મળી હતી. તે સમયે બાદશાહ અને ઈશા રખી એ આ સમાચારો પર કોઈ જાહેર પ્રતિક્રિયા આપી ન હતી. જોકે, ઈશાની માતાએ તસવીરો સાથે "ગૉડ બ્લેસ યુ" લખીને બાદશાહ અને ઈશાને ટેગ કર્યા હતા, જેના પછી લગ્નની અટકળો તેજ બની ગઈ હતી.





# "દરેક જગ્યાએ અમારો ભાવ નક્કી કરે છે", 370 બિરયાની વિવાદ પર ભડકી દિશા પટનીની બહેન

### 'ભણેલા-ગણેલા ગંવાર આપણી કિંમત નક્કી કરે છે' – ખુશબૂ પટની

મુંબઈ

કોમેડિયન પ્રણિત મોરેના સ્ટેન્ડ-અપ કોમેડી શોના એક વીડિયોને કારણે સોશિયલ મીડિયા પર શરૂ થયેલો વિવાદ સતત વધી રહ્યો છે. શો દરમિયાન હિમાંશુ જાંગડા નામના 23 વર્ષના યુવકે પોતાની ડેટનો કિસ્સો શેર કરતા જણાવ્યું હતું કે તેણે એક છોકરી પાછળ 370 રૂપિયાની ચિકન બિરયાની પર ખર્ચ કર્યા હતા, જેના બદલામાં તે 'સેક્સ્યુઅલ ફેવર' (શારીરિક સંબંધ) ની અપેક્ષા રાખતો હતો. મહિલાઓને એક વસ્તુ તરીકે જોવાની આ માનસિકતા પર હવે બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટનીની બહેન અને એક્સ-આર્મી ઓફિસર ખુશબૂ પાટની, કુશા કપિલા અને માલતી ચાહરે આક્રોશ વ્યક્ત કર્યો છે. ખુશ્બૂ પટનીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને આ મુદ્દે આકરા પ્રહારો કર્યા છે. ખુશબૂએ કહ્યું, "આ વીડિયો તમે બધાએ જોયો જ હશે. આ છોકરો કહી રહ્યો છે કે પહેલા જ દિવસે બિરયાની ખવડાવ્યા પછી સેક્સ માંગવું અજીબ લાગશે, તેથી તે છોકરીને એક અવાવરૂ પાર્કમાં લઈ ગયો જેથી શારીરિક નિકટતા બનાવી શકે. છોકરીઓ, જોઈ લો કે તમને કઈ નજરથી જોવામાં આવે છે. મને નવાઈ લાગે છે કે કોમેડિયનના મગજમાં એ ન આવ્યું કે આવી ગંદી વાતોને ત્યાં જ રોકી દેવી જોઈતી હતી." વીડિયોના અંતમાં ખુશ્બૂએ પોતાનો રોષ ઠાલવતા કહ્યું કે, "આ ભણેલા-ગણેલા ગંવાર આપણી કિંમત નક્કી કરે છે. સ્કૂલ, કોલેજ, ડેટ પર અને લગ્ન પછી દહેજ દ્વારા પણ સ્ત્રીની કિંમત જ આંકવામાં આવે છે. આખી જિંદગી આપણો રેટ ફિક્સ કરાય છે." આ સાથે જ તેણે મહિલાઓને આત્મરક્ષણ માટે પરંપરાગત નેપાળી છરી 'ખુકરી' ખરીદવાની અને પોતાની પાસે રાખવાની અપીલ કરી હતી. બીજી તરફ મશહૂર કન્ટેન્ટ ક્રિએટર અને એક્ટ્રેસ કુશા કપિલાએ પણ કોમેડિયન અને તે યુવકને આડે હાથ લીધા છે. કુશાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું, "મહિલાઓને મારી વિનંતી છે કે આવી ગંદી કોમેડીનો ખુલ્લેઆમ વિરોધ કરો. આવો ક્લિપ અપલોડ કરવો એ એક ચોઈસ (પસંદગી) છે. આ કોઈ કોમેડી નથી, માત્ર સસ્તા રિએક્શન મેળવવા માટેનું કન્ટેન્ટ છે. આજે હું મારા પોતાના પૈસાથી બિરયાની ઓર્ડર કરીને ખાઈશ." જ્યારે મોડલ અને એક્ટ્રેસ માલતી ચાહરે આ અંગે લખ્યું કે, "370 રૂપિયાની બિરયાની અને આવી વાતો પરથી સમજાય છે કે કેમ આજકાલ મહિલાઓ લગ્ન કરવાથી ખચકાય છે અને ડેટ પર બિલ અડધું-અડધું વહેંચવાનું પસંદ કરે છે. સદીઓથી સમાનતા અને સન્માન માટે લડ્યા પછી પણ આજે સ્ત્રીની સહમતિની કિંમત માત્ર એક પ્લેટ બિરયાની જેટલી જ સમજવામાં આવે છે."

# સિંગર ગુરુ રંધાવાના જીમ બહાર અંધાધૂંધ ફાયરિંગ, લોરેન્સ ગેંગે સ્વીકારી જવાબદારી

મુંબઈ

રાજધાની દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રખ્યાત પંજાબી ગાયક ગુરુ રંધાવાના માલિકીના જીમની બહાર અજાણ્યા હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે અને સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવી છે. મળતી માહિતી મુજબ, આ સનસનીખેજ હુમલાની જવાબદારી કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી હોવાનું સામાજિક માધ્યમો પર ફરતા એક સંદેશ અને વાયરલ ઓડિયોમાં દાવો કરવામાં આવ્યો છે. વાયરલ ઓડિયોમાં કથિત રીતે ગેંગના એક સભ્યને એવું કહેતા સાંભળવામાં આવે છે કે ગુરુ રંધાવાના અભિનેતા સલમાન ખાન સાથે નજીકના સંબંધો હોવાથી તેમને નિશાન બનાવવામાં આવ્યા છે. ઓડિયોમાં આ હુમલાને માત્ર "ઝલક" ગણાવવામાં આવી હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. વાયરલ ઓડિયોમાં કથિત રીતે ગેંગના એક સભ્યને એવું કહેતા સાંભળવામાં આવે છે કે ગુરુ રંધાવાના અભિનેતા સલમાન ખાન સાથે નજીકના સંબંધો હોવાથી તેમને નિશાન બનાવવામાં આવ્યા છે. ઓડિયોમાં આ હુમલાને માત્ર "ઝલક" ગણાવવામાં આવી હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ થતાં જ દિલ્હી પોલીસની ટુકડીઓ તરત જ સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે વ્યાયામ કેન્દ્રની બહારના નિરીક્ષણ દૃશ્યો અને અન્ય પુરાવાઓ કબજે કરી તપાસ શરૂ કરી છે. પોલીસ હાલ આ દિશામાં તપાસ કરી રહી છે કે આ હુમલો ખરેખર ગેંગ દ્વારા કરવામાં આવ્યો હતો કે પછી કોઈએ ભય ફેલાવવા માટે ગેંગનું નામ ઉપયોગમાં લીધું છે. દિલ્હી પોલીસે જાહેર કરેલા નિવેદન મુજબ, "11 જૂન 2026ની વહેલી સવારે પશ્ચિમ વિહાર પૂર્વ પોલીસ મથક વિસ્તારમાં આવેલા '24 કલાક તંદુરસ્તી કેન્દ્ર', પુષ્કર એન્ક્લેવ, પશ્ચિમ વિહાર ખાતે ગોળીબાર અંગે મેસેજ મળ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ચહેરા ઢાંકી બે અજાણ્યા દ્વિચક્રી સવારોએ કેન્દ્રના કાચ પર અનેક રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા પહોંચી નથી." પોલીસે વધુમાં જણાવ્યું કે આરોપીઓની ઓળખ, શોધખોળ અને ઝડપી ધરપકડ માટે અનેક ટુકડીઓ બનાવવામાં આવી છે.



## પહેલીવાર અમેરિકા, કેનેડા અને મેક્સિકોના સંયુક્ત ઉપક્રમે આયોજન

# 40 દિવસ સુધી 48 દેશો વચ્ચે વર્લ્ડ કપ ફૂટબોલનો મહાસંગ્રામ

મેકસિકો સીટી

ફૂટબોલના મહાકુંભ એટલે કે 'ફિફા' વર્લ્ડ કપ ૨૦૨૬નો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. આ ટુર્નામેન્ટના ઈતિહાસમાં પ્રથમ વખત વર્લ્ડ કપનું આયોજન સંયુક્ત રીતે ત્રણ દેશો-અમેરિકા,મેક્સિકો અને કેનેડા દ્વારા કરવામાં આવી રહ્યું છે. કુલ ૧૬ જુદા-જુદા શહેરો આ મેચોની યજમાની કરશે. ટુર્નામેન્ટની શરૂઆત મેક્સિકોના ઐતિહાસિક મેક્સિકો સિટી સ્ટેડિયમ (એઝટેકા) ખાતે મેક્સિકો અને સાઉથ આફ્રિકા વચ્ચેના મુકાબલાથી થશે.ઉદ્ઘાટન સમારંભ ભારતીય સમય પ્રમાણે રાત્રે ૧૧.૦૦થી થશે અને તે પછી મધરાતે ૧૨.૩૦થી મેચ રમાશે આ સ્ટેડિયમ ઈતિહાસમાં ત્રીજી વખત વર્લ્ડ કપની ઓપનિંગ મેચનું સાક્ષી બનશે. ઓપનિંગ સેરેમનીમાં શકીરા અને બર્ના બોય જેવા આંતરરાષ્ટ્રીય કલાકારો પોતાના પર્ફોર્મન્સથી ધમાકો કરવા તૈયાર છે.

આ વખતે વર્લ્ડકપમાં મોટો બદલાવ જોવા મળશે. અત્યાર સુધી માત્ર ૩૨ ટીમો જ આમાં ભાગ લેતી હતી, પરંતુ આ વર્ષથી આ સંખ્યા વધારીને ૪૮ દેશો કરવામાં આવી છે. આ વિસ્તરણને કારણે વિશ્વભરના વધુ દેશોને આ પ્રતિષ્ઠિત મંચ પર પોતાની તાકાત બતાવવાની તક મળી છે. ૪૮ ટીમોના આગમન સાથે ટૂર્નામેન્ટનું ફોર્મેટ પણ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે : ગ્રુપ સ્ટેજ : તમામ ૪૮ ટીમોને ૧૨ ગ્રુપમાં (દરેક ગ્રુપમાં ૪ ટીમ) વહેંચવામાં આવી છે. નોકઆઉટ લાયકાત : દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો અને તમામ ગ્રુપની ૮ સર્વશ્રેષ્ઠ ત્રીજા ક્રમે રહેલી ટીમો આગળ વધશે. નવો રાઉન્ડ :આ વખતે નોકઆઉટ સ્ટેજમાં એક નવો 'રાઉન્ડ ઓફ ૩૨' ઉમેરવામાં આવ્યો છે. કુલ મેચો : વિજેતા બનવા માટે કોઈપણ ટીમે અગાઉની ૭ મેચોના બદલે હવે કુલ ૮ મેચો રમવી પડશે. આખી ટૂર્નામેન્ટ દરમિયાન રેકોર્ડબ્રેક




૧૦૪ મેચો રમાશે. આ વર્લ્ડ કપમાં ઘણા દિગ્ગજો કદાચ પોતાની છેલ્લી અને યુવા ખેલાડીઓ પોતાની પ્રથમ પ્રતિભા પુરવાર કરવા ઉતરશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાના આ જાદુઈ ખેલાડી પર ફરી એકવાર આખા વિશ્વની નજર રહેશે. આ ઉપરાંત ફૂટબોલ ઈતિહાસના મહાન ગોલસ્કોરર પોતાના અદ્ભુત ફોર્મ સાથે પોર્ટુગલને ટ્રોફી અપાવવા માટે એડીચોટીનું જોર લગાવશે. પોતાની અસાધારણ સ્પીડ અને ગોલ કરવાની ક્ષમતા માટે જાણીતો એમબાપ્પે ફ્રાન્સનો મુખ્ય આધાર રહેશે. આ યુવા સિતારાઓ હાલમાં શાનદાર ફાર્મમાં છે અને પોતાની ટીમને ચેમ્પિયન બનાવવા માટે ઉત્સુક છે. વિશ્લેષકો અને સટ્ટા બજારના અંદાજ મુજબ સ્પેન હાલના ફોર્મ અને ટીમ કમ્બિનેશનને જોતાં સ્પેનની જીતવાની સંભાવના સૌથી વધુ માનવામાં આવી રહી છે. ૨૦૧૮ના ચેમ્પિયન અને ૨૦૨૨ના રનર્સ-અપ ફ્રાન્સ પાસે પણ અત્યંત મજબૂત અને અનુભવી સ્ક્વોડ છે. સ્ટાર ખેલાડીઓથી સજ્જ ઈંગ્લેન્ડની ટીમ આ વખતે ઈતિહાસ રચવા માટે પ્રબળ દાવેદાર છે તેમ માનનારો વર્ગ પણ છે.

બ્રાઝીલ અને આર્જેન્ટિના દક્ષિણ અમેરિકાના આ બંને જાયન્ટ્ છે. તેઓની ક્ષમતા પણ ક્યારેય ઓછી ન આંકી શકાય. મેસ્સીની આર્જેન્ટિના ના પોતાનું ટાઈટલ બચાવવા માટે અને બ્રાઝિલ છઠ્ઠી વખત ચેમ્પિયન બનવા માટે મેદાને જંગમાં

## ભારતીય વુમન્સ ટીમ T20 વર્લ્ડ કપની વોર્મ-અપ મેચ હારી

મુંબઈ

ICC વુમન્સ T20 વર્લ્ડ કપની વોર્મ-અપ મેચમાં ઈંગ્લેન્ડે ભારતને 5 રનથી હરાવ્યું. કાર્ડિફમાં રમાયેલી મેચમાં ઈંગ્લેન્ડ વુમન્સે 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 171 રન બનાવ્યા. તેના જવાબમાં ભારતીય વુમન્સ ટીમ 19.5 ઓવરમાં 166 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. કેપ્ટન બ્રન્ટ અને એમી જોન્સે ફિફ્ટી ફટકારી ઈંગ્લેન્ડે પાવરપ્લેમાં સંભાળપૂર્વક શરૂઆત કરી.

27 રન પર ડેની વાટના રૂપમાં પ્રથમ વિકેટ પડી, પરંતુ તે પછી એમી જોન્સ અને કેપ્ટન નેટ સિવર બ્રન્ટ વચ્ચે 70 રનની ભાગીદારી થઈ. જોન્સે 64 રન અને બ્રન્ટે 57 રન બનાવ્યા. 64 રનની ઈનિંગ્સ દરમિયાન શોટ ફટકારતી નેટ સીવર બ્રન્ટ. 13મી ઓવરમાં ઈંગ્લેન્ડનો સ્કોર 1 વિકેટે 97 રન હતો, જે 19મી ઓવર સુધીમાં 6 વિકેટે 152 રન થઈ ગયો. અંતિમ ઓવરોમાં ડેનિયલે 12 બોલમાં 30 રન બનાવીને ઈંગ્લેન્ડનો સ્કોર 171 રન સુધી પહોંચાડ્યો. ભારત તરફથી શ્રેયંકા પાટીલે સૌથી વધુ 2 વિકેટ લીધી. સ્મૃતિ અને કેપ્ટન હરમન ફેલ, રિચાએ એક છેડો સંભાળી રાખ્યો રનચેઝમાં ભારતની શરૂઆત ખરાબ રહી. સ્મૃતિ મંધાના (1), શેફાલી વર્મા (13), યાસ્તિકા ભાટિયા (15) અને કેપ્ટન હરમનપ્રીત કૌર (17) સસ્તામાં આઉટ થઈ ગઈ. છઠ્ઠા નંબરે બેટિંગ કરવા ઉતરેલી રિચા ઘોષે 36 બોલમાં 68 રન બનાવ્યા. છેલ્લી 2 ઓવરમાં ભારતને 38 રન બનાવવાના હતા. 19મી ઓવરમાં વોંગની ઓવરમાંથી રિચાએ 21 રન લીધા. છેલ્લી ઓવરમાં 17 રન બનાવવાના હતા. રિચાએ બીજી બોલ પર ચોગ્ગો અને ત્રીજી બોલ પર છગ્ગો ફટકાર્યો. આ પછી 3 બોલમાં 6 રન બનાવવાના હતા, પરંતુ તે કેચ આઉટ થઈ ગઈ અને પછી રેણુકા પણ તેના પછીના બોલ પર આઉટ થતા જ ભારત ઓલઆઉટ થઈ ગયું. રિચા સિવાય ભારતની કોઈ બેટર 20 રન સુધી પણ પહોંચી શકી નહીં.

### મોહિન્દર અમરનાથનો 37 વર્ષ જૂનો રેકોર્ડ તોડશે

## રોહિત શર્મા 37 વર્ષ જૂનો રેકોર્ડ બ્રેક કરશે, ODI રમનાર સૌથી વધુ વય ધરાવતો ભારતીય ખેલાડી

મુંબઈ

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે આગામી 13 જૂનથી શરૂ થઈ રહેલી 3 મેચોની વન-ડે સીરિઝ ક્રિકેટ ચાહકો માટે રોમાંચક સાબિત થવાની છે. ધર્મશાલામાં રમાનારી સીરિઝની પ્રથમ મેચ દરમિયાન ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ ઓપનર રોહિત શર્મા મેદાન પર પગ મૂકતાની સાથે જ એક અનોખો ઈતિહાસ રચી દેશે. તે ભારત માટે વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટ રમનારો ઈતિહાસનો સૌથી વધુ ઉંમરનો ખેલાડી બની જશે. આ સાથે જ તે એક મોટો ઐતિહાસિક રેકોર્ડ પણ પોતાના નામે કરશે.

મોહિન્દર અમરનાથનો 37 વર્ષ જૂનો રેકોર્ડ તોડશે રોહિત શર્મા જ્યારે ધર્મશાલાના મેદાન પર અફઘાનિસ્તાન સામે મેચ રમવા




ઉતરશે, ત્યારે તેની ઉંમર 39 વર્ષ અને 44 દિવસની હશે. આ સાથે જ તે મોહિન્દર અમરનાથનો 37 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખશે. 1983ના વર્લ્ડ કપ વિજેતા ટીમના હીરો રહેલા મોહિન્દર અમરનાથે વર્ષ 1989માં ભારત માટે પોતાની છેલ્લી વન-ડે મેચ રમી હતી, તે સમયે તેમની ઉંમર 39 વર્ષ અને 36 દિવસની હતી. હવે રોહિત શર્મા આ મામલે ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વયોવૃદ્ધ ખેલાડી બની જશે. રોહિત શર્મા તાજેતરમાં જ પોતાનો ફિટનેસ ટેસ્ટ પાસ કરીને ભારતીય ટીમ સાથે જોડાયા છે અને રમવા માટે સંપૂર્ણ સજ્જ છે. બીજી તરફ, ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ઈજાના કારણે આ સીરિઝમાંથી બહાર થઈ ગયા છે. તેમની વાપસી આગામી ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન થવાની સંભાવના છે.

## સૌથી મોટો વુમન્સ T-20 વર્લ્ડકપ આજથી, પહેલી વાર 12 ટીમ સામેલ

### ભારત 'ગ્રુપ ઑફ ડેથ'માં, 14 જૂને પાકિસ્તાન સામે મુકાબલો

નવી દિલ્હી

10મો વુમન્સ T-20 વર્લ્ડ કપ 12 જૂનથી ઈંગ્લેન્ડ અને વેલ્સમાં શરૂ થશે. પહેલી મેચ યજમાન ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચે રમાશે. ફાઈનલ 5 જુલાઈએ લોર્ડ્સમાં થશે. આ વખતે 12 ટીમ 24 દિવસમાં 33 મુકાબલા રમશે. આ અત્યાર સુધીનો સૌથી મોટો વુમન્સ T-20 વર્લ્ડ કપ હશે. ટુર્નામેન્ટની ડિફેન્ડિંગ ચેમ્પિયન ન્યૂઝીલેન્ડ છે. ટીમે 2024માં પ્રથમ વખત આ ખિતાબ જીત્યો હતો. ઓસ્ટ્રેલિયા 6 ટ્રોફી સાથે ટુર્નામેન્ટની સૌથી સફળ ટીમ છે. ભારત ક્યારેય ટ્રોફી જીતી શક્યું નથી. ટીમે 4 વખત સેમિફાઈનલ અને એક વખત ફાઈનલમાં જગ્યા બનાવી છે. ભારત આ વખતે ગ્રુપ ઓફ ડેથમાં છે, જેમાં ઓસ્ટ્રેલિયા-સાઉથ આફ્રિકા જેવી ટીમો છે. ભારતની પ્રથમ મેચ 14 જૂને બર્મિંગહામમાં થશે. સ્ટોરીમાં ટુર્નામેન્ટ




વિશે બધું જ જાણો... ટુર્નામેન્ટની શરૂઆત ક્યારે અને કેવી રીતે થઈ? 2009માં પ્રથમ વખત વુમન્સ T-20 વર્લ્ડ કપ ઈંગ્લેન્ડમાં યોજાયો હતો. ટુર્નામેન્ટમાં 8 ટીમો સામેલ હતી. યજમાન ઈંગ્લેન્ડ જ પ્રથમ ચેમ્પિયન બન્યું હતું. શરૂઆતના 3 વર્લ્ડ કપ સુધી 8 ટીમો રમતી હતી. 2014થી ટીમોની સંખ્યા વધીને 10 થઈ. 2026માં પ્રથમ વખત 12 ટીમો ભાગ લઈ રહી છે. ઈંગ્લેન્ડ 17 વર્ષ પછી વર્લ્ડ કપની યજમાની કરી રહ્યું છે. કયા ફોર્મેટમાં રમાશે ટુર્નામેન્ટ? 12 ટીમોને 6-6ના બે ગ્રુપ A અને Bમાં વહેંચવામાં આવી છે. ગ્રુપ સ્ટેજમાં તમામ ટીમો એકબીજા સામે રમશે. ત્યારબાદ બંને ગ્રુપની ટોપ-2 ટીમો સેમિફાઈનલમાં પહોંચશે. સેમિફાઈનલ જીતનારી ટીમ ફાઈનલ રમશે. ભારતનું અભિયાન ક્યારે શરૂ થશે? ભારતીય ટીમ 14 જૂને પાકિસ્તાન સામેના મુકાબલાથી પોતાના અભિયાનની શરૂઆત કરશે. ટીમનો સૌથી મોટો મુકાબલો 28 જૂને ઓસ્ટ્રેલિયા સામે થશે. 21 જૂને ભારત અને સાઉથ આફ્રિકા આમને-સામને થશે. ગ્રુપ-Aને આ વખતે 'ગ્રુપ ઓફ ડેથ' કહેવામાં આવી રહ્યું છે. તેમાં ભારત, ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા જેવી મજબૂત ટીમો છે. ભારતીય ટીમની કેપ્ટનશીપ હરમનપ્રીત કૌર કરશે. સ્ક્વોડમાં સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમિમા રોડ્રિગ્સ, રિચા ઘોષ, દીપ્તિ શર્મા, રેણુકા સિંહ અને શ્રેયંકા પાટિલ જેવા ખેલાડીઓ છે. પ્રથમ વખત શું થઈ રહ્યું છે? પ્રથમ વખત 12 ટીમો: આ વુમન્સ T-20 વર્લ્ડ કપની પ્રથમ એડિશન હશે જેમાં 12 ટીમો ભાગ લેશે. આ પહેલા 10 ટીમો રમી હતી. નેધરલેન્ડ્સનું ડેબ્યુ: નેધરલેન્ડ્સ પ્રથમ વખત વુમન્સ T-20 વર્લ્ડ કપ રમશે. ટીમે ગ્લોબલ ક્વોલિફાયરમાં ચોથું સ્થાન મેળવીને ટુર્નામેન્ટમાં જગ્યા બનાવી. ભારતનું પ્રદર્શન કેવું રહ્યું છે? ભારતે અત્યાર સુધીના તમામ 9 વર્લ્ડ કપ રમ્યા છે. ટીમ 2020માં પ્રથમ અને એકમાત્ર વખત ફાઈનલમાં પહોંચી હતી. તેને ઓસ્ટ્રેલિયાએ હરાવ્યું હતું. ભારત 4 વખત સેમિફાઈનલ સુધી પણ પહોંચ્યું છે. ભારતે ટુર્નામેન્ટમાં 40 મેચ રમી છે.



### 22% થી 30% મિક્સ કરવાથી ટેક્સ નહીં લાગે

## ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી માફ

મુંબઈ

કેન્દ્ર સરકાર 22% થી લઈને 30% સુધી ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર કોઈ એક્સાઈઝ ડ્યુટી લાગુ કરશે નહીં. E20, એટલે કે 20% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર કોઈ રાહત આપવામાં આવી નથી. કેન્દ્ર સરકારે દેશમાં ક્રૂડ ઓઈલ, એટલે કે કાચા તેલની આયાત ઘટાડવા અને સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે આ પગલું ભર્યું છે. ચાલો સરળ પ્રશ્ન-જવાબમાં સમજીએ કે સરકારના આ નિર્ણયનો અર્થ શું છે અને તેનાથી સામાન્ય માણસ અને દેશને શું ફાયદો થશે. સરકારે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલને લઈને કયું નવું નોટિફિકેશન બહાર પાડ્યું છે? ભારત સરકારે એક નોટિફિકેશન બહાર પાડીને પેટ્રોલમાં હાઈ લેવલ ઈથેનોલ મિશ્રણને



એક્સાઈઝ ડ્યુટીમાંથી મુક્ત કર્યું છે. આ અંતર્ગત, જે પેટ્રોલમાં 22% થી લઈને 30% સુધી ઈથેનોલ મિશ્રિત હશે, તેના પર કોઈ એક્સાઈઝ ડ્યુટી લાગુ પડશે નહીં. આ ટેક્સ છૂટના દાયરામાં પેટ્રોલના ચાર નવા વેરિઅન્ટ્સ- E22, E25, E27 અને E30 નો સમાવેશ થશે. આ પહેલીવાર છે જ્યારે સરકારે E20થી ઉપરના બ્લેન્ડ્સ માટે આટલો મોટો નાણાકીય સહાય, એટલે કે ફિસ્કલ ઈન્સેન્ટિવ આપવાની જાહેરાત કરી છે.

શું હોય છે ઈથેનોલ?

ઈથેનોલ એક પ્રકારનો આલ્કોહોલ છે, જે સ્ટાર્ચ અને સુગરના ફર્મેન્ટેશનથી બનાવવામાં આવે છે. તેને પેટ્રોલ ભેળવીને ગાડીઓમાં ઈકો-ફ્રેન્ડલી ફ્યુઅલ તરીકે ઉપયોગમાં લેવાય છે. ઈથેનોલનું ઉત્પાદન મુખ્યત્વે શેરડીના રસમાંથી થાય છે, પરંતુ સ્ટાર્ચ ધરાવતી સામગ્રીઓ જેવી કે મકાઈ, સડેલા બટાકા, કસાવા અને સડેલા શાકભાજીમાંથી પણ ઈથેનોલ તૈયાર કરી શકાય છે. ફર્સ્ટ જનરેશન ઈથેનોલ : ફર્સ્ટ જનરેશન ઈથેનોલ શેરડીના રસ, મીઠા બીટ, સડેલા બટાકા, મીઠા જુવાર અને મકાઈમાંથી બનાવવામાં આવે છે.

### વૈશ્વિક અર્થતંત્ર પર ખતરો!

## ફરી મોંઘું થશે પેટ્રોલ-ડીઝલ? ક્રૂડ ઓઈલના ભાવ 150 ડૉલરની સપાટી સ્પર્શી શકે

મુંબઈ

અમેરિકા અને ઈરાન વચ્ચે જો ફરીથી મોટો વિવાદ કે યુદ્ધ જેવી સ્થિતિ શરૂ થશે, તો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ખૂબ જ વધી શકે છે. એનર્જી રિસર્ચ ફર્મ 'રિસ્ટાડ એનર્જી'ના રિપોર્ટ પ્રમાણે, આ ભાવ પ્રતિ બેરલ $150 (આશરે 12,500 રૂપિયાથી વધુ) સુધી પહોંચી જવાની આશંકા છે. બંને દેશો વચ્ચે અત્યારે એટલો બધો તણાવ વધી ગયો છે કે એપ્રિલ મહિનામાં થયેલી શાંતિ કે યુદ્ધવિરામની સમજૂતી પણ હવે તૂટવાના આરે છે. આ આંતરરાષ્ટ્રીય લડાઈની સીધી અસર ઓઈલના ભાવો પર પડી રહી છે અને તેના કારણે અમેરિકા સહિત દુનિયાભરના શેરબજારોમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. આધુનિક ઈતિહાસનો સૌથી મોટો સપ્લાય કટોકટી મિડલ ઈસ્ટના આ સંઘર્ષને કારણે ખાડી દેશોના 6 અગ્રણી ઓઈલ ઉત્પાદકોનું આશરે 11.8 મિલિયન બેરલ



પ્રતિ દિવસ (bpd) ઓઈલ ઉત્પાદન હાલમાં ઠપ થઈ ગયું છે. આધુનિક ઊર્જા બજારના ઈતિહાસમાં ઓઈલ પુરવઠામાં આ અત્યાર સુધીનો સૌથી મોટો અને ચિંતાજનક અવરોધ માનવામાં આવી રહ્યો છે. નિષ્ણાતોના મતે, આગામી થોડા દિવસો વૈશ્વિક બજાર માટે ખૂબ જ નાજુક સાબિત થશે. હાલમાં રાજદ્વારી રીતે આ વિવાદ ઉકેલાવાની શક્યતા અગાઉના 40%થી ઘટીને ઘણી ઓછી થઈ ગઈ છે, જેના કારણે ઓઈલના ભાવમાં ભારે અસ્થિરતા રહેશે.

રિપોર્ટના ચોંકાવનારા આંકડા મુજબ, આ સંઘર્ષની શરૂઆત થયાના માત્ર ત્રણ મહિનાની અંદર જ વૈશ્વિક બજારમાંથી આશરે 1 અબજ (1 બિલિયન) બેરલ ક્રૂડ ઓઈલનો સપ્લાય ગાયબ થઈ ચૂક્યો છે. આ જથ્થો અમેરિકાના કુલ વ્યૂહાત્મક પેટ્રોલિયમ અનામત કરતાં પણ અઢી ગણો વધારે છે. જો કે, ચીન દ્વારા ક્રૂડ ઓઈલની ઓછી આયાત અને સાઉદી અરેબિયાના યાન્બુ નિકાસ રૂટ દ્વારા થતા પરિવહનને કારણે આ આંચકાને થોડો અંશે અટકાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે, પરંતુ જો તણાવ લાંબો ચાલશે તો સ્થિતિ બેકાબૂ બની શકે છે. આ વૈશ્વિક તણાવની સીધી અસર ગુરુવારે બજાર પર સ્પષ્ટ જોવા મળી હતી.

### દર વર્ષે 80 કરોડથી વધુનું નુકસાન, રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

## ભારતીય બેંકો પર AI સ્કેમનો મોટો ખતરો

### અહેવાલમાં સૌથી ચિંતાજનક બાબત એ સામે આવી છે કે ઇન્સ્ટન્ટ પેમેન્ટ પ્લેટફોર્મ ડિજિટલ ફ્રોડના મુખ્ય સ્ત્રોત બની રહ્યા છે.

મુંબઈ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેક્નોલોજી જ્યાં એકતરફ નાણાકીય ક્ષેત્રને આધુનિક બનાવી રહી છે, ત્યાં બીજી તરફ તે ભારતીય બેંકિંગ સેક્ટર માટે એક મોટો માથાનો દુખાવો બની ગઈ છે. 'બાયોકેચ' દ્વારા કરવામાં આવેલા એક વૈશ્વિક સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે, ભારતની આશરે 84% બેંકિંગ સંસ્થાઓએ છેલ્લા એક વર્ષમાં ફ્રોડના કારણે થતા નાણાકીય નુકસાનમાં મોટો વધારો નોંધ્યો છે. આ સર્વેમાં વિશ્વના 25 દેશોના 1,440 નાણાકીય લીડર્સે ભાગ લીધો હતો, જેમાં ભારત આર્થિક કૌભાંડો અને AI આધારિત ડિજિટલ જોખમોથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં મોખરે રહ્યું છે. છેતરપિંડીના પ્રયાસોમાં રેકોર્ડબ્રેક ઉછાળો આ અહેવાલમાં બેંકિંગ અને નાણાકીય ગુના નિવારણ સાથે જોડાયેલા ભારતના 100 અગ્રણી નિષ્ણાતોનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. તેમાંથી આશ્ચર્યજનક રીતે 90% નિષ્ણાતોએ સ્વીકાર્યું છે કે તેમની સંસ્થાઓમાં છેતરપિંડીના પ્રયાસોમાં અભૂતપૂર્વ વધારો થયો છે, જે 81%ના વૈશ્વિક સરેરાશ કરતાં ઘણો વધારે છે. અગાઉના વર્ષના સર્વેમાં આ આંકડો માત્ર 70% હતો, જે દર્શાવે છે કે સાયબર ગુનેગારો હવે ભારતીય બેંકોને વધુ




નિશાન બનાવી રહ્યા છે. આ ઉપરાંત, 84% ઉત્તરદાતાઓ માને છે કે આગામી વર્ષમાં ફાઈનાન્સ સેક્ટરમાં સુરક્ષાની દ્રષ્ટિએ AI એજન્ટ્સ સૌથી નબળી કડી સાબિત થઈ શકે છે. સર્વેક્ષણમાં નાણાકીય છેતરપિંડીમાં AIની સક્રિય ભૂમિકા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ભારતના 93% નાણાકીય લીડર્સ માને છે કે AIના કારણે સાયબર ક્રિમિનલ્સના કૌભાંડોની રીતો વધુ હાઈટેક અને જટિલ બની ગઈ છે. વળી, 90% લોકોનું કહેવું છે કે ભવિષ્યમાં AIની મદદથી કરવામાં આવતી શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને સામાન્ય ગ્રાહકોની સાચી પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત પારખવો બેંકો માટે અત્યંત મુશ્કેલ બની જશે. સાયબર ફ્રોડની સ્પીડથી બેંક અધિકારીઓ ચિંતિત ભારતીય બેંકિંગ લીડર્સ સાયબર છેતરપિંડી જે ઝડપથી અંજામ આપવામાં આવે છે તેનાથી સૌથી વધુ ચિંતિત છે. ભારતમાંથી 95% ઉત્તરદાતાઓએ ફ્રોડની વધતી સ્પીડ અંગે ચિંતા વ્યક્ત કરી છે, જેની સામે વૈશ્વિક સરેરાશ માત્ર 76% છે. આ ફ્રોડના કારણે ભારતીય બેંકોને મોટો આર્થિક ફટકો પડી રહ્યો છે, જેમાં સર્વેક્ષણમાં સામેલ લગભગ અડધી (48%) ભારતીય બેંકો દર વર્ષે 10 મિલિયન ડોલર એટલે કે આશરે 83 કરોડ રૂપિયાથી વધુ ગુમાવી રહી છે. અહેવાલમાં સૌથી ચિંતાજનક બાબત એ સામે આવી છે કે ઈન્સ્ટન્ટ પેમેન્ટ પ્લેટફોર્મ ડિજિટલ ફ્રોડના મુખ્ય સ્ત્રોત બની રહ્યા છે. ભારતના 66% બેંકિંગ લીડર્સે ઈન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ દ્વારા થતા સ્કેમને વકરી રહેલી છેતરપિંડીનું સૌથી મોટું કારણ ગણાવ્યું છે, જે 59%ના વૈશ્વિક સરેરાશથી ઘણું વધારે છે. રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે ભારતભરમાં UPI (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ)ના ઝડપી સ્વીકાર અને ડિજિટલ ક્રાંતિએ

## સેન્સેક્સ 150 અંક તૂટ્યો, નિફ્ટી 23200ની નીચે બંધ

■ **નિફ્ટી 23,162 પર આવ્યો; આઈટી અને બેન્કિંગ શેરોમાં સૌથી વધુ વેચવાલી**

મુંબઈ

ગુરુવારે સ્થાનિક શેરબજારો થોડા ઘટાડા સાથે લાલ નિશાનમાં બંધ થયા હતા. જોકે આજે ફરી એકવાર આઈટી શેરબજારોમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. આજે બીએસઈ સેન્સેક્સ 150.63 પોઈન્ટ ઘટીને 73,832.55 પોઈન્ટ પર બંધ થયો હતો. જ્યારે એનએસઈ નિફ્ટી 50 ઈન્ડેક્સ ઘટીને 23,161.60 પોઈન્ટ પર બંધ થયો હતો.

આજે સેન્સેક્સ 369.19 પોઈન્ટના ઘટાડા સાથે 73,615.99 પોઈન્ટ પર ખુલ્યો હતો અને નિફ્ટી 110.55 પોઈન્ટ (૦.૪૮%) ઘટીને 23,104.40 પોઈન્ટ પર બંધ થયો હતો. સત્રના મધ્યમાં એક સમયે સેન્સેક્સ સારો વધારો નોંધાવીને 74,394.34 પોઈન્ટ પર પહોંચી ગયો હતો.

એ જ રીતે નિફ્ટી પણ આજે એક સમયે સારા વધારા સાથે 23,327.45 પોઈન્ટ પર પહોંચી ગયો હતો. સેન્સેક્સની 30 કંપનીઓમાંથી ફક્ત 9 કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા અને બાકીની બધી 21 કંપનીઓના શેર નુકસાન સાથે લાલ રંગમાં બંધ થયા હતા. બીજી તરફ નિફ્ટી 50 ની 50 કંપનીઓમાંથી ફક્ત 18 કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા અને બાકીની બધી 32 કંપનીઓના શેર નુકસાન સાથે લાલ રંગમાં બંધ થયા હતા.

સેન્સેક્સની કંપનીઓમાં ઓટોમોબાઈલ કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેર આજે સૌથી વધુ 1.67 ટકાના વધારા સાથે બંધ થયા હતા. જ્યારે IT ક્ષેત્રની અગ્રણી કંપની ઈન્ફોસિસના શેર આજે સૌથી વધુ 2.71 ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા.

### અમદાવાદ સ્માર્ટ સિટી મિશનને વેગ આપવા 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની ટીમ મેદાનમાં

# ગ્રુપ એડિટર પવન માકન અને કોર્પોરેશનના શીર્ષ પદાધિકારીઓ વચ્ચે મ્યુનિસિપલ કમિશનર કચેરી ખાતે યોજાઈ ઉચ્ચ સ્તરીય બેઠક





**અમદાવાદ**

ગુજરાતના આર્થિક પાટનગર અને હેરીટેજ સિટી અમદાવાદને વૈશ્વિક સ્તરે અગ્રેસર કરવા અને સ્માર્ટ સિટી મિશનના પ્રોજેક્ટ્સને ઝડપથી જમીની સ્તરે ઉતારવા માટે મીડિયા અને વહીવટી તંત્ર વચ્ચે એક સકારાત્મક સેતુ સર્જાયો છે. અમદાવાદ શહેરના વિકાસ કાર્યોને વધુ ગતિશીલ બનાવવાના ઉદ્દેશ્ય સાથે આજે મ્યુનિસિપલ કમિશનર ઓફિસ ખાતે એક અત્યંત મહત્વપૂર્ણ અને સદ્ભાવનાપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ મુલાકાત દરમિયાન સીએન ૨૪ ન્યૂઝ ચેનલ, પાક્કો ગુજરાત ન્યૂઝ અને મહાનગર મેટ્રો ન્યૂઝના ગ્રુપ એડિટર પવન માકને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના નવનિયુક્ત અને શીર્ષ પદાધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. જેમાં અમદાવાદના મેયર હિતેશ બારોટ, ડેપ્યુટી મેયર અંજુ શાહ તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મ્યુનિસિપલ કમિશનર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં શહેરના ભવિષ્યના રોડમેપ અને લોકઉપયોગી સુવિધાઓ અંગે અત્યંત ગંભીરતાપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન મુખ્યત્વે અમદાવાદ શહેરના આંતરમાળખાકીય વિકાસ (Infrastructure Development), ટ્રાફિક વ્યવસ્થાપન, સ્માર્ટ પબ્લિક ટ્રાન્સપોર્ટ અને ગ્રીન એનર્જી જેવા મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. કેન્દ્ર સરકારના મહત્વાકાંક્ષી 'અમદાવાદ સ્માર્ટ સિટી મિશન' અંતર્ગત જે પણ પ્રોજેક્ટ્સ હાલ પ્રગતિમાં છે અથવા જેનું આયોજન થઈ ચૂક્યું છે, તે તમામ કાર્યો નિર્ધારિત સમયમર્યાદામાં અને સંપૂર્ણ પારદર્શકતા સાથે પૂર્ણ કરવામાં આવે તેવી અપેક્ષા સાથે અમદાવાદ મહાનગરપાલિકાના સત્તાધીશો સમક્ષ એક મજબૂત રજૂઆત કરવામાં આવી હતી. સ્થાનિક નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે તે બાબત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

**■ શહેરના વિકાસ માટે સાથે મળીને કામ કરવાનો સંકલ્પ**

આ ઉચ્ચ સ્તરીય શુભેચ્છા મુલાકાત અને ચર્ચા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ગ્રુપ એડિટર પવન માકને જણાવ્યું હતું કે, 'અમદાવાદ આપણું ગૌરવ છે. આ શહેરને માત્ર ટેકનોલોજીની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ લિવેબિલિટી (રહેવા યોગ્ય) ઈન્ડેક્સમાં પણ દેશનું સર્વશ્રેષ્ઠ સ્માર્ટ સિટી બનાવવા માટે અમે વહીવટી તંત્ર સાથે મળીને સકારાત્મક ભૂમિકા ભજવવા કટિબદ્ધ છીએ. ચોથી જાગીર (મીડિયા) તરીકે જનતાના પ્રશ્નોને વાચા આપવાની સાથે-સાથે વહીવટી તંત્રના સારા કાર્યોને પ્રોત્સાહન આપવું પણ અમારી જવાબદારી છે. અમે સૌ સાથે મળીને અમદાવાદના ઉજ્જવળ ભવિષ્ય માટે ખભેખભા મિલાવીને કામ કરીશું.'

**■ કોર્પોરેશનના અધિકારીઓનો આભાર વ્યક્ત કરાયો**

આ બેઠકના અંતે, ગ્રુપ એડિટર પવન માકન દ્વારા અમદાવાદ મહાનગરપાલિકાના તમામ નાના-મોટા કર્મચારીઓ, એન્જિનિયરો અને વહીવટી અધિકારીઓ પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, અમદાવાદ જેવા મેગા સિટીને ચોવીસે કલાક ધબકતું રાખવા પાછળ કોર્પોરેશનની ટીમની રાત-દિવસની મહેનત પ્રશંસનીય છે. આ બેઠક આગામી દિવસોમાં અમદાવાદના શહેરી જનજીવન, નવીન પ્રોજેક્ટ્સની ગતિ અને લોકકલ્યાણના કાર્યોમાં ખૂબ જ મહત્વપૂર્ણ અને નિર્ણાયક સાબિત થશે તેવો આશાવાદ પદાધિકારીઓ અને મીડિયા ગ્રુપ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

## એ.ડી.સી. બેંકે રૂ.20,212 કરોડથી વધુનો બિઝનેસ હાંસલ કરી નવો કીર્તિમાન સ્થાપિત કર્યો

### ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક લી., અમદાવાદની સને 2025-26ની 101મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

**અમદાવાદ**

અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ.ની ૧૦૧ મી વાર્ષિક સાધારણ સભા તારીખ ૯ મી જુને ટાગોર હોલ, પાલડી, અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં બેંકના ચેરમેન અજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને, વાઈસ ચેરમેન જગદીશભાઈ પટેલ, બેંકના ડીરેકટર અને ઉત્તમ ડેરીના ચેરમેન મોહનભાઈ ભરવાડ, બેંકના ડીરેકટર અને ભારતીય જનતા પાર્ટી, સહકાર સેલના કન્વીનર બીપીનભાઈ પટેલ તથા બોર્ડના ડાયરેક્ટરો, આમંત્રિત મહેમાનો અને મોટી સંખ્યામાં સહકારી મંડળીઓના પ્રતિનિષિઓ રૂબરૂ તથા ઓનલાઈન વિડીયો કોન્ફરન્સ (વર્ચ્યુઅલ) ધ્વારા હાજરી આપેલ. આદરણીય વડાપધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગ્રામીણ અર્થવ્યવસ્થાને સશક્ત કરવા માટે આઝાદીના ૭૫ વર્ષ બાદ સૌપ્રથમ વખત સને ૨૦૨૧માં 'સહકાર મંત્રાલય' ની સ્થાપના કરી, આપણાં માનનીય અમિતભાઈ શાહ સાહેબને સહકાર મંત્રાલયનું સુકાન સોંપ્યું. તેઓ ધ્વારા માનનીય વડાપ્રધાનના 'સહકાર થી સમૃષિ' ના સ્વપ્નને સાકાર કરવા સહકારી ક્ષેત્રે ટૂંક જ સમયમાં ૬૦ થી વધુ પહેલો શરૂ કરવાને પરિણામે સહકારી ક્ષેત્ર સતત પ્રગતિ કરી રહેલ છે. 'સહકાર થી સમૃધ્ધિ' પાયલોટ પ્રોજેકટ અંતર્ગત બેંકના કાર્યક્ષેત્રના તમામ ગામોને બેંકિંગ સુવિધા ઉપલબ્ધ કરાવી છેવાડાના ગામોના નાના માણસોને તેઓની જરૂરીયાત અનુસાર પિરાણની સગવડ આપી સહકારી પ્રવૃતિ સાથે જોડેલ છે.

## ચાંદલોડિયા ડિમોલિશન વિવાદ વકર્યો : સ્થાનિકોના ધરણા, વૈકલ્પિક આવાસ ન મળતાં HCમાં જવાની ચીમકી

> છેલ્લા 40 વર્ષથી અમે આ જગ્યા ઉપર રહીએ છીએ. નોટિસ આપીને માત્ર ચાર દિવસમાં મકાનો ખાલી કરાવવામાં આવ્યા હતાં. અત્યારે લોકો ઘર વિના ક્યાં જશે? : સ્થાનિક મહિલા

**અમદાવાદ**

ગાંધીનગર લોકસભા અને રાજ્યના મુખ્યમંત્રીના મુખ્ય વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવતા અમદાવાદ શહેરના ચાંદલોડિયા વોર્ડમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ડિમોલિશન કામગીરી સામે સ્થાનિક રહીશોએ ઉગ્ર મોરચો માંડ્યો છે. ચાંદલોડિયાના મહાદેવનગર વિભાગ 1માં રોડ કપાતના નામે ઉત્તર-પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા કોઈ પણ વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા વિના મકાનો તોડી પાડવામાં આવતા આજે (11 જૂન) સવારથી જ સ્થાનિક લોકો મહિલાઓ અને નાના બાળકો સાથે કાળઝાળ ગરમીમાં ધરણા પર ઉતરી આવ્યા છે. છેલ્લા 40 વર્ષથી અહીં વસવાટ કરતા લોકોએ જ્યાં સુધી




ઘરની સામે ઘર ન મળે ત્યાં સુધી હટવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.

સ્થાનિક મહિલાએ જણાવ્યું કે, છેલ્લા 40 વર્ષથી અમે આ જગ્યા ઉપર રહીએ છીએ. નોટિસ આપીને માત્ર ચાર દિવસમાં મકાનો ખાલી કરાવવામાં આવ્યા હતાં. અત્યારે લોકો ઘર વિના ક્યાં જશે? સરકાર પાસે અમારી એક જ માગ છે કે, અમને મકાનની સામે મકાનની વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવે. જ્યાં સુધી અમને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમે ધારણા પર બેસી રહીશું. જરૂર પડીએ હાઈકોર્ટમાં પણ જઈશું. ચાંદલોડિયા વિસ્તારમાં રેલવે લાઈનને સમાંતર આવેલા મહાદેવનગર વિભાગ 1 અને 2 પાસેથી 12 મીટરનો નવો રોડ ખોલવાનું આયોજન કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે, આ રેલવે સમાંતર 12 મીટરના રોડની હાલના તબક્કે કોઈ જ તાત્કાલિક જરૂરિયાત નથી. તેમ છતાં, એસ્ટેટ વિભાગ દ્વારા મનસ્વી રીતે આશરે 50 જેટલા મકાનોને તોડી પાડીને હજારો લોકોને ઘરવિહોણા કરી દેવાયા છે. માત્ર 5 જ દિવસની ટૂંકી નોટિસ આપીને ઘર બહાર કાઢી મૂકવામાં આવતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોમાં કોર્પોરેશન સામે ભારે રોષ ફેલાયો છે.

## બોપલમાં હાઈવોલ્ટેજ ડ્રામા : GFના નંબર મુદ્દે ઝઘડો થતાં પોલીસ પહોંચી

### ભાગવા જતાં માથાભારે મહાવીરસિંહ ચોથા માળેથી પટકાયો

**અમદાવાદ**

અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા બોપલમાં એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. ગર્લફ્રેન્ડના મોબાઈલ નંબરની લેતીદેતી બાબતે થયેલા ઝઘડા બાદ પોલીસથી બચવા જતાં માથાભારે શખ્સ મહાવીરસિંહ સિંધવ ચોથા માળેથી નીચે પટકાતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ સમગ્ર ઘટનાના લાઈવ સીસીટીવી (CCTV) ફૂટેજ પણ સામે આવ્યા છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ, બોપલ વિસ્તારમાં આવેલી એક સોસાયટીના ફ્લેટમાં ગર્લફ્રેન્ડના મોબાઈલ નંબર મેળવવા બાબતે મહાવીરસિંહ સિંધવ નામના માથાભારે શખ્સનો અન્ય લોકો સાથે ઉગ્ર ઝઘડો થયો હતો. વાત એટલી વધી ગઈ કે મામલો થાળે પાડવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતાં જ બોપલ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસને ફ્લેટના દરવાજે આવેલી જોઈને ગુનાહિત ઈતિહાસ ધરાવતો મહાવીરસિંહ ગભરાઈ ગયો હતો. પોલીસ પકડથી બચવા માટે તેણે ફ્લેટની ગેલેરી કે બારીમાંથી બહાર નીકળીને ભાગવાનો શોર્ટકટ અપનાવ્યો હતો. ચોથા માળની ઊંચાઈએથી ભાગવાની ફિરાકમાં મહાવીરસિંહનો પગ અચાનક લપસી ગયો હતો. સંતુલન ગુમાવવાને કારણે તે સીધો જ ચોથા માળેથી નીચે જમીન પર પટકાયો હતો. ભારે ઊંચાઈ પરથી પકડાવાને કારણે તેને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

### NEET પેપર લીક કાંડ સામે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ આરપારના મૂડમાં

## 13 જૂને શહેરમાં યોજાશે પ્રચંડ મશાલ રેલી : રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય ભાનુ ચિબ પણ જોડાશે

### દેશના 22 લાખ અને ગુજરાતના 85 હજારથી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ભયંકર ચેડાં કરવામાં આવ્યા

**અમદાવાદ**

NEET (યુજી) પરીક્ષાના પેપર લીક મુદ્દે સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ વચ્ચે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે, ત્યારે આ ગંભીર મુદ્દાને લઈને ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ હવે આરપારની લડાઈ લડવા માટે મેદાનમાં આવી ગઈ છે. દેશભરના ૨૨ લાખથી વધુ અને ખાસ કરીને ગુજરાત રાજ્યના ૮૫ હજાર જેટલા નિર્દોષ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય સાથે થયેલા ક્રૂર ચેડાં સામે વિરોધ પ્રદર્શન કરવા માટે આગામી ૧૩ જૂન ૨૦૨૬ના રોજ અમદાવાદમાં એક વિશાળ અને ભવ્ય મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવિણસિંહ વણોલે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

પત્રકારોને સંબોધતા ડૉ. પ્રવિણસિંહ વણોલે કેન્દ્રની ભાજપ સરકારની શૈક્ષણિક નીતિઓ અને કથળેલા આયોજન પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે અત્યંત આક્રોશ સાથે જણાવ્યું હતું કે, જ્યારે પણ કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાનું પેપર લીક થાય છે, ત્યારે માત્ર સરકારી તંત્રની નબળાઈ ઉજાગર નથી થતી, પરંતુ રાત-દિવસ એક કરીને મહેનત કરતા દેશના ભાવી ડૉક્ટરો અને તેજસ્વી વિદ્યાર્થીઓના સપનાઓ અને ભવિષ્ય ભયંકર રીતે ફૂટી જાય છે. આ રાષ્ટ્રીય સ્તરના કૌભાંડથી દેશભરમાં ખૂબ જ ઘેરા અને ઊંડા પ્રત્યાઘાતો પડ્યા છે. જ્યાં સુધી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પોતાના પદ પરથી રાજીનામું નહીં આપે, ત્યાં સુધી યુવા કોંગ્રેસ શાંત બેસશે નહીં અને દેશભરમાં આ ઉગ્ર વિરોધ પ્રદર્શનો અવિરતપણે ચાલુ રાખવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, 'ગુજરાતમાં ૮૫ હજારથી વધુ હોનહાર વિદ્યાર્થીઓએ ડૉક્ટર બનવાના સપના સાથે લોહી-પાણી એક કરીને સખત મહેનત કરી હતી. પરંતુ પેપર લીકના આંતરરાજ્ય માફિયાઓ અને કેન્દ્રમાં બેઠેલી સરકારની અણઘડ તેમજ નિષ્ફળ વહીવટી આયોજન નીતિના કારણે આ લાખો યુવાનોની મહેનત પર પાણી ફરી વળ્યું છે. આ ઘોર અન્યાય સામે અમે લડત ચાલુ રાખીશું.' આગામી શનિવાર એટલે કે તા. ૧૩ જૂન ૨૦૨૬ના રોજ યોજાનારી આ મશાલ રેલીને રાષ્ટ્રીય સ્તરેથી મોટું સમર્થન મળી રહ્યું છે. આ આંદોલનને વધુ વેગ આપવા માટે ભારતીય યુવા કોંગ્રેસ (IYC)ના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય ભાનુ ચિબ ખાસ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે અને તેઓ પોતે આ મશાલ રેલીમાં ઉપસ્થિત રહીને યુવાનોનું નેતૃત્વ કરશે.

## રૂ.3.60 કરોડના હીરાની ચોરીનો માસ્ટરમાઇન્ડ બનાસકાંઠાથી ઝડપાયો

**અમદાવાદ**

મુંબઈના પોશ વિસ્તાર ગણાતા બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC)માંથી કરોડો રૂપિયાના હીરાની ચોરી કરી ફરાર થઈ ગયેલા મુખ્ય સૂત્રધારને મુંબઈ પોલીસે ગુજરાતના બનાસકાંઠામાંથી ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી ચોરીના હીરા પણ રિકવર કરવામાં આવ્યા હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે.

મળતી માહિતી મુજબ, મુંબઈના ભોલેશ્વર કબુતરખાના વિસ્તારમાં રહેતા આરોપીએ બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સમાં આવેલી એક પ્રતિષ્ઠિત ઓફિસ કે પેઢીમાંથી રૂ. 3,60,48,683 (ત્રણ કરોડ સાઠ લાખથી વધુ)ની કિંમતના હીરાની લૂંટ ચલાવી હતી. આ આખી ચોરીનો તે મુખ્ય સૂત્રધાર (માસ્ટરમાઈન્ડ) હતો. ચોરીની આ મોટી ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી પોલીસ પકડથી બચવા માટે મુંબઈ છોડીને સીધો ગુજરાત ભાગી આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતા મુંબઈ પોલીસની સ્પેશિયલ ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના આધારે તપાસ તેજ કરી હતી. લોકેશન ટ્રેસ કરતા જાણવા મળ્યું હતું કે આરોપી ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં છુપાયેલો છે. જે બાદ મુંબઈ પોલીસે બનાસકાંઠામાં સ્થાનિક પોલીસની મદદથી વોચ ગોઠવીને આરોપીને દબોચી લીધો હતો.

## અનુભવનું સર્ટિફિકેટ લેવા આવેલા વૃદ્ધા પ્રત્યે અમદાવાદની IDP સ્કૂલના કર્મચારીની દાદાગીરી

### DEOએ સ્કૂલે પહોંચીને સ્ટાફને બરાબરનો ખખડાવ્યો : શાળાને નોટિસ અને સ્ટાફને છૂટો કરવા આદેશ

**અમદાવાદ**

શિક્ષણ જગતને શરમાવે અને વહીવટી તંત્રના હોદ્દાની મર્યાદા નેવે મૂકે તેવી એક ચોંકાવનારી ઘટના અમદાવાદની IDP સ્કૂલમાંથી સામે આવી છે. શાળામાં ફરજ બજાવતી એક શિક્ષિકા દ્વારા પૂર્વ કર્મચારી અને ત્યારબાદ ખુદ જિલ્લા શિક્ષણાધિકારી (DEO) ની ટીમ સાથે અત્યંત ઉદ્ધત અને અપમાનજનક વર્તન કરવામાં આવ્યું હોવાનો સળગતો મામલો પ્રકાશમાં આવ્યો છે, જેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ, શાળાના એક પૂર્વ શિક્ષક પોતાનો કાયદેસરનો એક્સપિરિયન્સ લેટર (અનુભવનું પ્રમાણપત્ર) લેવા માટે કેમ્પસમાં આવ્યા હતા. તે સમયે શાળાની આ ઉદ્ધત શિક્ષિકાએ માન-મર્યાદાના લીરેલીરા ઉડાડી તેમની સાથે ભારે ગેરવર્તણૂક કરી હતી અને અસભ્ય ભાષામાં જવાબો આપ્યા હતા. આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં જ શિક્ષણ વિભાગ એક્શનમાં આવ્યું હતું.





આ વાયરલ વીડિયોના આધારે જ્યારે અમદાવાદના જિલ્લા શિક્ષણાધિકારી (DEO) રોહિત ચૌધરી પોતાની ટીમ સાથે પરિસ્થિતિની ગંભીરતા સમજીને IDP સ્કૂલ ખાતે રૂબરૂ તપાસ કરવા પહોંચ્યા, ત્યારે આશ્ચર્યજનક રીતે તે શિક્ષિકાએ સરકારી અધિકારીઓની હાજરીનો પણ ડર રાખ્યો ન હતો. તપાસ કરવા આવેલી DEOની ટીમ અને અધિકારીઓ સાથે પણ તે શિક્ષિકાએ અત્યંત ઉદ્ધત વર્તન ચાલુ રાખ્યું હતું.

આ સમગ્ર હાઈડ્રામા અંગે અમદાવાદના DEO રોહિત ચૌધરીએ કડક શબ્દોમાં નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'જ્યારે અમે અમારી ટીમ સાથે શાળા કેમ્પસમાં તપાસ અર્થે આવ્યા, ત્યારે તે સ્ટાફ દ્વારા અમારી સાથે પણ અત્યંત ગેરવર્તણૂક કરવામાં આવી છે. વાયરલ થયેલા વીડિયો બાબતે વિભાગ દ્વારા સઘન તપાસ કરવામાં આવશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI